
કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ એકાવનમું • અંક પાંચમો

મે · ઓગણીસસો ચુંમોતેર







ચાર્લ્સ બ્રિગમૅન (જુઓ 'કલાવાર્તા')નાં ત્રણ એક્સ-રે ચિત્રો
મથાળે દરિયાઈ ઘોડો (સી હૉર્સ). વચ્ચે: ચૅમ્બર્ડ નૉટિલસ
ડાબી બાજુ: સ્ટારફિશ

તંત્રી : બચુભાઈ રાવત


સળંગ અંક ૬૦૫



તૃપ્તિ-સ્મિત

ભારતીય શિલ્પકળાનું એક વૈશિષ્ઠ્ય
સૌંદર્ય સાથે પાત્રના આંતરિક ભાવ પ્રકટ કરવામાં પણ છે.
મથુરાની આ ઉપરની માતૃમૂર્તિમાં
પોતાના બાળકને નીરખી રહેલી માતાની આંખ
અને હોઠ પરનું સ્મિત જુઓ—કે (જમણી બાજુ)
કાર્લાના એક દાતાયુગલમાંના પુરુષપાત્રનો ચહેરો જુઓ:
એકની આંખમાં પુત્રપ્રાપ્તિની તૃપ્તિ ને
હોઠ પર વાત્સલ્યનો પ્રેમમય મરકાટ છે
તો બીજામાં પોતે કરેલા સત્યકાર્યના સંતોષ
સાથે કાર્યસિદ્ધિનો આનંદ.
(બંને ફોટો પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ - મુંબાઈના સૌજન્યથી)





જીવનસંગીત ચિત્રકાર: નિરંજન દલાલ - જુઓ આ અંકની કલાવાર્તા (બ્લૉકો: કલાકારના સૌજન્યથી)

પત્ર મળતાં / રાજેન્દ્ર શાહ

• ગાન •

વેરાન વગડે ભડભડતે બપોર
ઝર્યું જરા જલ નભ ઝૂકી:
ફોરે ફોરે ધૂલિકણ ભળ્યાં ચારે કોર:
—ધરાની હથેલી મેંદીમૂકી!

ખરેલ પર્ણની ડાકલીનો કરી શોર
લૂ વીંઝી વહે જે વાયુ અંધ;
એ જ તે અચિંત હવે પલટાતે પ્હોર
વેરી રહે માટીની સુગંધ!

આતપક્લાન્ત અલસ કુટીર ભીતર,
સૂતું કોઇ તંદ્રિલ-નયન;
પાંપણમાં અવ કાલાતીત ચરાચર
પ્રભવંત સ્મૃતિનાં સ્વપન.

આ બધીયે, પ્રિય, રમ્ય પત્રદીધ પીડઃ
અક્ષરને મરોડે મરોડ તવ
ઝંકૃત લાવણ્ય તણી ભીડ.

ખાલીપો / કનુભાઈ જાની

• ગઝલ •

ભરી સીમમાં શેઢે શેઢે ફૂટેલો ખાલીપો,
ખેત ખેતની ખરલે ખરલે ઘૂંટેલો ખાલીપો.

પરોઢિયે આળસ મરડીને ટશરાતો ખાલીપો,
રાતો રાતો રેલાઈને રેળાતો ખાલીપો.

ભર બપ્પોરે શહેર વચાળે હિલ્લોળે ખાલીપો,
ઢળતી સાંજે ઘરે–આંગણે કિલ્લોલે ખાલીપો.

કાજળકાળી રાત ઓઢતો લંબાવે ખાલીપો,
જંપેલાં જળતળે સળવળી સોણાતો ખાલીપો.

સીમમારગે પૈયે પૈયે કાંકરતો ખાલીપો,
રેંઢાટાણે ભાત ભરીને ઝાંઝરતો ખાલીપો,

વળી સીમ ને વળી ઘેર, કેં હરફરતો ખાલીપો,
પુષ્પે, પર્ણે, તરણે, ઝરણે, મરમરતો ખાલીપો.

પણે પ્હાડની ટોચે આભે અડકંતો ખાલીપો,
અંધારાંનાં લીંપણ વચ્ચે ટમકંતો ખાલીપો.

ભોંયતળિયે ભાડૂતી ઓરડી

જગદીશ ત્રિવેદી

• વ્યસ્ત હરિગીત •

અસબાબને આ ઓરડીના સ્પર્શવાનું
સૂર્યને તો મન ઘણું;
એકકે ય પણ ના છિદ્ર કે છે તરડ,
બારણાં સંતાઇને એવાં ઊભાં છે જરઠ કે
સૂર્ય જેવા સૂર્યને પણ શોધતાં સાંસાં પડે!

શૂન્યતા થોડીઘણી ઓગાળવા
ઓરડીમાં આવવું છે પંખીને યે—
એક માળો ઝૂલવીને
ફૂલ ટહુકાનાં ખિલવવા મન ઘણું;
પણ પંખી કાજે બે ઘડી યે બેસવા
જગ્યા જ કયાં રહેવા દીધી છે ઓરડીમાં?

આભલાના એક તગતા અશ્રુને
સોડમાં વિરામવાનું મન ઘણું;
પણ કેટલી યે છત તળે ને કેટલાં યે જન તળે
હું ભોંયતળિયે છું સૂતો!

કવિ / યયાતિ

• વ્યસ્ત ઝૂલણા •

તું રાત્રિનું
કુમુદના ચિત્ત શું ધવલ એકાન્ત.

તું મૌનમાં પ્રકટતા
દ્રુત-ગતિ રાગ બીહાગનો
વિરલ-શો અન્ત.

તું દ્રુમપરે થિરકતી
ચાંદનીના ઉરે ધબકતી
સરલ કો' કામના શાન્ત.

તું કવવું ના શકય એ
સ્નેહના કવનને સ્પર્શતો
મૃદુલકર કાન્ત.

ને કાવ્યમાં તરલતો ભાવઉન્મેષ
ઉન્મેષનો ભાવ વિશ્રાન્ત તું.

◘ 'પત્ર મળતાં'—પ્રિયજનનો પત્ર મળતાં 'વેરાન વગડે ભડભડતા બપોર' જેવી જીવનસ્થિતિમાં નભ જરા ઝૂકી, જલ ઝરીને પહોરને પલટી નાખી માટીની સુગંધ વેરી રહે તેમ એ પત્રના અક્ષરે અક્ષરના જીવંત મરોડ લાવણ્યને ઝંકૃત કરી રહે છે (એમાં તપ્ત ધરા પર ધૂળમાં પડેલા જલ-કણથી રચાતી આકૃતિને 'ધરાની મેંદી મૂકેલી હથેલી' કહેતી કલ્પના જુઓ.) આ પત્રદીધી પીડ પણ, અંતમાં, પ્રિયજનને માટે રમ્ય બની રહે છે. ◘ 'ખાલીપો'—ખાલીપણું—મૂળ તો અભાવસૂચક છે; પણ અહીં આ કાવ્યમાં એ 'ભરી સીમમાં', 'શહેર વચાળે', 'ઘર-આંગણે', એમ વિવિધ સભરતામાં નાનાવિધ ક્રિયાપદો દ્વારા કાવ્યરમ્ય રીતે સૂચવ્યો છે. ખાલીપાની વેદનાનાં ભાવરંજિત રમ્ય ચિત્રોને લય-કેફમાં ઝુલાવતી રચના ◘ 'ભોંયતળિયે ભાડૂતી ઓરડી'—સ્થૂળ રીતે જોતાં ભોંયતળિયે રહેતા માનવીનો વસવાટ કદી સૂર્યપ્રકાશ, પંખી-ટહુકો કે તારોડિયાની ઝાંખી પામી શકતો નથી; પણ સૂક્ષ્મરીતે કાવ્યની વ્યંજના તો છે સદાને માટે નિમ્ન સ્તરમાં રહેલા માનવીની ઊર્ધ્વ સ્તરથી આવતા પ્રકાશ—પમરાટ—ટહુકાની ઝંખના. સાદાસીધા નિરૂપણમાં પણ વેદના અને ગૂઢતા કેવાં વ્યંજિત છે! ◘ 'કવિ'—કવિના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંને જુદાંજુદાં પ્રાકૃતિક ઉપમાનોથી બિરદાવતી રચના.

પ્રથમ વિશ્વયુદ્ધમાં રોકાએલી અંગ્રેજ સરકાર સામે હિંદી સૈન્યની સહાય

અભિનવ ભારત સંસ્થા સ્થાપી સાવરકરે સશસ્ત્ર ક્રાંતિનો પ્રચાર શરૂ કર્યો એ સમયની વાત છે. માત્ર ભારતમાં જ નહિ, પણ પરદેશોમાં વસતા યુવાનોનાં મનમાં આઝાદી ખાતર સર્વસ્વનું સમર્પણ કરવાની આકાંક્ષા જાગી. એવા યુવાનોમાં વિષ્ણુ ગણેશ પિંગળે હતા.

સાધારણ ગરીબ એવા કુટુંબમાં ૧૮૮૮ના જાન્યુઆરી મહિનામાં એમનો જન્મ. બાળપણમાં તબિયત સારી રહેતી નહિ, અને કુટુંબની દરિદ્રાવસ્થા. મનમાં મોટી આકાંક્ષાઓ તો ક્યાંથી જાગે? પિતા વૈરાગ્યશીલ. પૈસાને બહુ મહત્ત્વ આપે નહિ, અને ઘર તરફ પણ ખાસ ધ્યાન આપે નહિ. આ ઉદાસીનતાની મિત્રો ટીકા કરે તો કહેતા: 'શ્રી રામ મને આપશે એટલું હું ખાઈશ. હું ક્યાં કોઈની પાસે કંઈ માગવા જાઉં છું?' જીવનની સાદાઈ તરફ એમને નાનપણથી આકર્ષણ હતું. હમેશાં સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખતા, અને દેશના ઉદ્ધાર વિષે વિચારો કરતા. બાળક વિષ્ણુ હમેશાં માંદો રહે. એને અતિશય થાહતા. એવા પિતાની છાયામાં પુત્ર મોટો થતો હતો.

પુત્રની પ્રકૃતિ સુધરે એટલા ખાતર માતા બાધાઓ રાખતાં. ધીમેધીમે વિષ્ણુની તબિયત સુધરવા લાગી ત્યારે એમને લાગ્યું કે વર્ષોનું તપ ફળ્યું! છોકરાનું શરીર સુદૃઢ દેખાવા માંડયું અને એની આંખોમાં બુદ્ધિનું તેજ પ્રકટ થતું જણાયું. નિશાળમાં તેજસ્વી વિદ્યાર્થીઓમાં એની ગણના થતી. રમતગમતોમાં પણ એ એક્કો ગણાતો. શરૂઆતમાં વતન તળેગાંવમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી બાર વર્ષની ઉમરે એ આગળ અભ્યાસ માટે પૂના ગયો. સગાંવહાલાંથી દૂર, અને ગરીબ એટલે હાથે રાંધીને જમવાનું અને ભણવાનું. પિતા કોઈ વાર પરેશાન થઈ માથે ચડતાં દેવાંની વાત કરે ત્યારે વિષ્ણુ કહેતો: 'તમે ચિંતા ન કરશો. સાહસ કરી હું વિદ્યા મેળવી લાવીશ અને તમને ઋણમાંથી મુક્ત કરીશ!'

એ સમયની યંત્રવત્ શિક્ષણપદ્ધતિમાં વિષ્ણુને રસ પડયો નહિ. કંઈક નવું, જીવનને નવી દિશા બતાવે એવું શિક્ષણ એને જોઈતું હતું. બે વર્ષ પૂનામાં રહી એણે કોલ્હાપુરનો રસ્તો પકડયો. ત્યાં પ્રાધ્યાપક વિજાપુરકરે લોકમાન્ય ટિળક પાસેથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવી 'સમર્થ વિદ્યાલય'ની સ્થાપના કરી હતી. રાષ્ટ્રીય કેળવણી મેળવવાના હેતુથી વિષ્ણુ ત્યાં જોડાયો. થોડા જ સમય બાદ સ્થળાંતર કરી વિજાપુરકરે તળેગાંવ-દાભાડેમાં શાળાનું મકાન કરવાનો નિશ્ચય કર્યો. શાળા સ્વાવલંબનમાં માનતી. પાયો ખોદવાથી માંડીને છાપરા પર નળિયાં મૂકવા સુધીનાં બધાં કામ વિદ્યાર્થીઓએ જ કરવાનાં હતાં. કસરત ને મહેનતથી વિષ્ણુનું શરીર સુદૃઢ અને સુડોળ થયું.

સાવરકરે જગાવેલા આંદોલનથી અંગ્રેજ સરકાર ભડકી ઊઠી હતી. રાષ્ટ્રીય વૃત્તિની વ્યક્તિઓ અને સંસ્થાઓને કચરી નાખવાની પ્રવૃત્તિ એણે શરૂ કરી, અને ઈ. ૧૯૧૦માં એણે સમર્થ વિદ્યાલય બંધ કરાવ્યું. સરકારી રોષને લીધે શિક્ષણ બંધ થતાં વિષ્ણુને—મિત્રોમાં એ 'બાબુરાવ' ઉપનામથી ઓળખાતો—નોકરી શોધવી પડી. પણ ત્યાં સ્વદેશના ઉત્કર્ષ માટે શું થઈ શકવાનું હતું? સ્વદેશમાં વસ્તુઓનું ઉત્પાદન વધારવું જોઈએ. જાપાનમાં હાથસાળનો ધંધો એ વખતે સારો ચાલતો હતો. ભારતમાં એવો ધંધો શરૂ કરાય તો દેશહિત ચોક્કસ સાધી શકાય એવા વિચારથી પ્રેરિત થઈ એણે નિઝામના રાજ્યમાં અવશા ગામમાં સાળો નાખી.

પણ મનને સંતોષ રહેતો નહિ. યંત્રવિદ્યા ન શીખેલો એવો સાધારણ કારીગર દેશનો શું ઉદ્ધાર કરવાનો હતો? પોતે વિદ્યુત યંત્રવિશારદ અથવા મિકૅનિકલ વિશારદ બનવું જોઇએ. પણ રાષ્ટ્રીય શિક્ષણને વરેલા વિષ્ણુએ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા સુધ્ધાં આપી ન હતી. ઉચ્ચ શિક્ષણ મેળવવાનો એક જ માર્ગ એ સમયની પેઢી સામે હતો: અમેરિકા; કેમ કે ત્યાં દ્રવ્યાર્જન અને વિદ્યાર્જન એકીસાથે કરી શકાય છે. પણ ત્યાં જવા માટે પૈસા તો જોઇએ જ. સુખચેનનો ત્યાગ કરી અને પૂરી કરકસર કરી વિષ્ણુએ હજારેક રૂપિયા ભેગા કર્યા અને ઈ. ૧૯૧૧ના જૂનમાં પરદેશ જતાં પહેલાં વિદાય લેવા એ ઘેર આવ્યો. ઘરના લોકોને આશ્ચર્ય થયું કે દીકરો આમ અચાનક કેમ આવ્યો હશે? દીકરો બોલે તો ખબર પડે. દીકરો ય પાકો. પરદેશ જવાની રજા માતા-પિતા ન આપે તો? માટે મૌન સેવવું અને બધાંને મળી ઘેરથી પ્રસ્થાન કરવું! બે દિવસ ઘેર રહ્યો. માતા-પિતાને નમસ્કાર કર્યા અને બળદગાડીમાં બેઠો. મોટા ભાઈ પાદર સુધી વળાવવા ગયા. એમને ગાડીમાં બેઠાંબેઠાં વિષ્ણુએ કહ્યું: 'કોણ જાણે ક્યારે મળીશું! હું અમેરિકા જાઉં છું!' ભાઇને આઘાત લાગ્યો. વિષ્ણુને વિચાર બદલવાનું સમજાવતો એકાદ ગાઉ ગાડી સાથે ચાલતો ગયો. વિષ્ણુનો જવાબ એક જ: 'બા-બાપુજીને મારો આટલો જ સંદેશો: હું અમેરિકા જાઉં છું. ત્યાંથી કાગળ લખીશ!' સગાંઓને કાગળો લખાયા, પણ કશો અર્થ સર્યો નહિ. વિષ્ણુ છટકી ગયો હતો—છુપાતો-સંતાતો ગેરકાયદેસર માર્ગે નહિ, પણ પાસપોર્ટ મેળવી, 'તોસામારુ'નામની જાપાની સ્ટીમર દ્વારા એ ઊપડી ગયો હતો. લોકો જાણતા હતા કે છોકરો મોટો દેશાભિમાની છે. અંગ્રેજ સરકારને ખબર ન હતી કે એમને ભવિષ્યમાં હેરાન કરવાના હેતુથી એક ભાવનાપ્રધાન યુવક પરદેશ જઈ રહ્યો છે!

ઈ. ૧૯૧૧ના ઉત્તરાર્ધમાં પિંગળેએ અમેરિકામાં અભ્યાસ શરૂ કર્યો. પહેલું કામ મૅટ્રિકની પરીક્ષા. અંગ્રેજી, ચિત્રકલા, ગણિત અને વિજ્ઞાન વિષયો પસંદ કરી પરીક્ષા પાસ કરી. ત્યાં માત્ર પુસ્તકિયું જ્ઞાન મળતું ન હતું. જ્ઞાનનો ઉપયોગ કેમ કરવો એનું પ્રાત્યક્ષિક શિક્ષણ ત્યાં અપાતું. ઈ. ૧૯૧૩ના જૂનમાં વૉશિંગ્ટન યુનિવર્સિટી કૉલેજમાં પ્રવેશ મેળવવાની એણે તૈયારી કરી. મુખ્ય સવાલ દ્રવ્યનો હતો. ખર્ચ પરવડશે ખરું? સીઍટલ શહેરમાં એમણે મરઘાંની અને ગાયોની દેખભાળ રાખવાનું કામ કર્યું. બગીચાઓમાં મજૂરી કરી...કામ, કામ અને કામ. આરામ કરવાનો વિચાર સુધ્ધાં મનમાં ન આવવો જોઈએ. અઢી હજાર ડૉલર ભેગા કરાય તો જ શિક્ષણ પૂરું થાય. અને પૈસા ભેગા થશે એની ખાતરી તો કોઈ ન હતી! પણ પિંગળેએ લૉંગફેલો કવિની એક લીટી મનમાં સાચવી રાખી હતી: Learn to labour and to wait! કામ કરતાં અને રાહ જોતાં શીખો!


ઇચ્છાશક્તિ ભલે ખૂબ પ્રબળ હોય, પણ તેથી કંઈ માનવીનું શરીર અવિરત મહેનત કરી શકે છે ખરું? ઈ. ૧૯૧૩ના ફેબ્રુઆરીમાં પિંગળે સખત બીમાર પડયા. જીવન નિરુત્સાહી થઈ ગયું. તેમાં ૧૨મી ફેબ્રુઆરીએ ઘેરથી પત્ર આવ્યો. પિતાના મૃત્યુના એમાં સમાચાર હતા. પહેલું વાક્ય વાંચી એમણે પત્ર ટેબલ પર નાખી દીધો, અને છૂટથી આંસુ સાર્યાં. ભારત છોડતાં પહેલાં પિતાને કાંઈ વાત કરી ન હતી એ યાદ આવ્યું. લેણદારોથી અસહ્ય ત્રાસ પામી પિતા મૃત્યુ પામ્યા હતા. વિદ્યા મેળવી એમને સારા દિવસો દેખાડવાનું સપનું હવે ભાંગી ગયું હતું. પણ અભ્યાસ પૂરો કર્યે જ છૂટકો હતો. ઈ. ૧૯૧૩ના સપ્ટેમ્બરમાં એ વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ પૂરો કરવા માટે પાછા આવ્યા ત્યારે એમની મનોવૃત્તિ બદલાઈ ગઈ હતી. એમના સામાજિક અને રાજકીય વિચારો કઠોર અને બુદ્ધિનિષ્ઠ બન્યા હતા. પિતાનું મૃત્યુ થતાં દ્રવ્યાર્જન કરી સુખી થવાની ઇચ્છા મરી ગઈ હતી. દેશોદ્ધારનો મંત્ર બાળપણમાં શીખ્યા હતા. દેશસેવા માટે બુદ્ધિ અને શરીર સરસ રીતે તૈયાર કર્યાં હતાં. દેશને ચરણે બધું ધરી આત્મસમર્પણ કરવાનું હતું ને તેમ કરવાની તક એમની સામે આવી.

ભારતની આઝાદીનું અહર્નિશ રટણ કરતા તેમજ અંગ્રેજી રાજ તરફ તિરસ્કારની લાગણી સેવતા અને ઇંગ્લૅંડ અને અન્ય યુરોપીય દેશોમાં

સાથે ઇ. ૧૮૫૭ના જેવી ક્રાંતિના સ્વપ્નશિલ્પી અને એ માટે પકડાઇ ગયા પછી બેધડક પોતાની બગાવતનો એકરાર કરી હસતે મોંએ ફાંસીએ ચડી જનાર સ્વાવલંબી પુરુષાર્થી

વિષ્ણુ ગણેશ પિંગળે

લેખક
પ્રો. વસંત જોષી



▷ યુવાન પિંગળે

વસતા યુવાન ક્રાંતિકારકોએ સાવરકરની એ વાતનો સ્વીકાર કર્યો હતો કે સશસ્ત્ર ક્રાંતિથી જ ભારત આઝાદી મેળવી શકશે. સાવરકરના એક સહકારી લાલા હરદયાળ ઑક્સફર્ડના સ્નાતક હતા. કુશળ લેખક અને પ્રભાવી વક્તા હતા. એમણે ઇંગ્લૅંડ અને અમેરિકામાં વ્યાખ્યાનો આપી, ભારતમાં સશસ્ત્રક્રાંતિની હાકલ પડે ત્યારેસહકારઆપવા લોકોને આહ્વાન કર્યું. સૈનિકો બળવો પોકારે તો ક્રાંતિ સહેલાઈથી થઈ શકે એવી જાતની શ્રદ્ધા ક્રાંતિકારીઓ ધરાવતા હતા.

ઈ. ૧૯૧૪નું વર્ષ ઊગ્યું અને યુદ્ધના ભણકારા સંભળાવા માંડયા. લાલા હરદયાળે મોટાં અમેરિકન શહેરોમાં ભાષણો કરી હજારો હિંદુ અને શીખ ભાઇઓને ભારત પાછા આવી ક્રાંતિયુદ્ધમાં પોતાનો ફાળો આપવા ઉશ્કેર્યા. લડાઈ જાહેર થવાની છે એવી જર્મનો તરફથી પૂર્વસૂચના એમને મળી ગઈ હતી. ચોથી ઑગસ્ટે લડાઈ જાહેર થઈ કે તરત જ એમણે પોતાના 'ગદ્દાર' વર્તમાનપત્રમાં સશસ્ત્ર ક્રાંતિની હિમાયત કરતા લેખો લખ્યા. આ સમયે પિંગળે હરદયાળના સંપર્કમાં આવ્યા અને ભારતીય લશ્કરને સમજાવી ક્રાંતિ તરફ વાળવા માટે નિમાએલા વિભાગના એ પ્રમુખ ચૂંટાયા. આપણે જાગ્રત થવું અને લોકોને જગાડવા! આપણે જાગીશું નહિ તો આપણાં નાનાં ભાઈભાંડુ ગુલામીમાં રહેશે! એમની ગુલામગીરીનું કારણ આપણે બનીશું! આપણો જન્મારો ગુલામીમાં ગયો પણ એ લોકોનો ન જવો જોઇએ! આવા વિચાર સાથે એ ભારત આવવા ઊપડયા. પણ પોતાના વિચારોમાં થએલા આ પરિવર્તનની જાણ સરખી યે એમણે કુટુંબીજનોને કરી ન હતી.

ત્યારે કૅનૅડાની સરકારે દેશમાં નવા આવતા ભારતીયો પર પ્રતિબંધ મૂકયો હતો. તેનો સામનો કરવા બાબા ગુરુદત્તસિંગની આગેવાની હેઠળ હજારો શીખોએ વૅનકૂવર બંદરમાં લડત આપી. આ લડતમાં પિંગળેએ ભાગ લીધો. આખરે કૅનૅડાની સરકારના બળ સામે શીખોને નમતું પડયું. અને જે 'કોમાગાતા મારુ' સ્ટીમરમાં તેઓ કૅનૅડા ગયા હતા તેમાં જ પ્રક્ષુબ્ધ ક્રાંતિકારકો તરીકે ભારત આવવાનો શીખોએ નિર્ણય કર્યો. બ્રિટિશ સરકારે એમને જરા ય મદદ કરી ન હતી. ક્રાંતિકારકોનો ગુસ્સો હવે મર્યાદા વટાવી ગયો હતો. કૅનૅડામાં જવા માટે એમણે સર્વસ્વ હોમી દીધું હતું. પણ સરકારે એમને માટે શું કર્યું હતું? 'કોમાગાતા મારુ'માં બ્રિટિશ સરકારનો વિરોધ કરતાં જહાલ ભાષણો કરવામાં આવ્યાં, દારૂગોળો અને શસ્ત્રો લઈ સ્ટીમર ઊપડી. 'સત શ્રી અકાલ'ની ગર્જનાથી આકાશ કંપી ઊઠતું. ભારતમાંથી પરદેશી લશ્કર યુદ્ધ માટે ખસેડવામાં આવ્યું હતું એટલે પિંગળે અને હરદયાળે ક્રાંતિયુદ્ધની આવી કંઈક યોજના ઘડી હતી: ભારતીય લશ્કરમાં અંગ્રેજો સામે અસંતોષ ફેલાવવો; ક્રાંતિનો ઉઠાવ થાય કે તરત જ બધા અંગ્રેજો ને રાજનિષ્ઠ ભારતીયોનાં ખૂન કરવાં; ક્રાંતિનો વાવટો ઠેરઠેર લહેરાવવો; જેલોમાંથી દેશભક્તોને છોડી દેવાના; સરકારી ખજાના અને પૈસાદાર લોકોને લૂટવા; યુવાનોમાં ક્રાંતિ વિષે પ્રચાર કરવો; વિદ્રોહી સાહિત્યનો પ્રચાર કરવો; અંગ્રેજોના દુશ્મનો સાથે મિત્રતા કેળવવી; હથિયારો અને બૉમ્બોનો સંગ્રહ કરવો; રેલવેના પાટા અને ટેલિગ્રાફના તારની ભાંગફોડ કરવી વગેરે.

કૅનૅડાથી પાસિફિક પાર કરી હૉંગકૉંગ, સિંગાપુર ને શાંઘાઈ થઇને આવતી આ સ્ટીમરની ગંધ સરકારને આવી ગઈ. પંજાબના ગવર્નર સર માઇકેલ ઑડવાયરે ધરપકડ, જડતી, નજરકેદ વગેરે ઉપાયો કાયદેસર બનાવી દીધા. જેવા ક્રાંતિકારકો કલકત્તા બંદરે ઊતર્યા તેવો જ એમને કાયદો અને વ્યવસ્થાના રક્ષકો સાથે સામનો કરવો પડયો. ઝપાઝપી થઈ. ઘણા પલાયન થઈ ગયા; પણ કેટલાક ઝડપાયા એમને પંજાબમાં સ્થાનબદ્ધ કરવામાં આવ્યા. સપ્ટેમ્બર ૧૯૧૪માં 'કોમાગાતા મારુ' ભારત પહોંચી અને ઑક્ટોબરથી 'તોસામારુ' જેવી સ્ટીમરોમાં અમેરિકામાંથી સેંકડો શીખો ભારતમાં ક્રાંતિ કરવાના હેતુથી ઊતરી પડયા. પિંગળે 'સલામિસ' સ્ટીમરમાં ૧૯૧૪માં જ ઊતર્યા. મુસાફરી દરમિયાન સ્ટીમર જે જે બંદરે થોભી ત્યાં ત્યાં એમણે જ્વલંત ભાષણો કર્યાં હતાં.

'...કોઈ પણ જ્ઞાતિ, પંથ કે વ્યક્તિનો દ્વેષ કરીને આ સ્વાર્થપરાયણ આકાંક્ષા મનમાં રાખીને મેં કંઇ પણ કર્યું નથી. ભારતનું સ્વાતંત્ર્ય એ એક જ મારું અંતિમ ઈપ્સિત છે.'

સ્વદેશનો ઉદ્ધાર કરવાના વિચારથી પ્રેરાએલા અને પિતાને સારા દિવસો દેખાડવાની આકાંક્ષા સેવી અમેરિકા ગએલા પિંગળે હવે ભારતમાં ક્રાંતિનો ઉઠાવ લઈ દેશમાં પાછા આવ્યા હતા. આવી મોટી જવાબદારી માટે હરદયાળે શું જોઈને એમને પસંદ કર્યા હશે? એક મરાઠી લેખક લખે છે: 'સશસ્ત્ર ઉઠાવનું નેતૃત્વ લેવાની પૂરી યોગ્યતા પિંગળેમાં હતી. તેમનું શરીર તગડું અને ઘણું સહન કરી શકે એવું હતું. રંગે તેઓ અત્યંત ઊજળા હતા. એમની મુદ્રા તેજસ્વી હતી અને વાણી મીઠી હતી. ઊંચાઈ પાંચ ફીટ ચાર ઈંચ જેટલી જ હતી, પણ એમનું કર્તૃત્વ એનાથી સોગણું ઊંચું હતું! સ્વતંત્રતા વિશે એ જ્યારે બોલતા ત્યારે એમની પ્રમાણમાં ઝીણી પણ તદ્દન કાળી તેજસ્વી આંખો અદ્ભુતરીતે ચમકતી અને એમના શ્રોતાઓ આઝાદી ખાતર આત્માર્પણ કરવા તૈયાર થતા! પરતંત્રતાનો ઉલ્લેખ થતાંની સાથે એમનો તીખો સ્વભાવ સ્પષ્ટ થતો.' મરાઠી, અંગ્રેજી, પંજાબી, ઉર્દૂ, હિંદી ને બંગાળી ભાષાઓ પર એમનામાં અસાધારણ પ્રભુત્વ હતું. એક વેશમાં તેઓ ઝાઝો વખત ફરતા નહિ, વેશ બદલે તેમ નામ બદલતા જાય, અને કોઈ એમને બંગાળી ગણે, તો કોઈ પંજાબી તરીકે ઓળખે! આજે શામલાલ તો કાલે કોઈ રાવ. એમના પર મુકદ્દમો ચાલ્યો ત્યારે માફીના સાક્ષીઓએ આ રીતે એમનું વર્ણન કર્યું હતું. હાથમાં 'ગદ્દર સંદેશ'ની નકલો, અને બૉંબ, અને હોઠમાં સ્વતંત્રતા વિષેના દાહક શબ્દો રાખી એ ભારતમાં ગુપ્ત રીતે ભમ્યા. એ રખડપટ્ટી દરમિયાન એમને રાસ-બિહારી ઘોષ સાથે મુલાકાત થઈ, An astute but daring Mahratta Brahmin of Poona એવા શબ્દોમાં એમનું વર્ણન થતું. રાસબિહારીએ એમનું નેતૃત્વ સ્વીકાર્યું અને સહકારી ગુપ્તચરોએ કહ્યું કે આ બે જણા કાવતરાના પ્રણેતા બન્યા.

નવેમ્બર ૧૯૧૪ થી જ પંજાબમાં ક્રાંતિનો જુવાળ દેખાયો. મોધા,

છબા ને ફિરોઝપુરમાં ક્રાંતિકારોએ પૈસા મેળવવા લૂંટો કરી. વિદ્યાર્થીઓ અને થાણાદારો 'ગદર સંદેશ'ના પ્રચારમાં ભળ્યા. સરકારે જાપ્તો રાખી નેતાઓને પકડવાના પ્રયાસો શરૂ કર્યા. એમને વિષે માહિતી આપે અથવા એમને પકડે-પકડાવે એવાને સરકાર તરફથી ઈનામ જાહેર થયાં. રાસબિહારી અને પિંગળેએ ઝંઝાવાતી પ્રચાર ચાલુ રાખ્યો. લાહોર, અમૃતસર, લુધિયાણા, જાલંધર, નવીનશહર, અંબાલા, કપુરથલા તેમજ પંજાબ-સંયુક્ત પ્રાંત-બંગાળનાં અન્ય કેન્દ્રોમાં ક્રાંતિકારોને રૂબરૂ મળી પિંગળેએ સૈનિકોને તેમજ લોકોને સમજાવ્યા. અને લૉર્ડ હાર્ડિંજ પર નાખેલા બૉંબ જેવા બૉંબ બનાવતાં શીખનાર બંગાળી યુવાનો સાથે પરિચય કરાવવાનું પંજાબી ક્રાંતિકારોને વચન આપ્યું. પરિણામે રાસબિહારી 'સતીશચંદ્ર' નામ ધારણ કરી એ લોકોને મળ્યા અને એ જ નામથી પંજાબ અને સંયુક્ત પ્રાંતોમાં ફર્યા.

એ નવેમ્બર માસમાં જ રાસબિહારીને કાશીમાં બંગાલી તોલા વિભાગમાં આશ્રય લેવો પડયો. બૉંબ ફાટતાં ૧૮મીએ એમના હાથની એક આંગળી ઊડી ગઈ. રાતના બધા મિત્રો ભેગા થતા. એક વાર બધા મળ્યા હતા ત્યાં પિંગળેએ જાહેરાત કરી: 'બળવો કરવા અમેરિકાથી ચાર હજાર સ્વયંસેવક સૈનિકો આવી ગયા છે, અને બળવો પોકારીશું કે તરત જ બીજા વીસ હજાર અમેરિકાથી આવશે. પંદર હજાર કલકત્તામાં બેઠા હાકલની રાહ જુએ છે.' તા. ૧૮મી ડિસેંબરે લશ્કરને ફિતુર કરવા પિંગળે મેરઠ જવા ઊપડયા. પછીના મહિનામાં રાસબિહારી ઘોષે બધા નેતાઓને ચર્ચા માટે બોલાવ્યા અને ફેબ્રુઆરીમાં સશસ્ત્ર ક્રાંતિ કરવાનો નિર્ણય જાહેર કરી. દેશ ખાતર કુરબાની કરવા સજ્જ રહેવા એમને આદેશ આપ્યો. પિંગળે અને રાસબિહારી લાહોર જાય, અને પ્રિયાનાથ વારાણસી જાય એવી યોજના હતી. ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં બન્ને લાહોર ગયા. રાસબિહારી પંદર દિવસ ત્યાં રહ્યા. શામલાલ નામ ધારણ કરી પિંગળે કર્તારસિંગ અને બીજાઓ સાથે ૩જી તારીખે મેરઠ ગયા. ત્યાં લશ્કરી લોકો સાથે પાકું કરી આગ્રા, કાનપુર, અલ્લાહાબાદ અને વારાણસીમાં બળવાની તૈયારી તપાસી પાછા અમૃતસર આવ્યા. પછી રાસબિહારી સાથે કલકત્તા જઈ આવ્યા. પંજાબી વેશ અને નામનો ત્યાગ કરી પિંગળેએ હવે બંગાળી નામ અને વેશ ધારણ કર્યાં!

ભારતીય લશ્કરને પહેલી માર્ચે યુરોપ મોકલવાનો નિર્ણય સરકારે લીધો હતો. તે તારીખ પહેલાં અહીં બળવો કરી દેવાનો કાર્યક્રમ રચવાનો હતો. બૉંબ અને હથિયાર તૈયાર હતાં. લાલ પીળો અને લીલો, એમ હિંદુ, શીખ અને મુસલમાન ધર્મોનું પ્રતિનિધિત્વ કરતા રંગોનો ત્રિરંગી ધ્વજ રાસબિહારીએ તૈયાર કર્યો હતો. યુદ્ધઘોષણા લખી કાઢવામાં આવી હતી. રેલવેના પાટા અને તારના થાંભલા ઉખેડી નાખવાની તૈયારી કરવામાં આવી હતી. અંગ્રેજો યુરોપમાં લડતા હતા. લોકોના સહકારથી એમને ચોક્કસ હરાવીશું એવી પિંગળે અને રાસબિહારીની મનીષા હતી. ૧૮૫૭ પછી દેશમાં પ્રચંડ જાગ્રતિ આવી છે એવું લાગતું હતું. ૨૧મી ફેબ્રુઆરીએ ભભૂકો થવાનો હતો.

પણ કમનસીબે ક્રાંતિકારોમાં કૃપાલસિંગ નામે એક દગાબાજ ઘૂસ્યો હતો. પોતે ક્રાંતિકારક છે એમ એ બતાવતો, પણ વસ્તુતઃ એ સરકારનો ગુપ્તચર હતો. એણે પોલીસના વડા લિયાકખાનને ૨૧મી વિષે માહિતી આપી દીધી હોવાનો શક રાસબિહારીને આવ્યો, એટલે એમણે ૧૯મીએ બળવો કરવાનું નક્કી કર્યું. ૧૮મીએ રાતના ક્રાંતિકારકો છેલ્લી ચર્ચા-સૂચનાઓ માટે ભેગા થયા. પણ ફિતુરી કૃપાલસિંગે પોતાની ફરજ અદા કરી હતી. મોરી ગેટ પાસેના એક મકાનમાં ક્રાંતિકારકો મળ્યા એવા જ સશસ્ત્ર પોલીસે એમના પર છાપો માર્યો. ઘણા પકડાયા. રાસબિહારી અને પિંગળે ચાલાકીથી છટકી ગયા. પોલીસને એ સ્થાન પર કારતૂસો, કાનસો, વિદ્રોહી સાહિત્ય, ખંજરો, સ્વાતંત્ર્ય-ધ્વજ, રાસબિહારીના હસ્તાક્ષરમાં લખેલી બળવાની યોજના એવું ઘણું મળ્યું. ઠેરઠેર જડતીઓ શરૂ થઈ અને બૉંબ, હથિયારો અને કાવતરાખોરો પકડાયા.

અમેરિકાથી પાછા આવી પોતે કેવા કાર્યમાં પરોવાયા છે એની જાણ પિંગળેએ ઘરના લોકોને કરી ન હતી. તપાસ કરવા પોલીસના માણસો એમને ઘેર આંટા મારવા લાગ્યા ત્યારે જ એમને જાણ થઈ કે ખતરો માથે ઓઢી ભાઈ પાછો આવ્યો હતો. પણ એને મળાશે એવાં કોઈ ચિહ્ન દેખાતાં નહોતાં!

રાસબિહારી અને પિંગળે લાહોરથી આમ પરાજિત થઈને નાઠા ખરા, પણ એમનો ઉત્સાહ અદમ્ય હતો. એમણે નવા મોરચાની યોજના તૈયાર કરી. રાસબિહારીએ આપેલા ભયંકર વિનાશ સર્જી શકે એવા અઢાર બૉંબ એક ટ્રંકમાં ભરી લઈ પિંગળે ફરી મેરઠ આવ્યા. અને ત્યાં ઘોડેસવાર પલટનમાં બળવાની યોજના અજમાવવા લાગ્યા. જ્યારે લાગ્યું કે સૈનિકો તૈયાર થયા છે ત્યારે એમણે રાસબિહારીને કાગળમાં લખ્યું: 'બળવાની યોજના મેં પૂરી કરી દીધી છે. ઘોડેસવાર પલટન બળવા માટે સિદ્ધ છે. એક અફઘાન દફેદાર મારી પાસેથી બધા બૉંબ લઈ ગયો છે. પણ રાસબિહારીને દફેદાર વિષે વિશ્વાસ બેઠો નહિ. ત્યાં ન જવા એમણે પિંગળેને વિનંતી કરી, પણ પિંગળે માન્યા નહિ. ૨૩મી માર્ચે એ પાછા છાવણીમાં ગયા. પેલા નીચ દફેદારે બધું કારસ્થાન ગોઠવી રાખ્યું હતું. મેરઠના આસિસ્ટંટ પોલીસ વડા વિલ્કિન્સન અને છાવણીના વડા સૈનિક અધિકારી કર્નલ હંફ્રેએ છાવણીમાં જ પિંગળેને ગિરફતાર કર્યા. જે રૂમમાં એમને પકડવામાં આવ્યા એની જડતીમાં પોલીસને અઢાર મોટા બૉંબ, બૉંબ કૅપ્સ, ગનકૉટન, બૉંબ બનાવવાની વસ્તુઓ, પિંગળેના હસ્તાક્ષરમાં લખેલી બૉંબ બનાવવાની પદ્ધતિ એવું ઘણું મળ્યું. રાસબિહારી લખે છે: 'પિંગળે મને ફરી મળવાના નથી એમ મેં જાણ્યું હોત તો લાખ વિનંતી કરીને મેં એમને જતાં રોક્યા હોત. એ સશક્ત, ગોરો મરાઠા યુવક 'સૈનિક તરીકે મારી ફરજ હું સમજું છું' એમ હમેશાં કહેતો. તેના શબ્દો હજી યે મારા કાનમાં ગુંજે છે. એની વિશાળ બુદ્ધિનો પરિચય કરાવતી એની તેજસ્વી આંખોનું મને કોઈ દિવસ વિસ્મરણ નહિ થાય.'

પિંગળે પકડાયા એટલે સરકારના હરખનો કોઈ પાર રહ્યો નહિ. પિંગળે કદી અસત્ય બોલતા નથી, એ સો ટકા પ્રામાણિક માણસ છે એવી સરકારમાં એમને વિષે છાપ હતી. એમની પાસેથી કાવતરાને લગતી માહિતી મેળવવા સરકારે નિષ્ફળ ફાંફાં માર્યાં. પોતાને લગતી પૂરી માહિતી પિંગળે આપતા પણ એ આપતાં બીજા કોઈનું નામ અંદર સંડોવતા નહિ. પોતાના સાથીઓને એ કહેતા: 'આપણે સરકારનો અપરાધ કર્યો છે જ તો એ સ્વીકારવામાં વાંધો શો હોઈ શકે? થાય તે સજા આપણે આનંદથી સ્વીકારવી જોઇએ.' એમના સાથીદારોને આ બહાદુરીનો અર્થ સમજાતો ન હતો. એમને આમાં પિંગળેની કાયરતા દેખાઈ. રામરતન કરીને એક સાથીદાર માફીનો સાક્ષી બન્યો. એક વાર એણે કહ્યું: 'પિંગળે જેવા મોટા માણસે ગુનાનો એકરાર કર્યો. તો મારા જેવા આલતુફાલતુ માણસે એમ કર્યું એમાં શી નવાઈ?' પણ રામરતન એટલું ભૂલી ગયો કે એકરાર કરી પિંગળેએ મૃત્યુને આવકાર આપ્યો, ત્યારે એણે જાન બચાવવા ફિતુરીનો રાજસાક્ષી થવાનો માર્ગ અપનાવ્યો!

એપ્રિલના છેલ્લા સપ્તાહમાં ન્યાયાલયમાં કેસ શરૂ થયો. આરોપીઓની સંખ્યા ૮૧ હતી. ૬૨ ન્યાયાસન સામે ઊભા હતા. ઑગસ્ટ ૧૯૧૫ સુધી કેસ ચાલ્યો. બાવીસને ફાંસીની સજા ફરમાવવામાં આવી. એમાંથી છ ફાંસીને માંચડે ચડયા. ચાળીસને કાળાપાણીની સજા થઈ. પિંગળેએ વકીલ રાખ્યો ન હતો. સરકારે આપવા ધારેલો વકીલ એમણે સ્વીકાર્યો નહિ. કાવતરાના મુખ્ય સૂત્રધાર પિંગળે હતા એવી દલીલો સરકારી પક્ષે કરી અને પુરાવા રજૂ કર્યા. માફીના તેમજ બીજા સાક્ષીઓએ પોતાની જુબાનીઓમાં કેટલુંક સાચું, કેટલુંક જૂઠું કહી પોતાની

ભારતમાં આજે સર્વત્ર મળતા ભીંડા મૂળ આફ્રિકાના વતની ગણાય છે. ગરમ ઋતુનો પાક હોઈ હિમથી-ઠંડીથી તેના પર માઠી અસર થાય છે, અને સતત ઠંડીનો ચમકારો રહે તો તેનો પાક બગડે છે.

ભીંડા બધી જાતની જમીનમાં થાય છે, પણ ભરભરી ને સારી ખતરાએલી-ખાતર નાખેલી-જમીનમાં એ વધુ સારા થાય છે. ભીંડાનો છોડ લગભગ ચાર-પાંચ ફૂટ જેટલો ઊંચો સીધો ઊગે છે. તેના છોડને પત્રવૃન્ત આગળ ફૂલો આવીને દરેક ફૂલમાં ભીંડો આવે છે. વરસાદની શરૂઆતમાં અને શિયાળામાં માહ માસમાં એમ વરસમાં બે વખત ભીંડા વવાય છે. જેઠ-અષાડનું વાવેતર ભાદરવા-આસો સુધીમાં અને માહ માસનું ચૈત્ર-જેઠ સુધીમાં ફળે છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં ભીંડાને શિયાળુ પાક તરીકે પણ વાવવામાં આવે છે. પરંતુ ચોમાસુ તેને વધુ અનુકૂળ આવે છે. ભાદરવામાં ભીંડા ખૂબ ફાલે છે.

ભીંડાની અનેક જાતો થાય છે. આગોતર અને પાછોતર એવી પણ જાતો હોય છે. વળી છ ધારી ને આઠ ધારી એવા ભેદ પણ છે. એક જાતના ભીંડા ઉપર રુવાટી થાય છે. ભીંડા બેઠા પછી દર બીજે કે ત્રીજે દિવસે તેને ચાલુ ઉતારી લેવાય છે. કેટલે દિવસે ઉતારી લેવા તેનો આધાર જાત ને ઋતુ પર રહે છે. કૂંણા હોય ત્યારે ઉતારી ન લેવાય તો તેની માઠી અસર તેના છોડ ને ભીંડા પર પડે છે.

ભીંડાનું શાક પૌષ્ટિક અને ઉત્તમ પથ્યકર ગણાય છે. રુવાટીવાળા બરછટ ભીંડા કરતાં કુમળા, સુંવાળા ભીંડા વધુ ગુણકારી છે. કૂંણા ભીંડા શાક માટે વપરાય છે. ભીંડાનો સૂપ (સેરવો) અને નરમ શાક વગેરે પણ લોકપ્રિય વાનગીઓ છે. શાક ઉપરાંત ભીંડાની વડી વગેરે અનેક પદાર્થો બને છે. ભીંડાની કઢી અને રાયતું પણ સ્વાદિષ્ટ બને છે. ઘરડા ભીંડા શાક માટે નકામા છે.

ભીંડામાં પ્રોટીન, કૅલ્શ્યમ, મૅગ્નેશ્યમ, ફૉસ્ફરસ, પોટાશ્યમ, ગંધક, સોડિયમ અને લોહ હોય છે તથા તાંબું હોય છે. ભીંડામાં વિટામિન 'એ' અને 'સી' હોય છે. પાકા-સૂકા ભીંડામાંથી કાળાં કે બદામી રંગનાં સફેદ આંખવાળાં બી નીકળે છે. તે બીને શેકીને કેટલીક વાર કૉફીની જગ્યાએ વાપરવામાં આવે છે. ભીંડાના પ્રકાંડમાંથી રેસા કાઢવામાં આવે છે. કાગળ ઉદ્યોગ માટે ભીંડા ઉપયોગી છે. ભીંડાની અંદરનો ચીકણો રસ રંગમાં નાખવાના કામમાં આવે છે. 'ભિંડીતક' અને 'ચતુષ્પદ' એ ભીંડાનાં સંસ્કૃત નામો છે.

ભીંડા ખાટા, ગ્રાહી, વાયુ અને કફ કરનાર તથા પૌષ્ટિક છે. એ વીર્ય વધારનાર-વૃષ્ય અને રુચિ ઉત્પન્ન કરનાર છે.

ખાંસી, મંદાગ્નિ ને વાયુવાળાએ ભીંડાનો ઉપયોગ ન કરવો જોઇએ.

રોજ સવારે માફક આવે તેટલા વીસથી પચીસ કૂંણા ભીંડા ખાવાથી ધાતુપુષ્ટિ થઈ શક્તિ આવે છે.

ભીંડાનાં મૂળ સાકર સાથે ખાવાથી આમવાતમાં ફાયદો કરે છે.

ભીંડાનાં તાજાં બી વાટી સાકર નાખી પીવાથી પ્રમેહની બળતરા ઓછી થાય છે.

માધવ મો. ચૌધરી

જાન બચાવવા, પિંગળેને બને તેટલી ખરાબ રીતે વર્ણવવાનો પ્રયત્ન કર્યો. બારમી જૂને આરોપીઓનાં વક્તવ્યો શરૂ થયાં. પિંગળેનો ક્રમાંક ૨૩મો હતો. સોળમી જૂને લાહોરના મધ્યવર્તી કારાગૃહના ન્યાયાલયમાં એમણે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. એમાં માફીની યાચના ન હતી. ફાંસીની સજા અટળ હતી. સત્ય કહેવાથી નુકસાન શું થવાનું હતું? 'એક મરાઠા'નું વક્તવ્ય સત્યપૂર્ણ હતું. બધા આરોપોનો એકરાર કરી એમણે નિશ્ચિત ફાંસીને વધુ નિશ્ચિત બનાવી! અને વક્તવ્ય પૂરું કરતાં કહ્યું:

'માતૃભૂમિને સ્વતંત્ર કરવી એ મારી એક જ ઇચ્છા હતી. મેં જે કંઈ કર્યું છે એ બધું એક જ ઉદ્દેશથી કર્યું છે. કોઈ પણ જ્ઞાતિનો, પંથનો કે વ્યક્તિનો દ્વેષ કરીને અથવા સ્વાર્થપરાયણ આકાંક્ષા મનમાં રાખીને મેં કંઈ પણ કર્યું નથી! ભારતનું સ્વાતંત્ર્ય એ જ મારું અંતિમ ઇપ્સિત છે... જે પવિત્ર કાર્ય ખાતર અમારા પ્રાણનું અમે બલિદાન કરીએ છીએ, તે કાર્ય તું પૂર્ણ કર એટલી જ મારી પ્રભુ પાસે છેલ્લી પ્રાર્થના છે!'

ચૌદમી સપ્ટેમ્બરે ન્યાયાધીશોનો નિર્ણય આવ્યો. પિંગળે ને ભાઈ પરમાનંદ સહિત બાવીસ આરોપીઓને ફાંસી આપવામાં આવી. દેશ-માટે સર્વસ્વનો ભોગ આપવાની પિંગળેની આકાંક્ષા આમ પૂરી થવા આવી હતી. દેશનો જયજયકાર કરી સસ્મિત મુખે બધાએ સજાને આવકારી. પિંગળેએ આટલું ઉમેર્યું: 'So, that's all?-બસ એટલું જ?'

ફાંસીની સજા પામેલો અપરાધી દેશના સર્વોચ્ચ અધિકારી પાસે ક્ષમાયાચના કરે એવો સાધારણ રિવાજ હોય છે; કંઈ નહિ તો એના કેસ વિષે પુનઃ વિચારણા થાય એવી અપીલ એ કરે એવી અપેક્ષા હોય છે. પિંગળેએ એવું કંઈ પણ કરવાનો ઈન્કાર કર્યો. લોકમાન્ય ટિળકે અને તાત્યાસાહેબ કેળકરે પિંગળેના ભાઇને માફીની અરજી લખાવી. પરિણામ ધાર્યું જ આવ્યું. ભાઈ પરમાનંદને સરકારે માફી આપી, પણ પિંગળેની બાબતમાં સરકાર પોતાના નિર્ણયમાં કશોય ફેરફાર કરવા માગતી ન હતી.

સોળમી નવેમ્બર ૧૯૧૫ ને મંગળવારે પિંગળેને ફાંસી આપવાનો નિર્ણય લેવાયો. આગલે દિવસે એક અધિકારીએ એમને કહ્યું: 'શક્ય હતું તેટલા દિવસ અમે તમને જીવતા રાખ્યા.' પિંગળેએ જવાબ આપ્યો: 'તમે ભૂલ કરી. તમે મને મોટો અન્યાય કર્યો. મારી પહેલાંના શહીદોને લાગ્યું હશે કે મેં એમની સોબત છોડી દીધી છે અને તેમનો મારામાં હતો એ વિશ્વાસ વિચલિત થયો હશે. અને બીજું; મેં આગળ જઈ સ્વર્ગમાં મારા મિત્રોને આવકારવાની વ્યવસ્થા કરી હોત. એ આનંદથી ય તમે મને વંચિત રાખ્યો!'

આ જ નીડર અવસ્થામાં પિંગળે જીવનની છેલ્લી પળ સુધી રહ્યા. વધસ્તંભ તરફ જવા એમને પરોઢિયે જગાડવામાં આવ્યા. ત્યારે કોઈ સુખપ્રદ મુસાફરીએ નીકળતા હોય એવી સ્વસ્થતાથી ચાલતા પિંગળેને જોઈ અધિકારીઓ આશ્ચર્યચકિત થયા. છેલ્લી ઇચ્છા શી છે એવું એમને પૂછવામાં આવ્યું ત્યારે 'મારી હાથકડીઓ કૃપા કરી કાઢી નાખો જેથી બે હાથ જોડી પ્રભુની પ્રાર્થના કરી શકું' એવો એમણે જવાબ આપ્યો. વિનંતી માન્ય કરવામાં આવી. પુનઃ એક વાર એમણે પ્રભુને પ્રાર્થના કરી જે કાર્ય માટે આ બલિદાન કરવામાં આવતું હતું તે પૂર્ણ કરવાની કૃપા કરજો. પછી ફાંસીને માંચડે ચડયા. એમણે ગરદન ફાંસીના ગાળિયામાં પરોવી. બરાબર છ વાગ્યે જલ્લાદે નીચેનું પાટિયું ખસેડયું અને ભારતના સ્વાતંત્ર્યયજ્ઞમાં એક યુવાન ક્રાંતિકારકનું બલિદાન પૂરું થયું.

મૃત્યુ સાથે વેર ખલાસ થાય છે એવું રામાયણમાં આવે છે. પિંગળેના શિકારી અને પંજાબના ગવર્નર સર માઈકલ ઑડવાયરે પિંગળેના મૃત્યુ પછી કહ્યું: '...પોતાનો જીવ હોમતાં જરા યે અચકાયા નહિ. પોતાને ફરમાવવામાં આવેલી સજા ન્યાય્ય છે એમ એમણે સ્વીકાર્યું અને મરદની જેમ મૃત્યુને ભેટયા!' □

હરિઃ ૐ આશ્રમ તરફનું
એપ્રિલ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ડેવિડ બેન-ગુરિયન'ના લેખક
પ્રો. ધીરુભાઈ પરીખને મળે છે.

અઢાર તરી ચોપન

શ્રી શરદેન્દુ વંદ્યોપાધ્યાયની એક વાર્તા
અનુવાદક • નીરુ મેઘાણી

આજે સાઠ વર્ષની ઉમરે મેં કવિતા લખી. આધ્યાત્મિક નહિ—રસપૂર્ણ કવિતા!

જો કે આમ તો મારી કવિતા કોઈ વાંચતું પણ નથી. છાપાંમાં તંત્રીઓ છાપવા પણ તૈયાર નથી. અને એટલે તો મેં કવિતા લખવાનું માંડી વાળેલું. ફક્ત વાર્તાઓ જ લખું છું, એટલે આજે એકાએક કવિતા લખવાનું કેમ સૂઝ્યું એ વિષે થોડી કેફિયત રજૂ કરવી પણ જરૂરી છે.

કાલે સવારે ચશ્માં ચડાવીને લખવા બેઠો હતો, ત્યાં દરવાજામાં કોઈક આવ્યાનો અણસારો લાગ્યો. નજર ઊંચી કરીને જોયું તો સામે કોઈક સ્ત્રી ઊભી છે. નજર માંડતાં જ અપલક નયને જોઈ જ રહ્યો.

સત્તર–અઢાર વર્ષની એક છોકરી. વિશેષ વર્ણનની જરૂર નથી લાગતી. દેખાવે સુંદર, સ્વસ્થ ને સુનયના એટલું જ કહેવું પૂરતું થશે. હાવભાવમાં એક પ્રકારની સાહજિક અલ્લડતા. પણ હું તેને નિષ્પલક જોઈ રહ્યો હતો તેનું કારણ તેની સરળ-મધુર સુંદરતા નહિ, કંઈક બીજું જ હતું.

'આવી શકું કે?' એણે પૂછ્યું. 'આવો.'

મારા ટેબલ પાસે આવીને તે ઊભી રહી. મેં ફરી ક્ષણેક વાર માટે તેની સામે જોયું, અને પૂછ્યું: 'કેમ, શું કામ પડ્યું?'

થોડુંક શરમાતાં એ બોલી: 'તમે લખવા બેઠેલા અને મેં તમને ડિસ્ટર્બ કર્યા, ખરું ને?' લખવાનું બાજુ પર ખસેડતાં મેં કહ્યું: 'એ તો ઠીક હવે; પણ તારું નામ શું?'

'મારું નામ મલ્લી મિત્ર. મારાં બા-બાપુ સાથે દેશમાં ફરવા આવી છું. અહીં હજુ ત્રણચાર દિવસ રહેવાની છું. તમે અહીં જ રહો છો એમ જાણ્યું એટલે નીકળતાં પહેલાં તમારું સરનામું મેળવી લીધું.'

મને તેની પરીક્ષા કરવાનું મન થયું. 'બેસને! તું બેથુન કૉલેજમાં ભણે છે ને? મારે એક વાર બેથુન કૉલેજમાં જવાનું થએલું. ઘણી વિદ્યાર્થિનીઓને મળવાનું થએલું. લાગે છે કે તું પણ તેઓમાંથી જ એક છે.'

'ના, ના, હું તો ગોખલેમાં ભણું છું, તમે મને અગાઉ ક્યારે ય નથી મળ્યા.' ફરી વાર એક ક્ષણ માટે હું એના ચહેરા સામે તાકી રહ્યો.

'અચ્છા, એ વાત જવા દે. પણ મારા જેવા બુઢ્ઢાને જોવા તો તું નથી જ આવી એ વાત તો જાણે ચોક્કસ જ. તારે કામ શું છે?'

પર્સમાંથી પાકા પૂંઠાની ઑટૉગ્રાફ બુક કાઢી મારી સામે મૂકતાં એ બોલી: 'મારી ઑટૉગ્રાફ બુકમાં તમારા હસ્તાક્ષર નથી.'

પાનાં આગળ–પાછળ ઊથલાવીને જોયું. કેટલીક જાણીતી વિખ્યાત વ્યક્તિઓના હસ્તાક્ષરો હતા. પેન ઉપાડી મારું નામ લખવા જતો હતો ત્યાં મલ્લીએ કહ્યું : 'કંઈક લખી નહિ આપો?'

પેન બાજુએ મૂકી થોડી વાર વિચાર્યું. અંતે કહ્યું: 'તું કાલ બપોરે ફરી એક વાર આવી શકે ખરી?' એણે કહ્યું: 'આવીશ.'

મેં કહ્યું: 'અચ્છા, હું કંઈક લખી રાખીશ. અને જો, કાલ જ્યારે આવે ને, ત્યારે તારા આ અંબોડામાં બેલફૂલની વેણી બાંધીને આવજે.'

એ કેટલી યે ક્ષણો સુધી મારી સામે જોઈ જ રહી. કદાચ વિચારતી હશે, લેખકત્વ અને ગાંડપણમાં ખાસ કશો-ફેર નથી. પછી થોડુંક હસી, નીચું જોઈ ચાલતી થઈ.

એની ઑટૉગ્રાફ બુક ફેરવતાં ફેરવતાં કેટલી યે વાર સુધી વિચારતો રહ્યો. કેટલા ય હિસાબ-તાળા મેળવ્યા. અઢારમાં અઢાર ઉમેરીએ તો છત્રીસ. એમાં બીજા અઢાર ઉમેરીએ તો ચોપન. બરાબર પકડાયું. મલ્લી ...વાસન્તી... મિત્ર... બસુ... ગોત્રાન્તર... નાની... પછી કવિતા લખી:

તોમારે હેરિયાછિનુ એક દિન કુંકુમ અરુનિત સંધ્યાય
સ્મરણ-સરણી ધરી આજિ સે-દિન પાને મન ધાય:
તોમાર નયને છિલ પલ્લવ છાયા કરા સ્વપ્ન-મદિર સુખતન્દ્રા
કબરી ધરિયા સખિ ફૂટિયા ઉઠિયાછિલ મલ્લીમુકુલ મધુગન્ધા.*

પણ કવિતા હવે લંબાવવી નથી; કદાચ વાચકોનો પિત્તો જાય!

આજે સૂર્યાસ્ત વેળાએ મલ્લી આવી. એની વેણીનાં મોગરાનાં ફૂલ એક પછી એક ખરવા લાગ્યાં હતાં. કહ્યું: 'બેસ.'

મલ્લી બેઠી. ઉત્સુક નજરે મારી તરફ જોઈ રહી. મેં કહ્યું: 'આ લે તારી ઑટૉગ્રાફ બુક. કવિતા લખી આપી છે. અત્યારે ન વાંચતી. ઘેર જઇને વાંચજે.' એણે જતનપૂર્વક બુક પર્સમાં મૂકી.

પછી મેં કહ્યું: 'તું કાલે કહેતી હતી કે મેં તને અગાઉ ક્યારે ય જોઈ નથી; પણ એ વાત સાચી નથી. મેં તને અગાઉ જોઈ છે.'

આનંદમિશ્રિત ઉત્સુકતાથી એ બોલી: 'જોઇ છે? ક્યારે? ક્યાં?' મેં કહ્યું: 'ત્યાં—જ્યાં નિર્જન રણમાં થઈ ને એક નાનકડી નદી વહી જતી હતી. પશ્ચિમના આકાશમાં સૂર્યાસ્તની રંગભરી પિચકારીઓ ઊડી રહી હતી—બસ ત્યાં જ, ત્યાં જ મેં તને જોઈ હતી. તને નથી યાદ આવતું?'

મલ્લી સ્વપ્નિલ આંખે મારી તરફ જોઈ રહેતાં બોલી: 'ના, મને તો કંઈ યાદ નથી આવતું. ક્યારે?—કેટલા વખત પહેલાં?'

મનોમન ગણતરી તો કરી જ રાખી હતી. છતાં ગણતરી કરવાનો ઢોંગ કરી હું બોલ્યો: 'ચાલીસ વર્ષ પહેલાં.'

વિસ્મયથી મલ્લીની આંખો ફાટી રહી. પછી ખડખડાટ હસી પડતાં એ બોલી: 'ચાલીસ વર્ષ પહેલાં?! હું પોતે જ હજુ અઢાર વર્ષની છું.'

મેં કહ્યું: 'હા, એ હશે. ચાલીસ વર્ષ પહેલાં પણ તું અઢાર વર્ષની હતી. ત્યારે તારું નામ હતું વાસન્તી.' ચકિત થઈ જતાં એ બોલી: 'વાસન્તી? પણ વાસન્તી તો મારાં—' 'નાનીમાનું નામ.'

હોઠ મરોડતાં એ મારી તરફ જોઈ રહી: 'હા, પણ તમને કેવી રીતે ખબર પડી?' જવાબ ન આપ્યો. કહ્યું: 'મારે માટે તારું નામ મલ્લી નહિ વાસન્તી. કાલે તને જોતાં જ ઓળખી પાડી હતી!'

'તમે મારાં નાનીમાને ઓળખતા હતા?'

ત્યાર પછી એની સાથે એવી ઘણીય વાતો થઈ. પણ એ બધું અહીં લખવાની કંઈ જરૂર મથી. વાર્તામાં વંશાવલિ-વિજ્ઞાન ઇચ્છનીય ન ગણાય.

છેલ્લે મેં પૂછ્યું: 'તારી નાનીમા મજામાં છે ને?' મલ્લીની આંખો છલકાઈ ગઈ. એ બોલી: 'નાનીમા તો બે વર્ષ પહેલાં ગુજરી ગયાં.'

કેટલીય ક્ષણો સુધી બોલી ન શકયો. પછી બોલ્યો: 'ના, તારી નાની જીવે છે; સદા સદાને માટે જીવશે. તારી દૌહિત્રીની ઉમર જ્યારે અઢાર વર્ષની થશે ત્યારે પણ અમે જીવતાં હોઈશું. કોણ કહે છે કે એ દિવસે હું નહિ હોઉં?...અચ્છા, આજે હવે તું જા; ફરી ક્યારેક મળશું.'

જોવાનાં ચશ્મા ઉતારીને વાંચવાનાં પહેરી લીધાં. વાર્તાઓ લખવી પડશે હવે. કવિતા લખવાના દિવસો ગયા. □

---

* દીઠી'તી તે દિન તને રંગભરી સાંજે
ભુલ્યું ભુલાય ના એ સ્મરણું,
સ્મરણોની કેડીએ આજે યે તે દિનને
સખી ઓરો ઓરો બહુ ઝંખું.
તે દિન તુજ આંખ કેરી પાંપણની પછીતે
દીઠી'તી સોણલાંની સોનેરી તંદ્રા,
મહેકતી'તી અંબોડે તારે વેણી મોગરાની
મહેંક મહેંક વેરે મધુગંધા.

બાલેના દેશમાં-૩

બૉલ્શૉય થીએટર અને 'નટ ક્રેકર' બેલે

સુનીલ કોઠારી


ક્રેમલિન પૅલેસ થીએટર બૉલ્શૉયથી ય મોટું; પરંતુ બૉલ્શૉય તે બૉલ્શૉય. તેની ભવ્યતાની તોલે બીજાં ઓછાં થીએટરો આવે. અહીં બધું જ બૉલ્શૉય—મોટા પાયા પર. ત્રણ હજાર જેટલાં માણસો અહીં કામ કરે. ૩૦૦ તો ગાનારાં, ૨૫૦થી ય વધુ નર્તકો, ૨૫૦ વાદ્યવાદકો, ૧૦૦ પેન્ટોમાઈમ કલાકારો, ૧૦૦ ઉપરાંત સેટ ડિઝાઈનરો, નૃત્ય સંકલનકાર-કોરીઓગ્રાફર, સુપરવાઈઝર, ટૅકનિશ્યનો અને વિશેષજ્ઞો વગેરેમાં ૧૯૦૦ જણાં. જુદાં આ યે પાછાં પોતપોતાના ક્ષેત્રના શ્રેષ્ઠ નિષ્ણાતો. આ તો ત્યાં કામ કરનારાઓની વાત થઈ. હવે બૉલ્શૉયના નાડી ધબકાર, રંગરોગાન, રૂપસજ્જા, પરદા-ઝાલર, રૈનક-ભભક માયાવી સૃષ્ટિ ઘડનાર વગેરે તત્ત્વોનો તાગ લઈએ. થીએટરની પાસે જ બધી વર્કશૉપ એક ચાર મજલાવાળા મકાનમાં. ત્યાં આ થીએટર માટે જરૂરી તમામ સાધનોનું ઉત્પાદન થાય. જેમ કે બૉલ્શૉય નૃત્ય વખતે પગમાં પહેરવાનાં ખાસ પ્રકારનાં બૅલે શૂ. એ બૉલ્શૉય બૅલે જેટલાં જ વિખ્યાત અને પશ્ચિમના દેશોમાં તેની ભારે બોલબાલા અને માગ. બાલે ઓપેરામાં વેશભૂષા માટે જરૂરી વિવિધ કેશરચના વાળી 'વિગ' તો જોઇએ જ. તો તે બનાવનારા બાવીસ સ્પેશ્યાલિસ્ટો. બૉલ્શૉય કંપનીની પોતાની માલિકીમાં ૨૦,૦૦૦ પોશાકોનો સંગ્રહ છે અને નવા નિતનવા જોઇએ તે વણવા-ગૂંથવા-સીવવા માટે પાછી કારીગર બાઇઓ-સીમસ્ટ્રેસીઝ પણ ખરી. અહીં નવા સેટ પણ બંધાય અને વાજિંત્રો દુરસ્ત થાય.

થીએટરમાં ૨૧૫૩ બેઠકો. કહે છે કે યુરોપભરનાં મોટાં ઓપેરાહાઉસોમાં બૉલ્શૉયની ગણના થાય છે. રંગમંચ એવડો વિશાળ કે કલ્પના જ આવે નહિ. જેટલું મોટું થીએટર તેટલા જ કદનો બલ્કે છ મીટર વધુ મોટો રંગમંચ. એટલે ધારો કે આપણો 'લાલારૂખ' યાને 'લાહોર કા ગુલાબ' અથવા 'પ્રિન્સ આઇગોર'નો બાલે જોઇએ છીએ તેમાં ધમાચકડી ને ધમસાણ મચે. એક દશ્યમાં તો ત્રણ ત્રણ અશ્વારોહીઓ એકસાથે છલાંગ મારતા આ પારથી પેલે પાર જતા બતાવાય છે. તે ય આપણને આ બૉલશૉયના તખ્તા પર સ્વાભાવિક લાગે તેટલું વિશાળ રંગમંચનું કદ.

હવે આ રંગમંચ નીચેની કરામતો ય જુઓ. ત્યાં વરાળ માટેના પાઇપોની જટાજાળ. તેમાં સ્ટેઈજ પર ૧૧૧ બિંદુઓમાંથી ગમે ત્યારે વરાળ છોડી શકાય અને પલભરમાં રંગમંચ પર ધુમ્મસ, વાદળાં કે વરાળ છવાઈ જાય. એટલું તો પરફેક્ટ એ લાગે કે માળા આ જાદુગરો ક્યાં કળ ચાંપ દાબતા હશે તેની કશી જ ગતાગમ ન પડે. વળી અહીંની પ્રકાશયોજનાઓએ તો યુરોપભરમાં ડંકો વગાડયો છે. આંખ મિચકારો એટલામાં તો રાત પૂરી થાય ને ઊગતા સૂરજનાં કિરણોનો કુમળો પ્રકાશ આનંદવિભોર કરી મૂકે. રાત્રે આભલામાં તારા ટમટમે તો ક્યારેક રૂપેરી ચાંદની પથરાય. ઘડીભરમાં સર્વનાશી પ્રલયકારી તોફાન-વંટોળ તો બીજી પળે અજબ શાંતિ ને પ્રકૃતિની રમ્ય લીલા. આ બધું રીમોટ-કન્ટ્રોલથી થાય. ક્લોઝ સર્કીટનાં પચ્ચીસ પચ્ચીસ ટેલિવિઝન રીસીવરમાં નજર ખોડીને દૂર ક્યાંક બેઠેલા ટૅકનિશ્યનો પૂરેપૂરી સ્વસ્થતાથી મીનમેખ ફેરફાર, ચૂક, ભૂલ કે છબરડા વગર આવી અવનવી લીલા રચ્યા કરે. સ્વાભાવિક જ છે કે આ બધું જાણતાં 'ઓહો' થઈ આવે! રશિયાની સરકારની ય પૂરેપૂરી મદદ અને બૉલ્શૉયમાં કામ કરનારાઓની નિષ્ઠા, ભક્તિ, બાલે ઓપેરા માટેનો પ્યાર અને લીધાં કામ પાર પાડવાની દઢતા. ત્યાં કોઈ રીસાતાં-મનાતાં, માંદાં પડતાં, ખેલ જોવામાં ગુલતાન થતાં પડદો પાડવાનું ભૂલી જતાં, ઝોકાં ખાઈ જતાં એવું બધું નહિ બનતું હોય? પણ હું તે આ રશિયાની વાત કરું છું કે મુંબાઈ-વડોદરા અમદાવાદની?

આજની આ જાહોજલાલી પાછળની નાની શી એક વાત નોંધીને પછી બાલે જોઇએ. ઈ. સ. ૧૭૭૬માં બંધાએલું આ થીએટર ત્યારે તો કેવળ લાકડાની ઇમારત. ત્યારે તેમાં આવી બધી માયાજાળ નહિ. ખેલકૂદ થાય. એક રાજકુમાર પ્રિન્સ ઉરોસોવ તેનો સ્થાપક. તેના ઉરમાં કળા માટે ભરપૂર પ્રેમ. થવા કાળ તે ઈ. ૧૭૮૦માં લાગી આગ અને ઉરોસોવને ભારે ફટકો પડયો. એને થીએટર વેચી દેવું પડયું. તે એક અંગ્રેજ નામે માઇકેલ મૅડૉક્સે એ લીધું. હવે આ ભાઈ માઇકેલ મૅડૉક્સને પોતાનું આ થીએટર દુનિયાભરમાં ડંકો વગાડે તેવી હોંશ. એટલે તેણે તો અનેક ફેરફારો કરીને એની એવી તો દઢ પ્રણાલિ પાડી કે બૉલ્શૉયની વાહવાહ થવા લાગી. તે સદીમાં રાજવી ઝારની રાજધાની સૅંટ પીટર્સબર્ગ કહેતાં આજનું લેનિનગ્રાડ. ત્યાં ય ઇમ્પીરીઅલ-રાજદરબારમાં ઠાઠઠેરાવાળાં બાલે ને મૉસ્કોની હોડમાં ઊતરે તેવી હરીફાઇઓ. પરીણામે ત્યારથી માંડીને તે આજ દિન લગી રશિયામાં બે પંથ, બે ફિરકા, બે પ્રણાલિ ચાલી. એક લેનિનગ્રાડની કિરોવ શૈલી ને બીજી મૉસ્કોની બૉલ્શૉય શૈલી. હવે તો કિરોવ વિશ્વસંમાન્ય શૈલી ગણાય છે, તો ય બૉલ્શૉય જોયા વિના કોઇને ય ચેન પડે નહિ.

બૉલ્શૉય કંપનીમાં બધાં કળાકારો મૉસ્કો કોરીઓગ્રાફિકસ્કૂલમાંથી આવે. કેટલાંક લેનિનગ્રાડથી ય આવે. આમ ઑફિશ્યલી એ સ્કૂલ બૉલ્શૉયની ગણાય નહિ, પરંતુ વાસ્તવમાં તેનું કેન્દ્ર બૉલ્શૉય જ. તેમાં ૬૦૦ તો વિદ્યાર્થીઓ, ૩૦ બાલે શિક્ષક-શિક્ષિકાએ. દરેક ખાલી પડતી જગ્યા માટે ૨૦ તો ઉમેદવારો, એટલે બાર હજાર અરજીઓમાંથી માત્ર છસ્સોને લેવાનાં. તે પરથી કેવાં ઊંચાં ધોરણો હશે તેને અંદાજ આવશે. તેની વધુ વાત લેનિનગ્રાડ જઈશું ત્યારે કરીશું. આનું નામ પ્રણાલિ જાળવવાની સમગ્ર રાષ્ટ્રની સભાનતા. સહેજે સરખામણી થઈ જાય તો માફ કરશો. આપણે ત્યાં છાશવારે નવી સ્કૂલો ઊઘડે. અમારી બેબીને 'ડૅન્સ' શીખવા મૂકવી છે. પછી બેબીની રુચિ, લાયકાત, ગમો-અણગમો, આવડત, રસ હોય કે ન હોય. ધોરણ તે વળી કેવાં? એટલે ચાર-છ મહિના જાય ને પછી ધબડકો! અહીં તો પ્રવેશ જ મળે નહિ ને! દાક્તરી તપાસ થાય, માબાપનો મેડિકલ હિસ્ટરી પણ તપાસે, જેથી બાળક મોટું થાય તો તેનામાં જોમ કૌવત કેવાં રહેશે તેનો અંદાજ મળે. મામામાશી, કાકાકાકી કશી લાગવગ ચાલે નહિ, પછી શી નવાઈ? દુનિયા આખી આ



બૉલ્શૉય થીએટર

કળાકારોની શક્તિને બિરદાવે.

અહીં કામ કરે તે કલાકારોને લોકો અજબગજબ લાડ લડાવે. છેતાળીસને આરે પહોંચેલી માયા પ્લીસેત્સ્કાયા દુનિયાભરમાં શ્રેષ્ઠ બાલેરિના 'પ્રાઈમા બૅલેરિના' ગણાય. આ વર્ગવિહીન સમાજમાં ય તે બાઈ 'ઍરિસ્ટોક્રૅટ'. તેની પાસે ડ્રાઈવર સહિતની મોટરકાર, રહેવાને ઉમદા ફ્લૅટ, કન્ટ્રીસાઈડમાં અલગ નિવાસસ્થાન. ગાલીના ઊલાનોવા પછી વિશ્વ-વિખ્યાત કોઈ નર્તકીને રશિયાએ આટલાં લાડ લડાવ્યાં નથી. આ સિવાયનાં બીજાં કળાકારોને પણ ઘણાં માનઅકરામ. બૉલ્શૉયનું પોતાનું દવાખાનું, રજા માણવાના હૉલીડે કૅમ્પ, રહેવા માટેના ફ્લૅટ્સ ને તે ય પાછા મૉસ્કો નદીને તીરે, મૉસ્કો શહેરની વચાળ ગગનચુંબી ઈમારતો—સ્કાઈ-સ્કૅપરમાં. એ રંગમંચ પર નાનીશી પણ ભૂમિકા કરવા મળે તો જીવતર ધન્ય થયું ગણાય. એને કાજે તપશ્ચર્યા, તિતિક્ષા અને કઠોર સાધના માટે સમસ્ત રાષ્ટ્રે અને પ્રજાજનોએ જે ધોરણો પ્રણાલિરૂપે વર્ષોથી ઘડયાં છે તે કપરી કસોટીમાં બૉલ્શૉયના કલાકારો કયારેય ઊણા ઊતર્યા નથી. પરિણામે આજે બાલે માટે દુનિયા આખી રશિયા તરફ આંખ માંડે તે સ્વાભાવિક છે. નૃત્યમાત્રમાં રસ હોય તેને મન તો આ હરદ્વાર–કાશી, મક્કા ને મદીના. ત્યાં આંટો માર્યા વિના જીવતરમાં અધૂરપ લાગે.

એવા આ તીર્થધામ સમા રંગભવનમાં પહેલી જ રાત્રે ચૅકોવસ્કીની સુરાવલિઓ હૃદયતંત્રને ઝણઝણાવવા લાગી ત્યારે રોમાંચ થઈ આવ્યા. પરદો ઊઘડતાં જ હૈયું આંખમાં આવી બેઠું. બાલે હતો 'નટ-ક્રૅકર'. ફ્રેંચમાં નામ 'કાસ્નવાસેત'. પરીકથા જેવી વાત. મૂળ કથાનક 'ટેઈલ્સ ઑવ હૉફમૅન'માંથી ધૂમાએ આ વાત લખેલી : 'ધ નટક્રૅકર ઍન્ડ ધ કિંગ ઑવ માઈસ'—નટક્રૅકર અને મૂષકોનો રાજા. આ બાલે બાળકોમાં પણ હવે તો એટલું પ્રિય થઈ પડયું છે કે પહેલ પરથમ ૧૮૯૨ની પાંચમી ડિસેમ્બરે લેનિનગ્રાડના મારિન્સ્કી થીએટરમાં ભજવાયું ત્યાર પછી હાલ ઠેઠ ન્યૂયૉર્કમાં નાતાલ–ક્રિસ્ટમસને ટાણે સતત મહિનોમાસ ભજવાય છે.

પરદો ઊઘડતાં જ નજરે ચડે છે કલારા કુમારીનું મોટું સજ્જધજ્જ નિવાસ–સ્થાન. તેમાં ક્રિસ્ટમસ ટ્રીની આસપાસ બધી ભેટસોગાદો છે. મિજબાની ચાલે છે. કલારાનાં માતા-પિતાએ મહેમાનોને નિમંત્ર્યાં છે. બધાં ગાય-કૂદે-નાચે છે. ત્યાં આવે છે ડ્રોસેલમેઅર. તે કલારા માટે ચાવીથી ચાલતાં ચાર રમકડાંની ભેટ લાવે છે. તેમાં એક રમકડું નટક્રૅકર નામે સોલ્જરનું છે. ઓહો! તેને ચાવી આપો તો આમ સલામભરે ને બંદૂક તાણે ને 'એટેન્શન' કરે અને 'જૈસે થે' કરે; કવાયત કરે ને કૂચકદમ કરે. વાહ, ભાઈ વાહ! તે જોઈ કલારા કુમારીના ભાઈ ફ્રાંઝ કુંવર જિદ્દ લઈ બેઠા. કહે: 'મને આ જોઈએ જ જોઈએ!' આપણાં કલારા કુમારીનું મોં પડી ગયું. ફ્રાંઝભાઈએ તો નટક્રૅકર સોલ્જરને ઝૂંટવી લઈ નાખ્યો સોફા પર, ને પડી રાત. પણ કલારા કુમારીને કેમેય ગોઠે નહિ, નિંદર આવે નહિ. રાત્રે બધાં જંપી ગયાં ત્યારે તેણે મીણબત્તી સળગાવી ગુપચુપ પેલા સોફા પાસે જઈ જોયું તો ભારેની લડાઈ દીઠી!

નટક્રૅકર અને ઊંદરડાઓના રાજા વચ્ચે ચાલે યુદ્ધ! આ નટક્રૅકર તો ભારેનો સૈનિક! મજાનો રૂપાળો અને હિંમતવાન. ઊંદરોના રાજાની સેનાને એ તો એવો હંફાવે! કલારા પણ ખુશખુશ. પછી પોતે પોતાની મોજડી કાઢી ઊંદરોના રાજાને એવી તો ફટકારે કે જા...ય પેલો નાઠો!

નટક્રૅકરની આંખોમાં કૃતજ્ઞતા સાથે પ્રેમની સરવાણી. શરમાઈને કલારા નીચું જોઈ ગઈ. પછી આંખો ઊંચી કરી જોયું તો નટક્રૅકર તો સુંદર રાજકુમાર. બન્ને પડયાં પ્રેમમાં. રાજકુમાર કહે: 'ચાલ તને મીઠાઈ મેવા મિષ્ટાન્નની નગરીમાં લઈ જાઉં!' બન્ને ઊપડયાં. શિયાળાની ઋતુ. બરફની વર્ષાનું તોફાને ય ખરું. પણ એક નાનકડી હોડીમાં બેય સહી-સલામત મિષ્ટાન્ન નગરીમાં આવી પહોંચ્યાં.

અહીં તો ઉત્સવ ચાલે. સ્યુગરપ્લુમ—મિસરી–સાકરની પરી નૃત્યો કરે. તેની સખી પરીઓએ આ બન્નેને વધાવ્યાં, પછી તો બધાં ભાત-ભાતનાં નૃત્યો ચાલ્યાં. ચીનનાં, અરબસ્તાનનાં ને ભારતનાં ય! વાહ! શો રંગમેળો જામ્યો છે! અંતે પરીઓની રાણીએ પણ રાજકુમાર જોડે યુગ્મનર્તન કર્યું ને ચારે બાજુ આનંદ મંગળ પ્રવર્ત્યાં! આપણી કલારા-કુમારી આમ સુખસ્વપ્નની રસ-સમાધિમાં ડૂબ્યાં!

આવડી અમથી વાત. પરંતુ બૉલ્શૉયનાં કલાકારોએ તે બહેલાવી, તેમાં રંગત આણી, ભભક ઉમેરી, અવનવી નૃત્ય-સંકલનાના રંગો પૂર્યા. બાલેમાં સીનસીનેરી, પરદા, સેટિંગ્સ, ચિત્રકળા, પોશાકો અને પ્રકાશ-યોજનાનું એટલું જ મહત્ત્વ જેટલું નૃત્યનું. આગળ જોયું તેમ બૉલ્શૉયના રંગમંચ પર હીમવર્ષા, જળપ્રપાત, તોફાન, વંટોળ કે પ્રકૃતિની રમ્ય શાંત લીલા બધું સહજ રીતે બતાવવાની સગવડો અને કસબ છે. આ બાલેનાં સ્નોફૉલ—બરફની આછી આછી વર્ષા—નાં દશ્યો ભૂલ્યાં ભુલાય નહિ તેવાં મનોરમ. ઓહો! રૂપેરી ધવલ શુભ્ર સ્નોની સુકોમળ વર્ષા! ક્રિસ્ટમસ વેળાના યુરોપ–રશિયાના વાતાવરણની મોહ પમાડે તેવી જમાવટ! પ્રકાશયોજનાની કમાલ! ચૅકોવસ્કીના સંગીત વિષે લખીશું તો તો ગ્રંથ થશે. પણ તે સુરાવલિઓ, લાગણીતંત્રને ઝણઝણાવે તેવા સ્પંદન જગવતા સૂરો, અને કેળવાએલું કસબી નર્તકોનું વૃંદ. એક દશ્યમાં ભારતીય નૃત્યોને આધારે કૃષ્ણ-રાધાનું યુગ્મ નર્તન! બધું બાલે ઢબે, પણ જીવંત, રસપૂર્ણ, જકડી રાખે તેવું. ટેકનિકમાં ક્ષતિરહિત ને ટીમ-વર્કમાં આદર્શ.

નટક્રૅકર કંઈ રશિયન બાલે સૃષ્ટિનું પ્રતિનિધિ સર્જન નથી. તે માટે તો 'ધ સ્લીપિંગ બ્યૂટી' અને 'સ્વાન લેઈક' જોવા જોઈએ. તે આપણે આગળ ઉપર જોઈશું.

આપણે ત્યાં theatre of imagination, ધ્વનિ, સંકેત વગેરે પર ભાર દેવાય છે. ઓછાં ઉપસ્કરોથી, સૂચનમાત્રથી, ઈંગિત દ્વારા ભાવ સૂચવવાની સૂક્ષ્મતા આપણાં નૃત્યોએ સિદ્ધ કરી છે. પણ આવા વિશાળ ફલક પર આપણે ત્યાં બાલે કે પૅશન પ્લેના બંધ, ઘાટ, સ્વરૂપ, ફૉર્મ ખીલ્યાં નથી. અહીં શો–મૅનશિપ પર પણ ભાર દેવાય છે, પણ વિશેષ તો ટીમ–વર્ક. અને અન્ય કળાઓનો પણ કલાત્મક વિનિયોગ બાલેના સ્વરૂપને નિત્ય-નૂતન તત્ત્વથી મઢે છે. આપણાં નૃત્યો નૃત્યનાટય સ્વરૂપો બાદ કરતાં એકમ નર્તન સ્વરૂપનાં હોય છે. તે વધુ એકાગ્રતા, કલાકારના કલાવ્યાપાર-ટેકનિકની પ્રેક્ષક પક્ષે સમજની અપેક્ષા ધરાવે છે. (ચાલુ)

ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ-૯) તરફથી ૧૯૭૨ અને ૭૩ના બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થએલી કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓને નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક: સાહિત્યની સર્વશ્રેષ્ઠ કૃતિને રૂ. ૫૦૦; બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક: એકાંકીઓમાંથી શ્રેષ્ઠ એકાંકીઓના લેખકોને અનુક્રમે રૂ. ૭૦૦, ૫૦૦ અને ૨૦૦; શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક: શિક્ષણવિષયક શ્રેષ્ઠ ગ્રંથને રૂ. ૫૦૦; શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક: ૧૯૭૩ના વર્ષ દરમ્યાનની ભક્તિવિષયક, ઉત્તમ મૌલિક કૃતિને શ્રી હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક; શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક: ૧૯૭૩માં પ્રસિદ્ધ થએલી સ્ત્રી લેખિકાઓની ઉત્તમ કૃતિને શ્રી હરિૐ આશ્રમ પ્રેરિત ભગિની નિવેદિતા પારિતોષિક; શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક: ૧૯૭૩માં પ્રસિદ્ધ થએલી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પછાત વર્ગના લેખકોની શ્રેષ્ઠ કૃતિને રૂ. ૫૦૦. લેખકો અને પ્રકાશકોને વિનંતી કરવામાં આવે છે કે તા. ૩૦-૬-૭૪ સુધીમાં કૃતિની વિગત અને નકલ ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯ને મોકલી આપે.

ઑસ્ટ્રેલિયાની શોધમાં ગુજરાતનો ફાળો

લેખક
ડૉ. યશવંત ગુ. નાયક

ઑસ્ટ્રેલિયાની શોધનું માન સામાન્ય રીતે ઇંગ્લૅન્ડના નામાંકિત કૅપ્ટન જેઈમ્સ કૂકને અપાય છે. તાહિટી ટાપુઓ ઉપર ખગોળી અવલોકન માટે કૅપ્ટન કૂકને એક નૌકા કાફલા સાથે ઈ. ૧૭૭૦માં મોકલવામાં આવ્યો હતો. આ અવલોકનો પૂરાં થતાં તેણે તેના 'એન્ડેવર' નામના વહાણમાં ન્યૂઝીલૅન્ડના ઉત્તર અને દક્ષિણ ટાપુઓની પ્રદક્ષિણા પૂરી કરી સીધા પશ્ચિમ બાજુ પ્રયાણ કર્યું, અને ઈ. ૧૭૭૦ની ૨૦ એપ્રિલના રોજ ઑસ્ટ્રેલિયાના દક્ષિણ-પૂર્વ ખૂણામાં આવેલી કેઈપ એવેરાર્ડ નામની ભૂશિર આગળ ઉતરાણ કર્યું. ત્યાર પછી ઉત્તર તરફ મુસાફરી કરી ઑસ્ટ્રેલિયાના પૂર્વકિનારાનું અવલોકન કર્યું અને એપ્રિલ ૨૯, ૧૭૭૦ના રોજ બોટેની ઉપસાગરને કિનારે ઊતર્યો. આ સ્થળે ઘણાં નવીન પ્રાણી તથા વનસ્પતિનાં ફૂલો મળી આવ્યાં હોવાથી તેને 'બોટેની બે' નામ આપ્યું હતું. ત્યાર પછી પણ ઉત્તર દિશામાં ૧૩૦૦ માઈલ સુધી શોધ-સફર કરી હતી.

કૂકની આ શોધ પછી ૧૮ વર્ષ બાદ ઑસ્ટ્રેલિયાના પ્રથમ પરદેશી વસાહતીઓએ 'બોટેની બે'માં સિડની કોવ નામના સ્થળે વસાહત સ્થાપી. ઈ. ૧૭૮૩માં ઈંગ્લૅન્ડથી આશરે ૧૫૦૦ માણસ ભરીને ૧૧ વહાણો ત્યાં આવ્યાં. એમાંના લગભગ અર્ધાને દેશનિકાલની સજા થએલી હતી. આમ, શરૂઆતમાં ઑસ્ટ્રેલિયાનો દેશનિકાલ અને જન્મટીપવાળા લોકોને વસાવવા માટે ઉપયોગ થયો હતો.

પરંતુ ખરી રીતે ઑસ્ટ્રેલિયાની શોધ સત્તરમી સદીની શરૂઆતમાં હોલૅન્ડના નાવિકોએ કરી હશે તેવું આધારભૂત રીતે કહી શકાય છે. ઈ. ૧૬૦૬માં ડચુફકેન નામનું ડચ વહાણ કાર્પેન્ટેરિયાના અખાતમાં પહોંચ્યું હતું. ત્યાર બાદ ઈ. ૧૬૨૩માં જાન કાર્સ્ટેન્ઝ નામના નાવિકે ઑસ્ટ્રેલિયાના પશ્ચિમ કિનારાનું વિસ્તૃત અવલોકન કર્યું હતું. આ કિનારો વેરાન હોવાથી ડચ લોકોએ તેના ઉપર ખાસ ધ્યાન આપ્યું નહિ. આ નવા ખંડને શરૂઆતમાં એ લોકોએ 'ન્યૂ હોલૅન્ડ' નામ આપ્યું હતું.

પણ હવે માહિતી મળે છે કે ઑસ્ટ્રેલિયાનો ખંડ સત્તરમી સદીની પહેલાં ખાસ કરીને ચીન અને હિંદના નાવિકોને જાણીતો હતો. ઑસ્ટ્રેલિયાનાં કેટલાંક પુરાતત્ત્વનાં સંશોધનો ઉપરથી ડૉ ગોડાર્ડને માલૂમ પડ્યું છે કે ઈ. ૧૪૦૩ થી ૧૪૨૪ના અરસામાં ચીની નાવિકોએ ઑસ્ટ્રેલિયા ખંડની મુલાકાત લીધી હશે. ડૉ. ગોડાર્ડને ચિંગ વંશના સિક્કાઓ તથા એક વહાણની પ્રતિકૃતિ પણ મળ્યાં હતાં જે આ અરસાનાં હતાં. ઈ. ૧૬૭૪માં ફાધર ફર્ડિનાન્ડ વર્બિસ્ટ નામના પાદરીને પીકિંગની વેધશાળામાં તેના વડા તરીકે નીમવામાં આવ્યો હતો. તેને ત્યાંના ચીંગ શહેનશાહ કાંગ શીએ દુનિયાનો નકશો તૈયાર કરવા ફરમાવ્યું હતું. એણે દુનિયાના નકશા બે ગોળાર્ધમાં તૈયાર કર્યા અને તેમાં ઑસ્ટ્રેલિયાનો ખંડ બતાવ્યો હતો. તેમાં ઑસ્ટ્રેલિયાનું નામ ડચ સંશોધકે આપેલું તેનું ચીની રૂપાંતર 'શીન હો લાન દીઆ' એટલે કે 'ન્યૂ હોલૅન્ડ' આપેલું હતું. એવી જ રીતે ઑસ્ટ્રેલિયાના દક્ષિણ-પૂર્વ ખૂણા નીચે આવેલા 'ટાસ્માનિયા' ટાપુનું નામ પણ 'ટાઈહ મેન શી ટીઆ' આપ્યું હતું. આ નકશામાં ન્યૂઝીલૅન્ડ પણ બતાવેલું હતું. ફાધર વર્બિસ્ટે દોરેલા આ નકશાઓની નોંધ ઉપરથી માલૂમ પડે છે કે ઈ. ૧૪૦૭ થી ૧૪૦૯ અને ૧૪૧૩ થી '૧૫ દરમિયાન કરેલી દરિયાઈ સફરોમાં ચેંગ હો નામના કૅપ્ટને બે વાર ઑસ્ટ્રેલિયાના ઉત્તર કિનારે પગરણ કર્યું હતું. તેના પુરાવા રૂપે એક ચીની શહેનશાહ શોઉ લાઓની પથ્થરની પ્રતિમા ડાર્વિન ખાતેના ખોદકામમાંથી મળી આવી હતી અને તે ચેંગહોએ ત્યાં મૂકી હશે તેવું મનાય છે. આ ઉપરથી ચીનાઓએ પંદરમી સદીની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા શોધ્યો હશે તેવું ચોક્કસ અનુમાન થાય છે.


ભારતના નાવિકોએ કદાચ આ પહેલાં ઑસ્ટ્રેલિયાની મુસાફરી કરી હોય તેવું પણ માનવામાં આવે છે. આ માન્યતાના પુરાવા તરીકે ઑસ્ટ્રેલિયાથી પ્રસિદ્ધ થતા હેમિસ્ફીઅર (Hemisphere) નામના માસિકના મે, ૧૯૭૩ના અંકમાં ક્રિસ હૉલ્સ* નામના લેખકના લેખમાં આપેલી માહિતી ઘણી રસપ્રદ છે. એનો ટૂંક સાર નીચે આપ્યો છે. એ પરથી જણાય છે કે કદાચ ગુજરાતી નાવિકો ઑસ્ટ્રેલિયામાં સૌ પ્રથમ પહોંચ્યા હશે અને લાંબા વખત સુધી ત્યાં વસ્યા પણ હશે.

ઘણા જૂના કાળમાં એશિયન (હિંદી) સાગરખેડૂઓને ન્યૂ ઝીલૅન્ડ તેમજ ઑસ્ટ્રેલિયાની માહિતી હશે એવી શકયતા છે. આના પુરાવા રૂપે વેલિંગ્ટન ડોમિનિયન મ્યૂઝિયમમાં રાખેલો 'તમિળ ઘંટ' નામે ઘંટ છે. ૬ ઈંચ પહોળો ને ૩½ ઇંચ ઊંડો છે અને એના ઉપર દક્ષિણ ભારતની તમિળ ભાષામાં 'મોહા દિન બક્ષના વહાણનો ઘંટ' એ મતલબનું લખાણ છે. આ વહાણના કપ્તાન મરાક-આચ્યર નામની સફરી કોમના હિંદુ પરંતુ પાછળથી મુસલમાન થએલા હશે. પ્રો. વિશ્વનાથને એવું પ્રતિપાદન કર્યું છે કે આ ઘંટ આશરે ૪૦૦ થી ૫૦૦ વર્ષ જૂનો હશે.

ઑસ્ટ્રેલિયાના ઉત્તર કિનારે જૂના વખતમાં ઊતરેલી અજ્ઞાત લોકોની ટુકડી પણ ભારતમાંથી આવી હશે. ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓની લોકવાયકા પ્રમાણે આ લોકોને બૈજિની લોક કહેવામાં આવતા હતા. આદિવાસીઓ કહે છે કે આ લોકો ઘણી કુશળતા ધરાવતા હતા અને પથ્થરનાં ઘરો બાંધતા હતા. એ લોકોની સ્ત્રીઓએ ડાંગરની ખેતી કરવાનું પણ શીખવ્યું હતું અને આદિવાસીઓનાં લોકગીતોમાં તેવા ઉલ્લેખ પણ છે. આ સ્ત્રીઓ કપડાં વણવાનું પણ જાણતી હતી. તેમનો પહેરવેશ કંચુકીબંધ અને ચૂડીદાર પાયજામાનો હતો. મરદો હમેશાં માથે ફેંટો બાંધતા હતા અને કમરે તલવાર લટકાવતા હતા. આ લોક ઘઉંવર્ણી ચામડીના હતા અને યુરોપના લોકો જેવી ચુંગીથી ધૂમ્રપાન કરતા હતા. તેઓ જેમ એકાએક ઑસ્ટ્રેલિયામાં આવ્યા હતા તેવી જ રીતે થોડાં વર્ષો બાદ એકાએક ત્યાંથી વિદાય પણ થઇ ગયા હતા. આદિવાસીની લોકવાયકાના આ બૈજિની લોકો કોણ હતા?

ક્રિસ હોલ્સના મતે આ બૈજિની લોકો ગુજરાતના (અ. પૃ. ૬૬૦)

* ક્રિસ હૉલ્સ ઑસ્ટ્રેલિયાના જાણીતા ઇતિહાસશાસ્ત્રી છે ને હાલ દક્ષિણ ઑસ્ટ્રેલિયાના પોર્ટ ઍડેલૅઈડ ખાતેના નૌકા મ્યૂઝિયમના ક્યુરેટર છે.



વેલિંગ્ટન (ન્યૂઝીલૅન્ડ)ના ડોમિનિયન મ્યૂઝિયમમાં સંઘરાએલો એક તમિળ ઘંટ. આ અને આ લેખમાં ઉલ્લેખાએલા અન્ય અનેક પુરાવાના આધારે, કૅપ્ટન કૂકની યે પહેલા એશિયાઈ દરિયાખેડૂઓ ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડની અનેક ખેપ કરી ગયાની ધારણાને સમર્થન મળે છે.

વિષ્ણુ પંડ્યા લિખિત '૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત' • ૩

પરાજયનો દેવતા

'મારું નામ તાત્યા ટોપે. મારા પિતા પાંડુરંગ પાટોડ જિલ્લાના જોલા પરગણાના નિવાસી હતા. હું બિઠુરનો નિવાસી છું. મારી ઉંમર લગભગ પિસ્તાળીસ વર્ષની હશે. હું નાનાસાહેબ પેશવાનો સેવક છું ને મારું પદ તેમના સાથી તેમજ અંગરક્ષક (aide-de-camp)નું છે.....'

અઢારસો સત્તાવનના એક 'સૌથી શ્રેષ્ઠ સેનાની તાત્યા ટોપેનો આ કેટલો સરળ સ્વીકાર છે? ૧૦ એપ્રિલ, ૧૮૫૯ના દિવસે અંગ્રેજ અદાલત સમક્ષ તાત્યાએ જે છેલ્લું નિવેદન કર્યું તેના પ્રારંભના આ શબ્દો પરથી કોઈને ય ખયાલ ન આવે કે માત્ર મુઠ્ઠીભર સાથીઓ અને શસ્ત્રોના બળે આ બહાદુર સૈનિકે લડાઈ, છાપામારી, ભાગંભાગ અને જયપરાજયનો દીર્ઘ સંઘર્ષ ખેલ્યો હશે!

સંસારના બહુ ઓછા સેનાનીઓએ આવી અદ્‌ભુત લડાઇનો અધ્યાય રચ્યો હશે. અને એ જ લડાઈમાં, અંગ્રેજ સેનાપતિઓના અનેકમુખી મોરચાઓને હંફાવતો, ઘેરા ઘાલીને પડેલાં સૈન્યોને થાપ દઇને ભાગી જતો, 'ઘણા પરાજયો અને ઓછી સફળતા' છતાં જીવનની છેલ્લી પળ લગી અપરાજેય રહેલો તાત્યા ગુજરાતથી યે વણસ્પર્શ્યો રહ્યો નહોતો. પરંતુ, ગુજરાત તરફ તાત્યાની નજર ક્યારે ગઈ? એ પ્રશ્નના પડછાયે તાત્યાની સંઘર્ષકથાના અંશને જાણી લેવો પડે.

બચપણથી જ તેનાં મિત્રો હતાં નાના અને મનુ. બાજીરાવનો દત્તક પુત્ર નાના અને મોરોપંત તાંબેની પુત્રી મનુ—જે પાછળથી અઢારસો સત્તાવનનાં ખ્યાતનામ પાત્રો બની ગયાં તે નાના સાહેબ પેશવા અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ. બ્રહ્માવર્તના મહેલમાં નાના, મનુ ને તાત્યાનું બચપણ વીત્યું હતું. પછી તો સમયદેવતાએ બધાંને પોતપોતાનાં કાર્ય સોંપ્યાં. તાત્યા નાનાનો વિશ્વાસુ સાથી બન્યો. ૧૮૫૭ની ભૂમિકા પણ અહીં જ સર્જાઈ. મંગલ પાંડેની બગાવતે યોજનાથી પહેલાં જ ચિનગારી ચાંપી દીધી. મેરઠ અને દિલ્હી સળગ્યાં, એટલે કાનપુર પણ પાછળ રહી ન શક્યું. ચોથી જૂને તેણે પણ ઝંપલાવ્યું. અને પછી તો તાત્યાના ભાગ્યમાં સતત લોહિયાળ સંઘર્ષોની પરંપરા નિર્માણ પામતી જ ગઈ. કાનપુરે મુક્તિનો શ્વાસ લીધો, પણ અંગ્રેજ સૈન્ય આવી પહોંચ્યું. હેવલૉક સામેનો લોહિયાળ જંગ ઘણા દિવસ ચાલ્યો, પણ અંત પરાજયમાં આવ્યો. કાનપુર-મુક્તિ માટેની સાગરની ૪૨ નંબરની સેનાનું સેનાનીપદ તાત્યાએ સંભાળ્યું, એ તેની જિન્દગીનું પહેલું સેનાધિનાયક પદ હતું. પણ પછી તો, બે વર્ષ સુધી તાત્યા સમગ્ર દેશની સશસ્ત્ર ક્રાંતિ પર ઘટાટોપની જેમ છવાઈ ગયો. તેણે કાલ્પીને મુક્ત કર્યું અને ક્રાંતિકેન્દ્ર બનાવી દીધું; ગ્વાલિયરને જાગતું કર્યું; ફરી કાનપુર જીત્યું અને ગુમાવ્યું; ઝાંસી પરના અંગ્રેજ આક્રમણને ખાળવા કૂચ કરી; કાલ્પીને પુરુષાર્થભેર બચાવ્યું પણ અંતે કાલ્પી પડતાં ફરી ગ્વાલિયર જઇને તેની જીત મેળવી. ગ્વાલિયરના યુદ્ધે ઝાંસીની રાણીની આહુતિ આપી અને પછી મુઠ્ઠીભર સૈનિકોને લઇને તેણે જોરા અલાપુર, નાથદ્વારા ને ચંબલ પાર કરીને ઝાલરાપટ્ટણ, ત્યાંથી ઈન્દોર, સિરોજ, ઈસાગઢ ને બેતવા નદી પાર કરીને લલિતપુર, તાલબેટ, ઈટાવા, રાજગઢ ને હોશંગાબાદ થઇને નર્મદા પાર કરીને નાગપુર ક્ષેત્રમાં પહોંચવાની લાંબી કથા તેણે સર્જી. નર્મદા પાર કરીને તેને મહારાષ્ટ્ર પહોંચવું હતું, પણ એ શક્ય નહોતું. આટલી ભાગદોડમાં પણ અનેક મોરચે લડવું પડ્યું હતું, શત્રુઓને હંફાવીને આગળ ધપવાનું હતું...આટલાં યુદ્ધો ૧૮૫૭ના કોઇ જ સેનાનીએ લડ્યાં નહોતાં. એટલે જ હવે સફળતાનો ધ્વજ ફરકાવવા પેશવાઈ રાજ્યમાં પહોંચવાની તેની નેમ અંગ્રેજ સૈન્ય કોઈ પણ ભોગે પાર પડવા દે તેમ નહોતું.

આખરે તાત્યાએ જ માર્ગ બદલ્યો. અંગ્રેજ સૈન્યથી લદાએલી સાતપૂડાની પર્વતમાળા તરફ જવાને બદલે ફરી તે ઉત્તર તરફ વળ્યો. નિમાડ જિલ્લાના કારગુન સ્થાને હોલ્કરની બે સેનાને પોતાની બનાવીને તે આગ્રા-મુંબાઈ ધોરી માર્ગ તરફ વળ્યો. બાજુમાં જ મેજર સધરલૅન્ડ મોટા સૈન્ય સાથે રાહ જોતો હતો, પણ તેને ખબર સુધ્ધાં ન પડી કે તાત્યા ક્યાંથી નીકળીને કઈ તરફ ગયો! રાજપુર પાસે બંનેનો ભેટો થયો, પણ તાત્યાની ટોળી ગાયબ! નર્મદાના કિનારે અંગ્રેજ સૈન્ય સાબદું હતું, પણ નર્મદા પાર કરવાની તાત્યાની નેમ અફર હતી. તેની વ્યૂહરચના એવી હતી કે જો વડોદરા પહોંચી જવાય તો હોલકરના સૈન્યને સાથે લઇને ફરી વાર ક્રાંતિની આગ પશ્ચિમમાં સળગાવી શકાય. પછી એ આગ, થાકેલી–હારેલી, વિજયી છતાં ડગુમગુ થતી ને હાંફતી સલ્તનત ક્યારે ય બુઝાવી નહિ શકે.

પણ તાત્યાનો ઈરાદો અંગ્રેજ સેનાધિકારીઓ પારખી ગયા હતા. વડોદરા શાન્ત હતું, પણ એ તો ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી. તત્કાલીન અધિકારી આર. શેક્સપીઅરે સરકારને જણાવ્યું હતું: 'ગુજરાતની સુરક્ષા માટે અને ગાયકવાડને દાબમાં રાખવા માટે આપણી કોઈ શક્તિ નથી. પણ ગાયકવાડને આપણા હાથ નીચે રાખવાથી જ ગુજરાત બચાવી શકાશે.' તેણે વડોદરાના બ્રિગેડીઅર જ્યૉર્ડાનને પણ લખ્યું: 'આપણાં સાધનો મર્યાદિત છે. જો વડોદરામાં રહીને આપણે વીર અને સાહસિક દુશ્મન (તાત્યા)ને આ નગર પર વર્ચસ્વ જમાવવાનો અને ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવવાનો અવસર આપ્યો તો એ શક્ય છે કે મુંબાઈથી સહાય આવતાં પહેલાં જ તે (તાત્યા) એટલી શક્તિ અને તાકાત પ્રાપ્ત કરી લેશે કે ગાયકવાડને ય ગાદી છોડી દેવી પડશે.' (૨૮ નવે. ૧૮૫૮, પત્રક્રમાંક ૧૧૯૧)

સેનાપતિ મિચેલ તાત્યાની તરકીબ સમજી ગયો ને તેણે બ્રિગેડીઅર પાર્કની સેનાને સાબદી કરી, કેમ કે નર્મદા પાર કરવાનું સાહસિક કામ તાત્યાએ અદ્‌ભુત રીતે પાર પાડ્યું હતું. બિચારા સધર્લૅન્ડની શક્તિ નહોતી કે નર્મદા પાર કરતા તાત્યાને રોકી શકે. ચાર હજાર જેટલા સાથીઓ સાથે ધસમસતા પ્રવાહને નાથીને તાત્યાએ નર્મદામૈયાને પાર કરી! અને પહેલી ડિસેમ્બરે તો તે વડોદરાથી પચાસ માઈલ દૂર છોટાઉદેપુર સુધી આવી પહોંચ્યો. છોટાઉદેપુરના નરેશ મહેલમાં ગુમસુમ હતા, પણ સૈન્ય તાત્યાની સાથે થઈ ગયું. તાત્યાનો એક દૂત ગણપતરાવ ભાઉસાહેબ પવારને ત્યાં પહોંચ્યો. ભાઉસાહેબ ગાયકવાડના સાળા થતા હતા, પણ તેની પ્રવૃત્તિ ૧૮૫૭ના સંઘર્ષવીરો સાથે હતી. ખેડા, પંચમહાલ, રેવાકાંઠા અને વડોદરાનું સૈન્ય પણ તાત્યાનાં નેતૃત્વ માટે તલપાપડ હતું.

પણ મિચેલ અને પાર્ક માટે આ અસહ્ય હતું. ૨૪૦ માઈલ લાંબી અવિરત કૂચ કરીને પાર્ક બરાબર પહેલી ડિસેમ્બરે જ છોટાઉદેપુર પહોંચ્યો. પણ તાત્યાનું સૈન્ય તો ત્યાં પહોંચી ગયું હતું—બે કલાક પહેલાં જ! તાત્યા પરિસ્થિતિ પારખી ગયો. ત્રિપાંખિયો મોરચો તેણે ખડકી દીધો. ધમસાણ યુદ્ધ હતું એ. સામે મૂર, ન્યૂટન, ચૅમ્પિયન, ક્લેવ, સ્મિથ, બૅનરમૅન વગેરે પણ બ્રિટિશ સૈન્યના અડીખમ અધિકારીઓ હતા.

પરિણામ જે આવવાનું હતું તે જ આવ્યું. મિચેલનો દાવ સફળ થયો. તાત્યા વડોદરા તરફ આગળ વધતાં ફાવી ન શક્યો. છોટાઉદેપુરની લડાઈમાં મળેલી હાર તેને નવા રસ્તે દોરી ગઈ. તે વાંસવાડાનાં જંગલો તરફ આગળ વધવા પંચમહાલના વિસ્તાર તરફ પહોંચ્યો. પંદરેક દિવસ લગી તે પંચમહાલમાં જુદાં જુદાં સ્થાનોએ રહ્યો અને બધી જગ્યાએ અંગ્રેજોને હંફાવ્યા.

છોટાઉદેપુરથી જ તાત્યાએ પોતાના સાથીઓના બે ભાગ પાડી દીધા હતા. એક ફિરોજશાહના નેતૃત્વ તળે દેવગઢબારિયા, લીમડી ને ઝાલોદ તરફ રવાના કર્યો; ને પોતે ખેડા, પંચમહાલ અને મહીકાંઠાના કેટલાક લોકોને મળવા પ્રયત્ન કર્યો. પરિણામે આ બળવાખોરોએ અંગ્રેજ સૈન્યને મહીકાંઠા પાસે અવરોધીને થોભાવી દીધું. દરમિયાન સૂરત, ભરૂચ, અમદાવાદ ને વડોદરામાં અંગ્રેજો સાબદા થઈ ગયા. કોઈ પણ ભોગે તાત્યાને ગુજરાતની બહાર ધકેલવાનો તેઓનો ઈરાદો હતો. ચોતરફથી સૈન્યપ્રવૃત્તિ વધારવા છતાં તાત્યા પકડાતો નહોતો, એટલે પંચમહાલના ભીલોને લલચાવવા જાહેરાત કરાઈ કે તાત્યા ટોપે અને રાવસાહેબને જીવતા યા મરેલા પકડવા માટે દસ હજારની બક્ષિશ આપવામાં આવશે.

તાત્યાને પકડી તો ન શકાયો, પણ ગુજરાતમાં તે ઝાઝો સમય રહી પણ ન શક્યો. સોળમી ડિસેમ્બરની આસપાસ એ પંચમહાલ છોડી ગયો. પંચમહાલનાં જંગલોની ચોતરફ તેને પકડી લેવા અંગ્રેજ સેના ધામા નાખીને પડી હતી. રૉબર્ટ, રૉકે, બેન્સન અને સમરસેટ ચારે મોરચે સજ્જ થઈને બેઠા હતા. પણ તાત્યા તો ભીલવાડાનાં જંગલોની પાસે થઈ ગુજરાત બહાર નીકળી ગયો.

તે પછી તાત્યાએ ફરી એક વાર ગુજરાતમાં પહોંચવાનો પ્રયાસ કર્યો, પણ તે સફળ ન થયો; અને પછી તો થોડા દિવસોમાં જ સાથી માનસિંહને ત્યાં પારોનના જંગલમાં રાતવાસો કરી રહ્યો હતો, ત્યારે જ માનસિંહની દગલબાજીને લીધે મધ્યરાત્રિએ અંગ્રેજ સૈન્યે તેને જીવતો પકડી લીધો. તેના પર મુકદ્દમો ચાલ્યો અને તેને ફાંસી મળી. ૧૮ એપ્રિલ, ૧૮૫૯ની સાંજે તેને સીપરીના ફાંસીના મેદાનમાં લાવવામાં આવ્યો. મેદાન પ્રેક્ષકોથી સભર હતું. મીડે તેના પર લગાવવામાં આવેલા આરોપ વાંચી બતાવ્યા. પછી તેની હાથકડી કાઢી નખાઈ. તાત્યા દૃઢતાથી ફાંસીના તખ્તા પર ચડ્યો. તેને ત્યાં બાંધવામાં આવ્યો. પોતે સ્વેચ્છાથી ફાંસીના ગાળિયામાં માથું નાખ્યું. નીચેનું પાટિયું ખસક્યું અને ક્ષણવારમાં તાત્યાનું સાહસિક જીવન સમાપ્ત થઈ ગયું. અનેક અંગ્રેજ મહિલાઓ ત્યાં હાજર હતી. એક વીર ભારતીયની સ્મૃતિમાં કેટલીક મહિલાઓએ તાત્યાના માથાના વાળ સાથે લીધા. ફાંસી વેળાનાં તેનાં વસ્ત્રો લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં સુરક્ષિત છે—આ નોંધ સાથે: 'ભારતીય વિદ્રોહના નેતા તાત્યા ટોપેનો કોટ,–જેને ૧૮ એપ્રિલ, ૧૮૫૯ના રોજ ફાંસી અપાઈ.'

પરંતુ મૃત્યુકથાથી આપણી ક્રાંતિકથા પૂરી થતી નથી. અઢારસો સત્તાવનમાં–આપણે આગલાં પ્રકરણોમાં જોયું હતું તેમ–મોટા ભાગના નેતાઓ અંગ્રેજોના હાથમાં આવ્યા નહોતા. તેઓ યેનકેન પ્રકારે ભાગી ગયા હતા અને અનામ જીવન ગુજાર્યું હતું. શું તાત્યા વિષે પણ એમ કહી શકાય ખરું? કેટલાંક તથ્યો અને કેટલીક કિંવદંતીઓનો તે પ્રશ્નના જવાબ માટે આધાર રાખવો પડે. ઇતિહાસકાર શ્રીનિવાસ બાલાજી હાર્ડિકરે ઘણા લાંબા ગાળાના સંશોધન પછી એટલું નિશ્ચિત કર્યું છે કે વાસ્તવમાં જેને ફાંસી આપવામાં આવી તે તાત્યા ટોપે નહોતો!

અને જો શ્રી હાર્ડિકરના જણાવ્યા પ્રમાણે ૧૮ એપ્રિલ, ૧૮૫૯ની સાંજે તાત્યાને ફાંસી અપાઈ નહોતી, તો તેણે પોતાનું કાર્યક્ષેત્ર ક્યાં વિસ્તાર્યું? શું તે ગુજરાતમાં પણ પોતાના શરૂઆતના નિષ્ફળ પ્રયત્નો પછી ગુપ્ત વેશે આવીને રહ્યો હતો ખરો?

તાત્યાનો એક સાવકો ભાઈ રામકૃષ્ણ વડોદરાના મહારાજાના દરબારમાં કારકૂની કરતો હતો તેને પણ પકડવામાં આવેલો. એનો જન્મ ઈ. ૧૮૩૫માં થએલો. વડોદરામાં તે 'આપ્પાસાહેબ'ના નામે ઓળખાતો. તેની પત્ની રાધાબાઈ પણ વડોદરાની હતી. ૧૮૫૭ પછી તાત્યા-પરિવારને બ્રિટિશરોએ હેરાનપરેશાન કરી મૂકતાં, રામકૃષ્ણે વડોદરામાં ૧૮૬૨થી નોકરી શરૂ કરી. ૧૮૬૨માં જ્યારે રામકૃષ્ણ વડોદરાના ગાયકવાડ પાસે પહોંચ્યો ત્યાર પહેલાં તો તેને પકડી લેવામાં આવ્યો. મદદનીશ રેસિડેન્ટે તેને પહેલો પ્રશ્ન એ પૂછ્યો કે 'તાત્યા આજકાલ ક્યાં છે?' તાત્યાને કહેવાતી ફાંસીના ત્રણ વર્ષે તેના ભાઈને આવો સવાલ પૂછવાનો આશય શો હશે? રામકૃષ્ણે પણ તેનો જવાબ ગોળગોળ આપ્યો હતો.

હવે રામકૃષ્ણે લખેલા એક પત્રની વાત જોઈએ. તાત્યાના ભત્રીજા નારાયણ લક્ષ્મણ ટોપેને ઇતિહાસકાર શ્રીનિવાસ હાર્ડિકર ઈ. ૧૯૬૨માં મળેલા. એમને તાત્યાના મૃત્યુ વિષે સંશોધન કરવું હતું. નારાયણ લક્ષ્મણને પૂછવામાં આવ્યું કે તમે તમારાં વડીલો પાસેથી એવી કોઈ વાતો સાંભળી છે ખરી કે જેમાંથી તાત્યાના છેલ્લા દિવસોની વિગતો મળે?

નારાયણે કેટલીક ઘટનાઓ સંભળાવી. તેમાંની એક એવી છે કે લગભગ પચાસ વર્ષ પર તાત્યાના ભાઈ રામકૃષ્ણના પુત્ર ગજાનન ટોપેનો એક પત્ર વડોદરાથી આવેલો. ગજાનને એ પત્રમાં લખ્યું હતું. કે 'તાત્યા ટોપેનું મૃત્યુ કાઠિયાવાડમાં થઈ ગયું છે.' આ પત્ર ક્યારે આવ્યો તેની નિ-

લઘુકથા

'કર્ણ'!

રતિલાલ બોરીસાગર

બારણું ઉઘાડતાં પ્રો. મહેતાએ ત્યાં એક યુવાનને વ્યાકુળ ચહેરે ઊભેલો જોયો. તેનાં સાદાં કપડાં મેલાં ને ચોળાએલાં લાગતાં હતાં.

'આપ જ મહેતા સાહેબ?' તેણે પૂછ્યું. તેના અવાજમાં ડર, અધીરાઈ ને મૂંઝવણ વરતાતાં હતાં.

'હા, આવો.' મહેતા સાહેબે મીઠાશથી કહ્યું.

'ના સાહેબ, આવીશ નહિ. આપને ડિસ્ટર્બ કરવા માટે દિલગીર છું. આ ચિઠ્ઠી વાંચજો, અને...અને આપને યોગ્ય લાગે તો...' આગળ બોલી ન શકતો હોય તેમ તે અટકી ગયો. પોતે કોઈ અક્ષમ્ય અપરાધ કર્યો હોય અને એ માટે ક્ષમા યાચતો હોય એવો તેનો ચહેરો હતો. પ્રો. મહેતાએ ચિઠ્ઠી હાથમાં લીધી કે તરત જ તે 'થૅંક યૂ સર' કહી પાછો વળી ગયો. પ્રો. મહેતાએ જોયું કે તેની આંખોમાં આંસુ હતાં. એમણે ચિઠ્ઠી ખોલી: 'પૂ. સાહેબ, મારું વર્તન આપને વિચિત્ર લાગશે. મારી વિનંતીથી આપ ગુસ્સે થશો. અવિવેક માટે ક્ષમા યાચું છું.

હું પિતાની છત્રછાયા વગરનો યુવાન છું. મારી બીમાર માતા, યુવાન બહેન અને નાનો ભાઈ મારા પર આશાભરી મીટ માંડીને બેઠાં છે. આવતા વર્ષે તો હું નોકરી પર ચડી જઈશ એવી આશામાં આજના કપરા દિવસો વિતાવી રહ્યાં છે.......પણ આપ જે વિષયનાં પેપર્સ તપાસી રહ્યા છો તે વિષયનું મારું પેપર ખરાબ ગયું છે. આપની પ્રામાણિકતાની મને ખબર છે. ગમે તેટલી રકમની ઑફર આપ નકારી કાઢો છો તે ય હું જાણું છું.... છતાં ય આપને વિનંતી કરવાની ધૃષ્ટતા કરી રહ્યો છું. એક ગરીબ યુવાનનું ભવિષ્ય આપના હાથમાં છે. આપને જો યોગ્ય લાગે તો...' લખાણ અહીં અટકી ગયું હતું. નીચે સીટ નંબર, કેન્દ્ર વગેરે વિગતો આપી હતી. આવા કામ માટે પૈસા અને ભલભલાની ચિઠ્ઠીઓ કે નિકટના સ્નેહીને સાથે લઈને અનેક માણસો દર વર્ષે તેમની પાસે આવતા. પણ પ્રો. મહેતાએ કદી કોઈને મચક આપી ન હતી. પરંતુ આજનો અનુભવ જુદો હતો. એક ગરીબ કુટુંબ તેમની નજર સમક્ષ તરવરી રહ્યું. યુવાનનો દયામણો ચહેરો તેમને યાદ આવ્યો. એ યુવાન માટે તેમના હૃદયમાં સહાનુભૂતિ જન્મી.

તે દિવસે બપોરે ફિલ્મ જોતાંજોતાં એક યુવાન તેના મિત્રને કહી રહ્યો હતો: 'પ્રો. મહેતા બહુ ઑનેસ્ટ છે. પૈસાથી તો માને એમ હતા જ નહિ, એટલે આપણે તો ચાર ભેજું લડાવ્યું છે. લાગે તો તીર, નહિ તો...'—અને એ ફિલ્મ જોવામાં તલ્લીન થઈ ગયો. □

શ્ચિત તિથિ તેને યાદ નહોતી. લેખક તેમનાં બહેન શ્રીમતી ગંગાબાઈને મળ્યા. તેમણે પણ એ જ હકીકત કહી અને ઉમેર્યું કે 'એટલું યાદ આવે છે કે જ્યારે ગજાનનનો પત્ર આવ્યો તે વર્ષે ઉજ્જૈનમાં સિંહસ્થ મેળો ભરાયો હતો. (ઉજ્જૈનમાં આ મેળો જ્યારે બૃહસ્પતિ સિંહરાશિમાં પ્રવેશે છે ત્યારે ભરાય છે.) એનો અર્થ એ થયો કે ઈ. ૧૯૬૨થી ૫૩ વર્ષે વિ.સંવત ૧૯૬૪ એટલે કે ઈસવીસન ૧૯૦૯માં આ મેળો ભરાયો હશે.

આ સંદર્ભમાં એટલું અનુમાન તારવી શકાય કે તાત્યા ઈ. ૧૯૦૯ સુધીના ગાળામાં સૌરાષ્ટ્ર કે ગુજરાતના કોઈ પ્રદેશમાં રહેતો હોવો જોઈએ. વડોદરાનિવાસી તેના સાવકા ભાઈનો પરિવાર આજે ત્યાં નથી એટલે માહિતી મેળવવી અસંભવ છે. રામકૃષ્ણને ત્રણ પુત્ર અને ચાર કન્યાઓ હતી. બે પુત્રો તો તેના જીવનકાળ દરમિયાન જ મૃત્યુ પામેલા. રામકૃષ્ણ પોતે ઈ. ૧૯૧૩માં વડોદરામાં જ મૃત્યુ પામ્યો ને તેનો છેલ્લો પુત્ર ગજાનન (કે જેણે ઈ. સ. ૧૯૦૯ની આસપાસ ગ્વાલિયરમાં રહેતા નારાયણ લક્ષ્મણ ટોપેને પત્ર લખીને તાત્યાનું કાઠિયાવાડમાં મૃત્યુ પામ્યાની જાણ કરી તે) પણ ૧૯૬૨ની આસપાસ મૃત્યુ પામ્યા છે.

આમ માહિતી સમયના ધુમ્મસમાં ખોવાઈ ગઈ છે. કેવળ, અનુમાનો અને વિધાનો શેષ છે. એવો એક મહત્ત્વનો પત્ર શ્રી મલ્હારયાદવ બક્ષીનો છે. આ મલ્હાર યાદવ માધવ બક્ષીના પરિવારના વંશજ થાય. અને માધવ બક્ષી ઝાંસીની-રાણી લક્ષ્મીબાઈના વિશ્વાસુ સાથી લાલુ બક્ષીના ભાઈ હતા. મલ્હાર યાદવ બક્ષીએ ૯ ઑગસ્ટ ૧૯૫૭ના રોજ નારાયણ લક્ષ્મણ ટોપેને લખેલા પત્રમાં જણાવ્યું છે:

'અમારા પિતા (ગોપાળરાવ બક્ષી) બચપણમાં બળવાની વાતો સંભળાવતા. તેમણે કહેલું કે પોતે એ વાત કાકા (લાલુ બક્ષીના ભાઈ માધવ મલ્હાર બક્ષી)પાસેથી સાંભળેલી. ગ્વાલિયરના પરાજય પછી તેમને છુપાઈ જવું પડયું હતું. ઈ. ૧૮૬૩માં તે સાધુવેશે બદ્રીનારાયણ ગએલા. ત્યાં એક સાધુ મળ્યો. બંનેએ અરસપરસ ખૂબ વાતો કરી. કાકાએ કહ્યું કે હું મલ્હાર બક્ષી છું. તો પેલો સાધુ તેને જંગલમાં લઈ ગયો અને કહ્યું કે હું તાત્યા છું. ત્યાર પછી પણ મલ્હાર બક્ષીને તાત્યા ગિરનારમાં અને સાકુરમાં મળેલા.' બક્ષી અને ટોપે પરિવારની આ બાતમી પરથી એટલું પ્રમાણિત થાય છે કે ૧૮૫૭ના પરાજય પછી તાત્યાને ગુજરાતમાં સુરક્ષાનો અનુભવ થયો હશે એટલે અહીં નિવાસ પસંદ કર્યો હશે. —તો પછી તાત્યા ગુજરાતમાં ક્યાં રહ્યા હશે?

નવસારીમાં દૂધિયા તળાવની વચ્ચે એક 'નરસિંહજીની ટેકરી' નામે જાણીતી જગ્યા છે. બાવળનાં વૃક્ષોથી ઘેરાએલી આ એકાંતિક જગ્યાને સંવત ૧૯૦૬માં કોઈ ટહેલદાસ બુવા નામના સંન્યાસીએ સાફ કરી અને તપોભૂમિ બનાવી દીધી. ઘણે ભાગે અહીં તાત્યાએ પણ નિવાસ કર્યો હતો. ટહેલદાસ પછીના હરદાસ બાવાએ તાત્યાને અહીં રાખેલા એવી એક નોંધ વિરોધાભાસી લાગે છે (આ નોંધ શ્રી આર. કે. ધારૈયાની 'ગુજરાત ઈન એઈટીન ફિફ્ટી સેવન' પુસ્તકમાં છે) કેમ કે તાત્યાએ પોતે જ, પોતાની ઓળખ મહારાષ્ટ્રના દેશસ્થ બ્રાહ્મણ તરીકે આપીને 'ટહેલદાસ' નામ જણાવ્યું હતું! જો આમ હોય તો હરદાસને બદલે મૂળ મહ્લાદદાસ બુવા હોવા જોઈએ. જેમણે ટહેલદાસને આશ્રય આપ્યો હતો. સંવત ૧૯૨૧માં ટહેલદાસની સવારી 'પૃથ્વી પર્યટન' કરવા નીકળેલી. તે યાત્રા બાર વર્ષ ચાલેલી. તેમણે ત્યાંના હિંદુ સમાજના અરસપરસના ઝગડા પણ બંધ કરાવેલા. ટહેલદાસના સાથી રામશરણ વિષે પણ અનુમાની શકાય છે કે તાત્યાનાં ૧૮૫૭નાં યુદ્ધોમાં સાથે રહેલો રામભાઉ તે જ આ રામશરણ હશે.

નવસારીની આ ટેકરી ઉપરાંત એક અન્ય સ્થાને તાત્યાના નિવાસની લોકકથા છે, તે સૌરાષ્ટ્રના ચોરવાડ વિષે છે. જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ-વેરાવળ માર્ગ પર આવેલા આ સ્થાને તાત્યા સાધુવેશે ઘણો સમય રહેલા એમ કહેવાય છે. સોરઠમાં આ શક્યતાઓ તપાસવા જેવી છે, કેમ કે ૧૮૫૭ના બીજા ક્રાંતિકારો પણ આ પ્રદેશનાં જુદાજુદા સ્થાને રહેલા એવી કિંવદંતીઓ છે. જેમ કે નાનાસાહેબ પેશવા માણાવદર નજીકના કોડવાવ ગામે અને ગોમટેશ્વરની ટેકરીએ બાવા ભભૂતગરના છદ્મવેશે રહેલા. 'ખુદાયારખાન' પ્રભાસપાટણમાં રહેલા. વેરાવળ પાસેના મજોઠા ગામે 'ફિદાહુસેન'નો નિવાસ હતો. નૃસિંહમંદિરના અખાડાના મહંત એક 'સર્વેશ્વરદાસજી' હતા; આ બધાં નામો ૧૮૫૭ના યોદ્ધાઓએ સ્વીકારી લીધેલા નવા પરિવેશ માત્ર જ હતા.

એ નવા પરિવેશો પણ લુપ્ત થયા ઉપર દાયકાઓની ધૂળ ચડી ગઈ છે. આપણા હાથમાં તો છે કેવળ સ્મૃતિશેષ અધ્યાયની થોડીક રેખાઓ. પણ એ કેવી જ્વલંત છે એનું એક જ પ્રમાણ 'સંસારના છાપામાર નેતા' પુસ્તકના લેખક પર્સી બ્રાઉન સ્ટેન્ડિંગના વિધાનમાં યે પ્રાપ્ત કરી શકીશું: 'તાત્યા વિદ્રોહીઓમાં સૌથી વધુ બુદ્ધિશાળી હતો. જો તેના જેવી થોડી વધુ વ્યક્તિઓ હોત તો હિન્દુસ્તાન અંગ્રેજોના હાથમાંથી સરી પડયું હોત. એક મહાન સેનાનાયકના બધા ગુણો તેમનામાં હતા. યોજના બનાવવી, તેની વ્યવસ્થા ગોઠવવી, તેના પર નિયંત્રણ રાખવું ને એકાગ્રતાથી લડયે જવું—એ બધાં માટે તેની અનુપમ ક્ષમતા હતી. તેનો સૌથી મોટો ગુણ તો એ હતો કે ક્યારેય તેણે પરાજયની લાગણીનો અનુભવ કર્યો નહોતો.' □

ઑસ્ટ્રેલિયાની શોધમાં... (અનુ૦ પૃષ્ઠ ૧૫૭થી) સાગરખેડૂઓ હોવા જોઈએ. ખંભાતના અખાતમાંથી સફર કરતા આ ગુજરાતી નાવિકોએ પૂર્વ આફ્રિકા તેમજ ચીનની મુસાફરી કરી હતી. તેમની જાવાની પહેલી સફર ઇ. સ. ૭૫ના અરસામાં થઈ હશે, અને ત્યાર બાદ ઈ. સ. ૬૦૩માં પણ કરી હતી. આ બીજી વખતે તેઓ જાવાના પશ્ચિમ કિનારે ઊતર્યા હતા અને ત્યાં મેંડાંગ કચુમુલાન નામનું શહેર બાંધ્યું હતું, ત્યાર બાદ જાવા અને ગુજરાત વચ્ચે બહોળો વેપાર પણ શરૂ થયો હતો.

ગુજરાતી વેપારીઓ, કારીગરો અને નાવિકો પૂર્વ એશિયાના દ્વિપકલ્પના મોટા ભાગના દેશોમાં ફરી વળ્યા હતા. તેરમી સદીમાં માર્કો પોલોએ લખ્યા મુજબ આ ગુજરાતી સાગર-સફરીઓ તેમની સ્ત્રીઓને પણ સાથે લઈ જતા હતા. બૈજિની લોકો સાથે તેમની સ્ત્રીઓ પણ હોવાની લોકવાયકા છે, પરંતુ ત્યાર પછી ઑસ્ટ્રેલિયા પહોંચેલા મકાસન અને બુગીનીઝ લોકો તેમની સ્ત્રીઓને સાથે લઈ જતા ન હતા. બૈજિની લોકના પહેરવેશનું વર્ણન ગુજરાતી પુરુષો તેમજ સ્ત્રીઓના પહેરવેશને મળતું આવે છે. જો ચુંગીનું ધુમ્રપાન કરતા આ બૈજિની લોકો ગુજરાતી હોય તો તેમનો ઑસ્ટ્રેલિયાનો પ્રવાસ ઈ. સ. ૧૫૫૦ થી ૧૬૦૦ના ગાળામાં થયો હશે તેમ માની શકાય; કારણ કે ગુજરાતમાં ધુમ્રપાન એ અરસામાં દાખલ થયું હોવાના પુરાવા છે. આ બૈજિની અથવા ગુજરાતી સફરીઓએ ઉત્તર-પૂર્વ વિભાગમાં આર્નહેમ પ્રદેશમાં આવેલી રોઝ નદી ને મિલિંગિમ્બીના વિસ્તારોમાં વસાહતો સ્થાપી હતી. આદિવાસીઓની લોકવાયકા પ્રમાણ બૈજિની લોકો (ઇન્ડોનેસિયાના મકાસારમાંથી આવતા) મકાસાન નામની જાતિના આવવા પહેલાં ઑસ્ટ્રેલિયા ઉપર ઊતર્યા હતા તે તો ચોક્કસ છે. એ લોકોની સફરો ૧૮મી સદીના અંત સુધી ચાલુ રહી હશે તેમ મનાય છે.

આ મકાસાન લોકો ઉપરાંત ઈન્ડોનેશિયાના માછીમારો પણ એ જ અરસામાં અગર તેમના પહેલાં ઑસ્ટ્રેલિયામાં ઊતર્યા હતા અને સોનું લઈ પાછા ફર્યા હતા એવા કેટલાક પુરાવા મળ્યા છે. ચામડા નાગામાસા નામના જાપાનીઝ સાગરખેડૂએ પણ ઑસ્ટ્રેલિયાની શોધ કરી હતી અને સત્તરમી સદીની શરૂઆતમાં એ ત્યાં પહોંચ્યો હોય તેવું નોંધાયું છે.

ક્રિસ હૉલ્સનું માનવું છે કે ઑસ્ટ્રેલિયા અને એશિયાના આ પરસ્પરના સંપર્કના ક્ષેત્રના ઇતિહાસનું સંશોધન આ દિશામાં હજી પણ વધુ પ્રકાશ પાડશે. આમ છતાં હવે એ સ્પષ્ટપણે સ્વીકારવામાં આવી રહ્યું છે કે યુરોપિયન લોકોએ ઑસ્ટ્રેલિયાની શોધ કરી તે પહેલાં સૈકાઓથી ઑસ્ટ્રેલિયામાં એશિયાના લોકોની અવરજવર ચાલુ હતી. □

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું

આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા [૬]

વાસંતી ચિત્રપ્રદર્શનો અને કલાચર્ચાઓ

તારીખ ૧૧મી માર્ચ ૧૯૨૮ના રોજ ભારત કલામંડળ દ્વારા એક નાનકડું ચિત્ર-પ્રદર્શન ભોળાનાથ લેડીઝ કલબમાં યોજાએલું, તેમાં ૨૦૦ જેટલાં નાનાં-મોટાં ચિત્રો હતાં. એમાં કેટલીક ઊછરતા ચિત્રકારોની અને કેટલીક નિષ્ણાત પ્રૌઢ કલાકારોની કૃતિઓ હતી. પ્રૌઢોમાં પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય, અબ્દુર્રહમાન ચુઘતાઈ ને રવિશંકર રાવળ ઉપરાંત કનુ દેસાઈ, યજ્ઞેશ્વર શુક્લ, કૃષ્ણલાલ ભટ્ટ, સોમાલાલ શાહ વગેરે હતા. નવીનોમાં લેડી તનુમતી ચિનુભાઈ, સત્યેન્દ્ર બૅનરજી, ચંદુલાલ શાહ, કાન્તિલાલ દવે વગેરેની કૃતિઓ હતી. ઉપરાંત શેઠ અંબાલાલ સારાભાઈના સંગ્રહમાંથી જાપાની ચિત્રકારનું 'સીતા', અસીતકુમાર હલધરનું 'કવિ' વગેરે ચિત્રો હતાં. આવા ચિત્રકારોનાં મૂળ ચિત્રો એકસાથે જોવાનો પ્રજાને આ પહેલો પ્રસંગ મળ્યો. એ પ્રસંગે મંત્રી તરીકે મેં કહ્યું હતું: 'કલા સંસ્કૃતિનું પ્રધાન તત્ત્વ હોવા છતાં આ યુગમાં તે પર જોઈતું ધ્યાન અપાયું નથી, તેથી હિંદના ધર્મો, ઇતિહાસ ને સામાજિક રિવાજોને સમજવાની મોટી ચાવી આપણે ભૂલ્યા છીએ... જનસમુદાયમાં એકતા લાવનાર ને ગહન વિચારોને સહજ પ્રત્યક્ષ કરાવનાર કલાતત્ત્વનો આપણે અનાદર કર્યો છે. આનંદની વાત એ છે કે આપણા શહેરની મ્યુનિસિપાલિટીએ દેશની કારીગરી, હુન્નર-કલા ને ઐતિહાસિક વસ્તુઓનું સંગ્રહસ્થાન કરવાનો સંકલ્પ કર્યો છે. તે સિદ્ધ કરવા દરેક નાગરિકે પોતાનો સહકાર આપવો ઘટે. કૉલેજના પ્રોફેસરોને સાયન્સના ટેબલ પર જેટલું દ્રવ્ય બગાડવાનો હક આપ્યો છે તેનો સોમો ભાગ પણ કલાકારો અને કારીગરો માટે નિર્માયો નથી.' (પ્રજાબંધુ)

છેવટ પ્રમુખ સર ચિનુભાઈના વક્તવ્યમાંથી 'આપણા સાહિત્યની અસર ચિત્રોમાં અને ચિત્રોની અસર સાહિત્યમાં આવવી જોઇએ.' આ વચનોનું સત્ય હવે ગુજરાતને પ્રત્યક્ષ થઈ ચૂક્યું છે. પ્રજામાં કલા-સભાનતા લાવવાનો ભારત કલામંડળનો આ પ્રથમ પ્રયાસ હતો.

'કુમાર'નાં પગરણ

બીજો એવો જ પ્રસંગ તા. ૫ જાન્યુઆરી ૧૯૨૯ ને શનિવારે ભારત કલા મંડળે તેનો વાર્ષિક સમારંભ કર્યો તે હતો. એ વખતે મુખ્ય મહેમાન નાનાલાલ ચમનલાલ (એન. સી.) મહેતા (આઈ. સી. એસ.) જે પોતાના પુસ્તક 'સ્ટડીઝ ઈન ઇન્ડિયન પેઇન્ટિંગ'થી જગપ્રસિદ્ધ થઈ ચૂક્યા હતા, તેમણે બહુ વિચાર-પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું તેમાંથી સાર-ભાગ:

'ગુજરાતના આ પાટનગરમાં આજે કલાનો ઓછો અભ્યાસ છે. શહેરમાં કલાનું એક પણ સંગ્રહાલય નથી, એકે કલા વિદ્યાલય નથી. પ્રજાએ કલામાં રસ લેવાની જરૂર છે. કલાની પરીક્ષા જેમના જીવનમાં કલા હોય તે જ કરી શકે. કલાનો આત્મા રસ છે. કલા કલાને ખાતર સર્જાતી નથી. કલા માટે હૃદયમાં પ્રેમ અને દિલમાં અનેરી ઊર્મિ હોવી જોઇએ. અમદાવાદમાં હઠીસીંગની વાડી થઈ તે પછી શિલ્પનો કોઈ નવો નમૂનો અહીં થયો નથી. આપણે ત્યાં બધું વેપારી દૃષ્ટિથી જોવામાં આવે છે. કલાની કદર નથી, નહિ તો ભારત કલામંડળની સિલિક રૂ. ૨૦ જ હોય, કે લાખો રૂપિયા હોવા જોઈએ?

'ચિત્રકળા એ મૂંગું કાવ્ય છે' 'કવિતા કવિનયનમાં ય' એ સાવ સાચું છે, પરંતુ નયનોની સાચી કવિતા તો ચિત્રોમાં જ ઊતરે છે. નેત્રોને વિકસિત કરે, તેને સચ્ચિદાનંદ પીરસે, તેમાં ઉલ્લાસ રેડે અને પ્રાણોને પ્રફુલ્લિત કરી તેના ઉપર અમૃત છાંટી સજીવ કરે તે જ સાચી ચિત્રકલા છે.

જૂના સમયમાં આવી સજીવ ચિત્રકલાએ પોતાની કુંકુમ-રેખાઓ દોરી હતી અને એ રેખાઓ ઉપર ભારત નાચતું ને કલ્લોલ કરતું. આજે ય એ જીર્ણ છતાં સજીવ રેખાઓ કોઇકોઈ સ્થળે દૃષ્ટિગોચર થાય છે.'

પચીસેક જેટલા ચિત્રકારોનાં રસપ્રેરક પ્રાણવન્તાં સજીવ ચિત્રોએ એ વખતે ભરાએલા પ્રદર્શનમાં સૌનાં નયન-કમળોમાં આનંદની અમૃતધારા છોડી હતી ('નૂતન ગુજરાત' તા. ૧૦-૩-૧૯૨૮).

ગુજરાતમાં કલાનાં પગરણ

ગુજરાતમાં ભૂમિજાત કલા અને કલાવૃત્તિને પરખવા તથા તેનો સવિશેષ વિકાસ કરવા મેં વર્ષોથી તમન્ના સેવી હતી અને તે માટે મેં ચિત્રશિક્ષકોનું મંડળ સ્થાપવા પ્રયાસ કરેલો, પણ નોકરીનાં સ્થાપિત ધોરણોથી રખે ચલિત થઈ જવાય એવા ભયે તેમને ક્રાન્તિ ને વિકાસના વિચારો અનુકૂળ લાગ્યા નહિ. સુભાગ્યે ગાંધીયુગનો ઉદય થવા લાગ્યો અને વાણી, વિચાર તેમજ વર્તનમાં સ્વતંત્રતા હોવી જોઇએ ને તે પણ સમાજને હિતકારક હોવી જોઇએ એવો મંત્ર તેમણે આપ્યો. આદર્શો માટે સ્વાર્પણ પણ કરવું જોઈએ અને સમસ્ત હિત ખાતર પોતાના હિતને ગૌણ કરી નાખવું જોઇએ એ પણ લોકોને સમજાવા લાગ્યું.

આવા વિચારોથી પ્રેરાઈ, મારી આસપાસ ભાવનાશીલ અભ્યાસપરાયણ મિત્રોનું જૂથ મારા વિચારોમાં સાનુકૂળ થતાં મારી તમામ શક્તિઓ મેં ઊગતી પ્રજાને કળા અને સંસ્કાર આપવાના કામે લગાડી. તેમાં તરુણોને કળાતત્ત્વની પિછાન કરાવી તેમનામાં રહેલી શક્તિનું સિદ્ધિમાં રૂપાંતર કરવું, જનસમુદાયને અને શિક્ષિત જનોને, ઘરને અને શાળાને સમીપ લાવવાં તથા વિશ્વના સંસ્કાર-પ્રણેતાઓના વિચારો તથા તેમની કૃતિઓથી પ્રજાને પરિચિત કરવા ચિત્રમય વાચન તૈયાર કરી રજૂ કરવું એવું ધ્યેય હતું. એ માટે અનેક ક્ષેત્રના સંદર્ભ ગ્રંથો, કોશો ને ચિત્રપોથીઓનો સંગ્રહ કરવાનું ચાલુ હતું. એકલે હાથે તો એ બધું અશક્ય હતું. કલાશિક્ષણ, લેખનકાર્ય, વ્યાખ્યાનો, પ્રદર્શનો ને સુશોભનકાર્યમાં અનેક તરુણોની સ્ફૂર્તિ ને શક્તિનો સાથ મેળવવા માટે મારે મારાં આરામ ને આમદાનીનો જે ભોગ આપવો પડ્યો તેની વિગતમાં ઊતરવું નથી. પરંતુ આવી ભાવનાથી શરૂ કરેલું 'કુમાર' આજે ગુજરાતમાં અને બહાર સુયોગ્ય સન્માન પામ્યું છે તેનો આનંદ પ્રદર્શિત કરવા પ્રેરાયો છું.

'કુમાર' માસિકની સ્થાપના કયા સંજોગોમાં થઈ તે મેં મારી આત્મકથામાં કહી દીધું છે. તેના પહેલા વર્ષનું બાર અંકનું પુસ્તક જોતાં આજે પણ સંતોષ થાય છે કે અગાઉ નહિ થએલું કામ તથા ગુજરાતમાં જણાતી ગુપ્ત રહેલી કલાભાવના અને સૌન્દર્યપ્રેમ એ દ્વારા જરૂર પ્રકટ થયાં હશે. કવિ દેશળજી પરમારે પહેલા જ અંકના પહેલા પાના પરના મારા રંગીન ચિત્ર નીચે કવિતા લખેલી તે કડી અહીં યાદ કરું છું:

> અંધારઘેરો વસમો વટાવી
> કૌમાર-વૃક્ષે ખીલી પ્રાણપૂર્ણ,
> શ્રદ્ધાભરી દૃષ્ટિ જગે વહાવી
> પ્રકાશનો દૂત ખીલે અરુણ.

વર્ષો બાદ ગુજરાતના અગ્ર કવિ શ્રી બલવંતરાય ઠાકોરે પણ કહેલું: 'ઊગે રવિ, ઊગે ઉષા, અરુણ કે ભળકિયો કહો.' આમ કવિહૃદયની આર્ષ પ્રજ્ઞા પણ વહી રહી હતી; અને શ્રી બચુભાઈ રાવતની પ્રાણ પૂરતી મુદ્રણ-સંપાદનકલાની લીલાએ પણ તેને અપૂર્વ અને અનોખો ઘાટ આપ્યો. હું જાતે કદી લેખક થવાનું સ્વપ્નું પણ જોતો નહોતો તેણે વર્ષો સુધી 'મિજલસ'ના વિચારો આપ્યા. ઘણા કહે છે કે આજે પણ તે વચનો ઉચિત લાગે છે. કાકાસાહેબ કાલેલકર જેવા પ્રથમ પંક્તિના ચિંતકે મા-

રંગથી લેખ-સામગ્રી આપવા માંડી. મારા કલાકાર મિત્ર રવિશંકર પંડિતની પ્રાણી-ચિત્રણા અને ગતિમાન આકૃતિઓએ તેમાંના લેખો સચિત્ર બનાવ્યા. મારું એક વ્રત હતું કે જે કામ અન્ય કોઈ સારું કરી શકે અથવા નવોદિતનું કાર્ય હોય તેને આગળ રાખવું.

'કુમાર' નામાભિધાન આપતા અનન્ત અને ઉપેન્દ્રને કેમ ભૂલું? કલા અને સાહિત્યના આ તરુણ વિદ્યાર્થીઓએ એ નામનું હસ્તલિખિત માસિક પોતાના કુટુંબમાં શરૂ કરેલું, એટલે એ નામની સ્ફુરણા પણ કુમારજીવનમાંથી જ પ્રાપ્ત થઈ છે. દેશના, પરદેશના, પ્રગતિના, સાહસોના, ઉત્કર્ષના સમાચાર સંક્ષિપ્ત કે સાર રૂપે આપવાનો ત્યારે નિયમ રાખ્યો. સારાં ભાવનાશીલ કાવ્યો અને પ્રસંગોને ચિત્રમાં સાકાર કરવાનો હું ખૂબ જ આગ્રહ રાખતો. એમાંનાં કેટલાં યે ચિત્રો અને આલેખો ભવિષ્યમાં ચિરસ્થાયી ચિત્રમાળા બન્યાં છે. દેશના પ્રમુખ કવિઓ, વિચારકો અને નેતાઓનાં ચિત્રો તથા ચરિત્રો દ્વારા યુગનું પ્રતિબિંબ ઉપસાવવા યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. અમદાવાદનાં અને ગુજરાતનાં કેટલાં ય શિલ્પ-સ્થાપત્યનાં ચિત્રો 'કુમાર' દ્વારા જ પ્રજાએ પહેલી વાર જોયાં હશે. અમદાવાદની સીદી સૈયદની પથ્થર-કોતરણીની જગવિખ્યાત જાળી 'કુમાર' અગાઉના કોઈ પણ પત્રે પ્રકટ કરી હોય તે જાણમાં નથી. નવાઈની વાત એ છે કે પરદેશના ગ્રંથોમાં આ જાળી રૂપાંકનના એક અદ્‌ભુત નમૂના તરીકે વર્ષોથી પંકાઈ છે.

'કુમાર'ના ત્રીજા અંકથી જ અજંતાનો ટૂંકો પરિચય વિદ્યાપીઠના કલારસિક પ્રાધ્યાપક શ્રી મલકાની આપે છે. તે પહેલાં હું તો પ્રિન્સિપલ ગ્રિફિથ્સનાં અજંતાનાં મોંઘેરાં વૉલ્યુમો ભાવનગરની બાર્ટન લાયબ્રેરીમાંથી લાવી સાદ્યંત જોઈ તેનો ભક્ત બની ગયો હતો. પણ નજરે જોયા વિના કશું લખવાની હામ કરી શક્યો નહોતો. શ્રી મલકાનીએ અને પછી કાકાસાહેબે તેનાં દ્વાર ઉઘાડ્યાં. મારે તો તે માટે ઈ. ૧૯૨૭ સુધી રાહ જોવાનું નિર્માયું હતું, પણ મારાં સંઘરેલાં ભૂમિનાં દૃશ્યો, પાત્રોના સ્કેચ વારંવાર ઉપયોગી થતા.

'ઇતિહાસ દર્શન'માં ઇતિહાસના વાસ્તવિક માનવીય પ્રસંગોને સુંદર સાહિત્ય-નિર્માણમાં ઉતારી ધૂમકેતુ (ગૌરીશંકર જોશી)એ વાચકો ઉપર ઊંડી પકડ જમાવી હતી. લૂખા ઇતિહાસને તેમણે રંગીન બનાવ્યો અને કલાકારોને ધર્મનાં ચિત્રોની બહાર પણ ઊંચા માનવીય ગુણો પ્રકટતા પ્રસંગો મળી શકે છે એવું ભાન કરાવ્યું. પ્રસિદ્ધ જનકવિ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ પણ તેમની ભાવછલકવાળી કવિતાઓ આપતા રહ્યા હતા.




અમેરિકાના સુપ્રસિદ્ધ કુમાર-માસિક 'અમેરિકન બૉય'માં ધનગોપાળ મુખર્જીની 'કરી ધી એલિફન્ટ' નામક હાથીની વાત વાંચી મેં તેનો અનુવાદ કરવાની રજા માગી. એ ઉદાર સાહસિક ભારતીય જુવાને તે આપી અને સાથે પોતાનાં લખેલાં બે પુસ્તકો અને પોતાનો ફોટો મોકલ્યો. શ્રી બચુભાઈ રાવતના પ્રાણી-પ્રેમે તેનો 'કિરીટ' નામથી જીવંત ગુજરાતી અનુવાદ કર્યો અને શ્રી રવિશંકર પંડિતે તેમાં પ્રાણી-ચિત્રણામાં કમાલ એવી પોતાની કલમ બતાવી.

પછી તો 'કુમાર'થી મુગ્ધ બનેલા અનેક વિદ્વાનોએ પોતાની કલમ-પ્રસાદી એમાં આપી છે. નરહરિ પરીખ લખતા, શ્રી મેઘાણી વાર્તા આપતા, શ્રી હરિનારાયણ આચાર્યે વ્યાયામ અને પ્રવાસ તેમજ જળ-જંગલની જીવસૃષ્ટિ પરની પોતાની વિખ્યાત અભ્યાસયુક્ત લેખમાળા આપી. મારાથી નાનાં નર્મદાબેને લોકવાર્તાઓ આપી. મારું મીરાંબાઈનું ચિત્ર પહેલા જ વર્ષમાં સર્જાયું. આમ ને આમ ૫૦ વર્ષથી 'કુમાર' ગુજરાતમાં ચિત્રસામગ્રી, સંસ્કારશ્રેણી અને ભાવના-પ્રસાદ પાથરતું રહ્યું છે.

ચિત્રકળાના એક પ્રભાવક અંગ કટાક્ષ ચિત્રોથી મેં વિદ્યાર્થીજીવનની ઘણી વિફળતાઓ, વિરૂપતાઓ અને શિક્ષણ તથા પરીક્ષાનાં દૂષણો આકારિત કર્યાં, તે સાથે આરોગ્યના વિચારો પર પોસ્ટર-ચિત્રો પણ આપ્યાં. 'કુમાર'ના બીજા વર્ષના ૯૨મા પાને મેં ગુજરાતમાં પહેલી જ વાર 'અબોલા રાણી'ની વાતમાં છાયાચિત્રનો પ્રારંભ કર્યો, તે કનુ દેસાઈએ પછી વધુ આત્મસાત્ કરી તેમાં અનેક ચિત્રો કરવા માંડ્યા. એ જ વર્ષમાં કનુ દેસાઈ શાંતિનિકેતન ગયા અને ત્યાં પણ એ પ્રથા નવીન ગણાઈ. ત્યાંથી તેમણે અવનવી ચિત્રસંયોજનામાં વધુ છાયાચિત્રો કરી



મહિયારીઓ : સ્વ. રામરાવનું કલકત્તામાં અતિશય પ્રશંસા પામેલું ચિત્ર. મથાળે : રામરાવ. લેખકે ૧૯૨૮માં કરેલો સ્કેચ.



માસમાસના આકાશમાં (૧૭) મે-જૂન

વીસમી એપ્રિલે મંગળ-શનિની યુતિ જોઈ? શનિને છોડી મંગળ હવે પૂર્વ તરફ આગળ ખસી રહ્યો છે. બીજી બાજુ મેની અધવચ પછી પશ્ચિમાકાશે બુધ, મોડી રાતે પૂર્વમાં ગુરુ ને પાછલી રાતે શુક્રનું દર્શન પણ સુલભ છે. આકાશી પિંડોની શુભાશુભ અસરોમાં માનતા ન હો તો ૫મી જૂને ચંદ્રગ્રહણ જોવાનો યોગ છે. ૩૦મી જૂને સૂર્યગ્રહણ પણ છે, પરંતુ એ તો ભારતમાંથી જોઈ શકાય તેમ નથી.

સપ્તર્ષિના પરિચય પછી હવે એની દક્ષિણનાં કેટલાંક મંડળો જોઈએ. સિંહ રાશિના તારાઓ તો પરિચિત છે. તેની અને સપ્તર્ષિની વચ્ચે 'સિંહિકા' (Leo minor)ના ત્રણ તારા, તેની પૂર્વે 'મૃગયાશુન (Canis Venatic)ના મુખ્ય બે તારા, ને તેની યે દક્ષિણે ઝાંખા તારાઓનું 'કેશ' (Coma Berinices)નું ઝૂમખું છે. મૃગયાશુન એટલે શિકારી કૂતરો. એની વિશેષતા, તેની અને સપ્તર્ષિના મરીચિની વચ્ચે ૩૫૭૨ની સંજ્ઞાથી ઓળખાતી એક વમળ નિહારિકા થકી છે. આપણા આકાશગંગા તારાવિશ્વ જેવું, કરોડો તારાવાળું, આકાશગંગાની બહારનું, લાખો પ્રકાશવર્ષ દૂર એ એક તારાવિશ્વ છે. બીજી પણ બેએક નિહારિકાઓ મૃગયાશુનની પાસે છે. કેશ અને સિંહિકાની માત્ર ઓળખ જ બસ છે.

પણ સિંહ રાશિને વળોટીને દક્ષિણમાં ઝાંખા તારાઓવાળું એક વિસ્તૃત મંડળ છે. કર્ક રાશિ પાસેથી આરંભાઇને છેક કન્યા રાશિમાં 'ચિત્રા' તારાથી આગળ તુલા રાશિ સુધી લંબાએલું આકાશમાં આ સૌથી લાંબું તારામંડળ છે. ઈ. સ. પૂર્વે ત્રીજી સદીથી તે જાણીતું હોવાની નોંધ મળે છે. એનું નામ છે 'વાસુકિ'. ગ્રીક પુરાણકથા પ્રમાણે આર્ગોસમાં લર્નીના કળણમાં રહી આસપાસ રંજાડ કરતા નવમુખી સર્પ હાઈડ્રા પરથી એનું નામ પડયું છે. ટાઈફન અને એકિડનાના આ સંતાનનું માથું કપાય તો ફરી પાછું ઊગી નીકળતું, અંતે હરક્યુલસે એનો નાશ કરેલો.

આ વાસુકિની ફેણના સ્થાને 'આશ્લેષા' નક્ષત્ર છે એ ખબર છે ને? એ ફેણ પરથી અગ્નિ દિશામાં આગળ આ મંડળનો કંઈક તેજસ્વી તારો 'એકાકી'(Alphard)આવે. એને 'સર્પમણિ' પણ કહે છે. એથી આગળ વધતાં સહેજ બાજુમાં પવાલાના આકારે ગોઠવાએલા 'ચષક' (Crater)ના તારા, ને તેથી યે આગળ પેલી ઓખાબાઈની સખી ચિત્રલેખાએ તેજોરસમાં આંગળાં બોળી આકાશના ફલક પર મુદ્રિત કરેલા એના 'હસ્ત'નું નક્ષત્ર આવે છે.

સિંહ રાશિનું ઉત્તરાફાલ્ગુની, આ હસ્ત (Corvus) અને એની ઈશાને આવેલ ચિત્રા—આ ત્રણે નક્ષત્રોમાં ભાદરવા-આસો માસમાં સૂર્ય આવે છે ત્યારે વરસાદ પછીનો જે આકરો તાપ પડે છે તે 'ઓત્રા (ઉત્તરા ફાલ્ગુની) ચિત્રા'ના તાપ તરીકે જાણીતો છે. અને હસ્ત નક્ષત્રમાં સૂર્ય હોય ત્યારે વરસાદ ઓછો ને ગડગડાટ ઝાઝો થતો હોઈ 'ગગન ગાજે હાથીઓ'વાળી ઉક્તિ પ્રચલિત છે. પણ હસ્ત એ હસ્તી (હાથી) નથી. □

'કુમાર'માં રજૂ કર્યાં. વખત જતાં એમણે સત્તર છાયાચિત્રોનો સંપુટ પ્રકટ કર્યો. શ્રી એન. સી. મહેતા (આઈ. સી. એસ.)એ તેની પ્રસ્તાવના લખી આપેલી. ગુરુભક્ત કનુભાઈએ પોતાના એ પ્રથમ પ્રકાશનનું અર્પણ મને કરી પોતાનો શિષ્યભાવ સાર્થક કરી બતાવ્યો. આમ 'કુમાર' કાર્યાલય દ્વારા ચિત્રકળાનો પ્રસાર ઘરોની ભીંતો સુધી પહોંચતો થયો.

સ્વ. રામરાવ

તા. ૫મી ફેબ્રુઆરી ૧૯૨૫ના દિને થએલું મારા આંધ્રના મિત્ર યુવાન કલાકાર ડી.(દામરલા)રામરાવનું એકાએક અવસાન મને આઘાતક લાગ્યું. એના મૃત્યુથી ભારત એક શક્તિઓ ધરાવતો પ્રથમ પંક્તિનો કલાકાર ગુમાવી બેઠો અને કલાનું એક મહાન ઝરણું સુકાઈ ગયું. મને તેની તરફથી ઘણું મેળવવાની આશા હતી. કદાચ એકબે વિદ્યાર્થીઓ તેની પાસે તાલીમ પામવા મોકલી ગુજરાતને તેની પ્રતિભાનો લાભ અપાવી શકાત.

સ્વ. રામરાવનું ચરિત્ર આદર્શ કલા-સાધકનું હતું અને તેના દૂર પડેલા દેશવાસીઓને પણ ખબર ન હોય એટલી મેં તેની અંગત ટેવો અને ભાવનાઓનો અભ્યાસ કર્યો હતો, એટલે મેં જ તેના સાધક-જીવનના પ્રસંગો સાંકળી લઈ 'કુમાર'માં તેનું જીવનચરિત્ર પ્રસિદ્ધ કર્યું. તેનું હિંદી રૂપાંતર ઉજ્જૈનના 'વિક્રમ' માસિકમાં મારા વિદ્વાન મિત્ર પંડિત સૂર્યનારાયણ વ્યાસે પ્રકટ કર્યું અને તે વાંચી હિંદી જાણનાર એક આંધ્રવાસીએ આંધ્રના કોઈ ચોપાનિયામાં તે પ્રકટ કર્યું, ત્યારે રામના ભાઈઓ અને કુટુંબીજનો તરફથી આભાર પ્રકટ કરતો પત્ર મળ્યો કે રામના જે ગુણોની તેમને જાણ નહોતી એવા પ્રસંગો અને સમયનું ભાન મેં જ પ્રથમ કરાવ્યું હતું. હમણાં જ રામ વિષેનો એક ચિત્રસંપુટ પ્રકટ થયો છે તેમાં તેનું અંગ્રેજી ભાષાંતર છપાયું છે.

રામ માટેનો મારો અહોભાવ તો તેની સાથે સૌરાષ્ટ્રનું પચ્ચીસ દિવસનું પર્યટન કરતાં બંધાએલો. પર-પ્રદેશના કલાકારની આંખે સૌરાષ્ટ્રના લોકજીવનની શી છાપ પડી તે ત્યારે મને જાણવા મળ્યું. તેણે સૌરાષ્ટ્રને 'ભારતનું ઍથેન્સ' કહ્યું અને સુદૃઢ રૂપાળાં નર-નારીઓ તથા તેમનાં પરિધાનો જોઈ આહ્લાદ પ્રકટ કર્યો. કદાચ તેણે જ સૌપ્રથમ ખેતરમાં જતી સૌરાષ્ટ્રની મહિયારણોની તાલબદ્ધ ગતિ અને પૂતળીઓ જેવી આકૃતિઓ ચિત્રમાં ઉતારી હતી અને 'રૂપમ્' જેવા એશિયાના પ્રમુખ કલાવિવેચનના ત્રૈમાસિકમાં તે પ્રકટ થઈ હતી. રામરાવની સાથે જ મેં પહેલી વાર જામનગર નરેશ રણજિતસિંહનો કલાસંગ્રહ નીરખ્યો, અને યુરોપ ગયા વિના ત્યાંનાં શ્રેષ્ઠ ચિત્રો જોઈ ભારતના ચિત્રકારોનાં કામની શિથિલતા, પ્રમાદ અને કલાસાધના માટે ખિન્ન બન્યો હતો.

રામરાવ યુરોપના મહાન ચિત્રકાર, ઈંગ્લૅંડની રૉયલ ઍકૅડેમીના પ્રમુખ સર ફ્રેડરિક લેઈટનનો અનુરાગી હતો અને તેની ચાલે તેણે જામનગરના કૂવા-કાંઠાની પનિહારીઓનું ઘણાં પાત્રોવાળું લયાત્મક ચિત્ર સરજ્યું હતું. તેનો આલેખ તેના ચરિત્ર તેમજ તેનાં બીજાં અનેક ચિત્રો અને આલેખો સાથે 'કુમાર'ના ત્રીજા વર્ષના નવમા અંકમાં મેં આપેલો છે તે પરથી કોઈને પણ તેના વિષેનું મારું વિવેચન સાર્થક લાગશે. (ચાલુ)

કલાવાર્તા


નિરંજન અને ખુશમન દલાલ

વીમાકંપનીના કામ સાથે નિજાનંદ ખાતર 'બાંદ્રા સ્કૂલ ઑાવ આર્ટ્સ'માં જોડાઈ ત્યાં શ્રી જી. એલ. સીરસાટ પાસે શિક્ષણ લઈ, શાંત-શરમાળ પ્રકૃતિના ભાઈ નિરંજન દલાલે ઈ. ૧૯-૬૭માં પ્રથમ વર્ગમાં આવીને ચિત્રકળાનો ડિપ્લોમા મેળવી પોતાના કલાવ્યાસંગને તાલીમનો ઓપ આપ્યો. કલાના અભ્યાસ દરમિયાન પણ એમણે એક કાંસ્ય ચંદ્રક મેળવેલો. ડિપ્લોમા મેળવ્યા પછી એ જ કલાશાળામાં ઑાનરરી ફેલૉ તરીકે એક વર્ષ સેવા પણ આપી. પછી તો દેશભરનાં ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેવા માંડયો. મૈસૂર રાજ્યના દશેરા પ્રદર્શનમાં ત્રીજું ઈનામ પણ મેળવેલું. ઈ. ૧૯૬૯માં મહારાષ્ટ્ર સરકાર યોજિત કૃષિમેળામાં એક મોટું મ્યૂરલ





△ ખુશમન અને નિરંજન દલાલ. જમણી બાજુ મથાળે: ગોવાળ. સમગ્ર ચિત્રપટ પર વનરાજિની પશ્ચાદ્ભૂ રચી તેના પર આલેખેલાં ગાય-ગોવાળ. એક નવતર પ્રયોગ. નીચે ડાબી બાજુ: ત્રણ લલિતકળા—સંગીત, ચિત્ર અને નૃત્યનું સંયોજન. જમણી બાજુ નીચે: દાંડિયા-રાસ, (ચિત્રકાર: નિરંજન દલાલ). જમણી બાજુ વચ્ચેનું દશ્યચિત્ર ખુશમનબેન દલાલનું છે. પતિ કરતાં એમની શૈલી જુદી જ છે.







પણ બનાવ્યું. મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં પણ પોતાનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું જેને સારો આવકાર મળેલો. આજે 'એર ઈન્ડિયા', અમલગમેટેડ ઇલેક્ટ્રિસિટી, ચિમનલાલ પેપર કં; થૅકર ઍન્ડ કંપની તથા અન્ય ખાનગી ચિત્રસંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે, કેટલીક પરદેશ પણ ગઈ છે.


કથાવસ્તુને સાંકળતાં વિવિધ ચિત્રસંયોજન પ્રતિ એમને કંઈક વધુ પક્ષપાત જણાય છે. ચિત્રની રજૂઆત માટે એમણે એ સિવાય પણ કેટલાક આગવા પ્રયોગો કર્યા છે. પ્રાચીન ભારતીય ઢબે અને ખાસ કરીને જૈન પોથી ચિત્રોની શૈલીએ પાત્રાલેખન કરવા પર એમને સારી ફાવટ દેખાય છે.

આ અંકના મુખચિત્ર 'જીવન સંગીત'માં એમણે એ રીત જ અજમાવી છે. પરિણયની રંગભરી કલ્પનાઓથી સભર એવી, પૂર્વાવસ્થાથી આરંભી લગ્ન અને તે પછીની સાંસારિક જવાબદારીઓ સાથેના મધુર પ્રેમમય જીવનનું આલેખન એમણે એમાં કર્યું છે. લગ્નપ્રસંગને કેન્દ્રમાં રાખી વિવિધ ચિત્રખંડમાં છૂટકપણે નિરૂપેલા આ વિષયવસ્તુને એમણે એક સુગઠિત સ્વરૂપે યોજી સંગીતની પેઠે એમણે ચિત્રની એક મધુર ગત રજૂ કરી છે.


મધુરું દાંપત્ય એક ભાગ્ય ગણાય છે. જેમ આ ચિત્રમાં એમ એમના જીવનમાં પણ એનો યોગ થએલો છે. ચિત્રકલાના અભ્યાસ દરમિયાન તેઓ જેમના પરિચયમાં આવ્યા અને જે પરિચય લગ્નમાં પરિણમ્યો તે એમનાં પત્ની શ્રીમતી ખુશમન પણ ચિત્રકળાનો ડિપ્લોમા ધરાવવા સાથે આર્ટમાસ્ટર બનેલાં છે અને અંધેરીની એમ. એ. હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષણ આપે છે. અહીં આ ચિત્રકાર દંપતીની કૃતિઓ રજૂ કરી છે. —જયંત સિદ્ધપુરા



ડાંગ જિલ્લાના વઘઈ ગામ નજીક પાળાબંધીનું ખોદકામ કરતાં મળી આવેલી સુખાસનસ્થ નૃસિંહની પ્રતિમા. ડૉ. હસમુખ સાંકળિયાના મત અનુસાર આ લાલ શૈલપ્રતિમા દેશી અથવા સ્થાનિક ગણી શકાય. આવી પ્રતિમા જવલ્લે જ મળી આવે છે. (પ્રેષક: એસ. એમ. સાકરેચા, જિલ્લા માહિતી અધિકારી · ડાંગ–આહવા)





ચાર્લ્સ બ્રિગમૅન આમ તો રેડિયોગ્રાફી દ્વારા બહુમૂલ્ય કલાકૃતિઓની અસલિયત ચકાસવાના નિષ્ણાત છે, પણ એક સુભગ પળે એમને સામાન્યત: અદૃષ્ટ એવી કુદરતની કલામય કરામતો પ્રકટ કરવાનું સૂઝ્યું અને પોતાની પ્રયોગશીલતા તથા સૌંદર્યદૃષ્ટિના મેળથી એમણે કેટલાંક અજબ સુંદર ફોટોચિત્રો, જેના નમૂના રૂપ થોડાં આ અંકના પૂઠા પર (સી હૉર્સ, ચૅમ્બર્ડ નૉટિલસ* અને સ્ટારફિશ) તથા અહીં (સામાન્ય ફૂદું, સ્ટિંગરે માછલી અને મેડક) સર્જ્યાં છે. કલાની જ કૃતિઓ તરીકે ભલે એની



ગણના ન થાય પણ શોધક દૃષ્ટિને કલામય આકારો કેવાકેવા ક્ષેત્રમાંથી મળી રહે તેનું આ એક સુંદર દૃષ્ટાંત તો છે જ. અલબત્ત, બ્રિગમૅને તો આ બધાં ફોટોચિત્રો વિવિધ જીવના શરીરની આંતરિક રચનામાં ગુપ્ત રહેલા આકાર-સૌંદર્યથી આકર્ષાઈને કરેલાં છે, છતાં વિજ્ઞાનીઓને પણ એ આકર્ષી શકે એવી ઉપયોગિતા પણ એ ધરાવે છે. જો કે એમનું લક્ષ તો કલાક્ષેત્રે ઍક્સ-રેનો વધુમાં વધુ કેટલો ને કેવો ઉપયોગ સાધી શકાય તે જાણવા-સમજવા તરફ ઢળતું છે. ('યુસિસ'ના સૌજન્યથી)

*ચૅમ્બર્ડ નૉટિલસ એ રંગારાની જેવો એક સાગરજીવ છે. કદના વધવા સાથે એ પોતાના શરીરને સમાવી શકે એવડા ઉત્તરોત્તર મોટા થતા જતા ખંડવાળું મજબૂત કોચલું રચતો જાય છે. ફોટોચિત્રમાં એ કોચલાની અંદરના ખંડની રચના પ્રકટ થાય છે.





ફોટોગ્રાફી હરીફાઈમાં 'વસંત' વિષયક ચિત્રો મોકલવાની છેલ્લી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં કદાચ હાલની વિષમ પરિસ્થિતિઓને કારણે અતિ જૂજ સંખ્યામાં જ મળ્યાં હોઈ હરીફાઈનો આ હપતો રદ કર્યો છે. પણ **ફોટોગ્રાફી હરીફાઈની યોજના ચાલુ જ છે.**

હવે પછીનો ચિત્રવિષય

તડકો

છેલ્લી તા. ૩૦મી જૂન '૭૪.

પચ્ચીસ વર્ષ પહેલાં

મે ૧૯૪૯ · સળંગ અંક ૩૦૫


પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુષ્યમાં ગુજરાતની સર્જનક્રિયા કેવી રીતે થઈ અને ગુજરાતનું કલેવર શી રીતે તથા શાનું શાનું ઘડાયું તે ભૂરચનાની અત્યંત રસમય ક્રિયાની મહત્ત્વની હકીકતો સમજાવતી એક ઉપયોગી લેખમાળા ત્યારે અમૃત વ. પંડયા લખતા. એમાંનો પચ્ચીસવર્ષપહેલાં આવેલો કેટલોક ભાગ:


હવે ભારત પર મહાપ્રલય આવવાના ઓળા પથરાયા. ભૂમિ હચમચવા લાગી. તેમાં મોટા મોટા ચિરાડા પડયા. ને પછી એ ચિરાડાઓને માર્ગે ધગધગતો લાવારસ (જ્વાળામુખીનો ઊકળતો કાદવ) વાતાવરણને ગજવતો ખૂબ ઊંચે ઊંચે ઊડવા લાગ્યો; ને એ ઊંચાણ પરથી પછી પૃથ્વી પર પ્રલયંકર પ્રહારો સાથે પછડાતો એ લાવા મહાવિનાશ સરજવા લાગ્યો. આ પ્રલયંકર લાવા-રસ રેલાયો તેના કેટલાયે અવશેષ આજે ગુજરાતમાં મોજૂદ છે. તળ ગુજરાતમાં પાવાગઢ અને છોટાઉદેપુર રાજ્યનો ફેણાઈ માતાના ડુંગરો, સૌરાષ્ટ્રને આંગણે ગિરનાર, ગિર, બરડો, આલેચ ને ઓસમના પર્વતો, અને કચ્છમાં ધીણોધર 'ખાનદેશમહેવાસ' તો કદાચ હિંદમાં મોટામાં મોટાં જ્વાળામુખોના અવશેષો ધરાવે છે. રાજપીપળાની પૂર્વ સરહદે નર્મદા અને તાપી વચ્ચે સાતપુડા પર્વતનો જે ભાગ આવેલો છે તે 'કાઠી-સાતપુડા' સાતપુડા પર્વતમાળાનો ઊંચામાં ઊંચો ને રળિયામણામાં રળિયામણો ભાગ છે. આ સઘળો પ્રદેશ ભીલોની 'દેવભૂમિ' કહેવાય છે. અહીંની નદી દેવગંગા તથા પર્વતશિખરો 'દેવગીતારી,' 'હીરાદેવ બાવા', 'અસ્તંબા' વગેરે સર્વ ઉપર ભીલોની માન્યતા પ્રમાણે દેવ લોકો વસે છે. આખા સાતપુડાનું ઊંચામાં ઊંચું શિખર તે ૪,૫૦૦ ફૂટ ઊંચું અસ્તંબા, આ અસ્તંબા, દેવગીતારી ને હીરાદેવ બાવા પર્વતો, એ બધા પૃથ્વીએ જેમાંથી ધગધગતો લાવા-કાદવ ઓકચો તે ખાડાઓમાં પુરાઈને તથા ઊભરાઈને થીજી ગએલાં લાવાનાં મુખો છે. આ મુખોમાંથી લાવાની ધારો માઈલો જેટલી ઊંચે ચડતી, ને કાળાંતરે એ ઊંચે ઊછળતો કાદવ એ રીતે સુકાઈને ઘટ્ટ બનતાં આ ઊંચાં ને રળિયામણાં ગિરિશિખરો સર્જાયાં.

આ બધા વિરાટ જ્વાળામુખોમાંથી કેટલાયે જમાનાઓ સુધી સતત વરસેલા લાવારસથી ગૉંડવાના મહાયુગ સમયનું ભૂપૃષ્ઠ આચ્છાદિત બન્યું. ને એ છવાઈછવાઈને આ લાવારસ સુકાતાં ત્યાં એક વિશાળ માલપ્રદેશ (Plateau) સરજાયો આ પ્રદેશ ઉત્તરે મધ્યહિંદથી માંડી દક્ષિણમાં છેક કર્ણાટક સુધી પ્રસરી રહ્યો આ લાવારસ સુકાઇને જે પ્રકારનો પથ્થર બન્યો તે સોપાનશિલા (Trap or Basalt) કહેવાય છે.

ગુજરાતમાં પણ એવા કેટલાક પ્રદેશો છે. જે આ લાવારસની સોપાન-શિલાઓનાજ મુખ્યત્વે રચાએલા છે. હાલ જ્યાં કચ્છ અને ઉત્તર સૌરાષ્ટ્રના વિસ્તારો છે. ત્યાં જુરૅસિક યુગમાં ભૂગર્ભ ઉત્પાતોને લઈને ત્યાંની જમીન નીચે બેસી ગઈ. આ બનાવને પરિણામે ટેથીસ મહાસાગરનાં પાણી એમાં ભરાયાં, અને ધીમે ધીમે કરતાં તેમાં થોડાઘણા નહિ પણ છ છ હજાર ફૂટ જેટલા જાડા દરિયાઈ કાદવના પડો બંધાયા. આ પડો પછીથી કચ્છ અને સૌરાષ્ટ્ર એ બંને દેશોની રચનાઓ માટે પાયારૂપ બન્યા. ક્રીટેશિયસ યુગના અંતકાળે, આ પડોને ફોડીને બીજા વિસ્તારોમાં બન્યું તેમ, કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશોમાં પણ ધીણોધર, ગિરનાર, બરડો ઇત્યાદિના સ્થળેથી ગર્ભમાંથી લાવારસ નીકળી નીકળીને કચ્છ-સૌરાષ્ટ્રના જુરૅસિક પડો પર પ્રસરવા લાગ્યો અને એ પ્રમાણે આ બંને પ્રદેશોની કાયા સોપાનશિલાઓની ઘડાઈ. સોપાનશિલાઓ પાણીના ઘર્ષણથી ઝડપથી ધોવાય છે, એટલે આ બંને પ્રદેશોમાં જે જે વિસ્તારોમાં સોપાનશિલાઓનાં પડો પાતળાં હતાં તે તે વિસ્તારોમાંથી તે ધોવાઈને સાવ સાફ થઈ ગયાં ને પરિણામે કચ્છના કેટલાક ભાગોમાં તેમજ ઉત્તર સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ ને પાંચાળમાં નીચેનાં પાયાનાં દરિયાઈ જુરૅસિક તથા ક્રીટેશિયસ પડો સપાટી પર આવી ગયાં.

સૌરાષ્ટ્રમાં પાંચાળની સપાટી જે લાલ છે તે આ ગૉંડવાનાના જુરૅસિક અને ક્રીટેશિયસ પડોની છે અને એના પર ગરમાગરમ લાવારસ રેલાતાં તે શેકાઈને લાલ બની છે. તે ક્રિયા વખતે પડોમાં જ્યાંજ્યાં લોખંડ વગેરે ધાતુઓ હતી તે પીગળી પીગળીને ત્યાં કેટલાક ખડકોમાં મોટા પ્રમાણમાં જઈ ભળી; ને તેથી હવે આ પડો પણ ઉઘાડા થતાં આ પ્રદેશમાં કેટલેક ઠેકાણે કાચું લોખંડ મળી આવે છે. પાંચાળની લાલ જમીનની ઉત્પત્તિ આ પ્રમાણેની હોઈ એ જમીન ખેતી માટે નબળી છે. પણ એની આ ગૉંડવાના સપાટીમાં અનેક સ્થળે એવી માટી છે કે જે ચીની કામની વસ્તુઓ બનાવવામાં ખપ લાગે છે; અને તેથી જ આ પ્રદેશમાં થાન, મોરબી અને વાંકાનેરમાં 'પૉટરી વર્ક્સ' ઊભાં થઈ શકયાં છે. □





△ જ્વાળામુખીના પ્રલયકાળે લાવારસમાંથી ગુજરાતમાં રચાયેલી, સાતપુડા પર્વતની ઊંચામાં ઊંચી ને રળિયામણી માળા.
ઉપર: છોટાઉદેપુરના ફેણાઈ માતાનો ડુંગર


મધ્ય ગુજરાતના પ્રાચીન ટીંબા

△ ડૉ. વસંતલાલ મો. ત્રિવેદી △

ઐતિહાસિક તથ્યો, પ્રાચીન રાજવંશો, તેનાં ઐશ્વર્ય કે ભૂતકાળની સંસ્કૃતિ એક આગવું આકર્ષણ છે. આવો ઇતિહાસ પ્રાચીન અવશેષો ને લખાણો દ્વારા જાણી શકાય છે. આ રીતે હજી ઈ.સ. પૂર્વે બીજી સદી સુધીનાં જ લખાણો ને શિલ્પશૈલી ઉકેલી શકયા છીએ, જ્યારે ઈ.સ. પૂર્વે ૧૫૦૭ પહેલાંની હડપ્પન લિપિ હજી ઉકેલી શકાઈ નથી. છતાં એ કાળના અવશેષો જોતાં તે ઘણી જ આગળ વધેલી ને વિશાળ વ્યવસ્થાતંત્ર ધરાવતી એક સુગઠિત અને વિસ્તૃત સંસ્કૃતિવાળી જીવનપદ્ધતિ હતી તેના તો સંખ્યાબંધ પુરાવા મળ્યા છે. પરંતુ તે પહેલાંના ઇતિહાસનું શું? એ પ્રાચીન કાળને વિદ્વાનો પાષાણકાલીન સમય કહે છે, કારણ કે ત્યારે વાસણ બનાવવાની કે અનાજ પકવવાની શોધ થઈ ન હોવાથી લોકો શિકાર કરીને ભટકતું જીવન વિતાવતા. શિકાર મળી રહે અને પાણીની પૂરતી સવલત હોય તેવા પ્રદેશમાં તેઓ રહેતા અને એથી આવી જગ્યાએ એ સમયના અવશેષો મળે છે.

આ રીતનાં સ્થાનો અંગ્રેજીમાં જેને 'માઈક્રોલિથિક સાઈટ'–એટલે કે જે કાળમાં પાષાણનાં નાનાં નાનાં ઓજારો વપરાતાં હતાં. તે કાળનાં માનવવસવાટનાં સ્થાનો – મને મધ્ય ગુજરાતમાંથી મળ્યાં છે.

ગુજરાતમાં વડોદરાથી લઈને આખું દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર, તથા લાંઘણજથી માંડી સમગ્ર ઉત્તર ગુજરાતમાં વિવિધ જાતના પથ્થરોનાં નાનાંનાનાં ઓજારો મળી આવ્યાં છે. મધ્ય ગુજરાતમાંથી આવાં ઓજારો મળ્યાના જે ઉલ્લેખો છે તે મારા માનવા મુજબ વડોદરા અંગેના છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં લગભગ સો માઈલ લંબાઈ પહોળાઈના વિશાળ વિસ્તારમાંથી આ ઓજારો મેળવવાની શરૂઆત તો છેલ્લાં થોડાં વર્ષોથી મેં કરેલાં સંશોધનોથી જ શરૂ થાય છે તેવો મારો નમ્ર અભિપ્રાય છે. મધ્ય ગુજરાતમાં આવાં ઓજારો ખાસ કરીને રેતીના પ્રાચીન ટીંબાઓ પર તથા ધામતવાણ અને ભાવડા જેવાં અમુક સ્થળે પાણીના પ્રાચીન વહેણથી સપાટ બનેલી જગ્યાઓ (ટેરેસ) પરથી મળ્યાં છે. મધ્ય ગુજરામાં જે ટીંબાઓની હારમાળા પરથી ઓજારો મળે છે તે લગભગ ૫૦ થી ૬૦ માઈલ લાંબી ટેકરાઓની એક અર્ધચંદ્રાકાર હારમાળા છે. દસક્રોઈ જિલ્લા પૂરતી એ મર્યાદિત છે તે એની અગત્ય છે. આ હારમાળા ટીંબા ગામથી શરૂ થઈને અમદાવાદની દક્ષિણ પૂર્વમાં અર્ધગોળાકાર ભરડો લઈ કુબડ ગામે પૂરી થાય છે. આમાં મુખ્ય ઉંદરેલ, ભાવડા, હરણિયાવ, ગોવિંદડા, બાસ્કર, ઝિંઝર, ભાટથુરા, વાંચ, હાથીજણ વગેરે મુખ્ય છે. પ્રાગૈતિહાસિક કાળમાં જ્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાત સમુદ્ર દ્વારા જુદાં પડતાં હતાં અને કાળે કરીને આ સમુદ્ર સુકાઈ અથવા ખસી જવાથી તેના ખાલી પટ પરથી રેતી ઊડીને આ ટીંબાઓ બનેલા હોય તેમ વિદ્વાનોનું માનવું છે. નળસરોવર એ આ ખસી ગએલા સમુદ્રનો છેલ્લો અવશેષ છે.



મારેલા શિકારની ખાલ કે વૃક્ષની ખરબચડી છાલ યા લાકડું છોલવામાં, ચામડામાં કાણું પાડવામાં ને ભાંગવાફૂટવામાં ઉપયોગી વિવિધ પથ્થરમાંથી બનાવેલાં પ્રાચીન ઓજારો. લેખકને એ મધ્ય ગુજરાતની પોતાની નિજી શોધખોળોમાંથી મળેલાં.

આ ટીંબા રચાયા પહેલાં, એટલે કે આશરે એકાદ લાખ વરસ પહેલાં પ્રાચીન યુગમાં પણ અહીં માણસો વસતા હતા અને તેઓ પીપળાનાં મોટાં પાન જેવા આકારનાં પથ્થરનાં ઓજારો વાપરતા. આવાં ઓજારો નદીની ભેખડોમાં ઘણાં નીચેનાં થરોમાં અથવા પાણીના પ્રાચીન પટો ઉપર બનેલા રેતીના ટીંબાઓના તળિએથી કેટલીક વાર મળે છે. આનું કારણ એ છે કે આ પ્રાચીન પટો ત્યાર બાદ ઊડતી રેતીથી ઢંકાઈ ગયા હતા જે ત્યાર પછી થોડાંક હજાર વર્ષ પર વરસાદનું પ્રમાણ વધતાં તેના પ્રવાહથી ફરી ધોવાયા છે અને તેથી તે નદીની બાજુની ભેખડોમાંથી ચોંટેલાં મળી આવે છે. ઉપર પ્રમાણે પ્રાચીન પટો પર રેતી પથરાવાથી બનેલા ટીંબાઓ વરસાદથી થએલાં ધોવાણોમાં પાણી ભરાતાં બનેલાં તળાવો પાસે ફરી માનવવસવાટો થયાના પુરાવા પણ મળે છે. આ નવા વસવાટો થયા એ દરમિયાન થએલા વિકાસને કારણે પહેલાંનાં મોટાં અને અણઘડ ઓજારોમાં ક્રમે ક્રમે સુધારો થઈ તે કદમાં નાનાં, વધુ અણીદાર અને સફાઈદાર બનવા લાગ્યાં જે માઈક્રોલિથિક-ઓજારો તરીકે ઓળખાયાં. આ ઓજારોના આકાર તથા તેની ધાર ને અણી જોતાં એનો ઉપયોગ ચામડું કે લાકડું છોલવામાં, ચામડામાં કાણું પાડવામાં થતો હશે એમ મનાય છે. જ્યારે આવા ટીંબાઓ પર વિસ્તૃત ઉત્ખનનો થશે ત્યારે આ બાબત આપણે પણ સારી રીતે સમજી શકીશું. વળી, આ ટીંબાઓ પરથી આવાં નાનાં ઓજારો સાથે રેતિયા ને સાધારણ પથ્થરોમાંથી બનાવેલાં વાટવાનાં, ભાંગવાનાં કે કૂટવાનાં સાધનો પણ મોટા પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. કદાચ મોટા પ્રમાણમાં તો આવાં જ સાધનો વપરાતાં હશે, જ્યારે કાપવા, છોલવા માટેનાં નાનાં ઓજારો ચર્ટ, ચાલ્સેડોની, જેસ્માર, ફ્લિન્ટ, કવાર્ટ્ઝ વગેરે જેવા જુદાજુદા પ્રકારના ચકમકની જાતના ચીકણા પથ્થરના પ્રકારોમાંથી બનાવેલાં છે.

પણ અગત્યની વાત તો એ ગણાવી શકાય કે કેટલાક ટીંબા પરથી ઠીકરાંના અવશેષો પણ મળે છે. વળી, ઉંદરેલ ગામના ઘડીમલા ટીંબા જેવા કેટલાક ટીંબાઓ પર સામાન્ય ખોદકામ કરતાં રાખ, બળેલાં હાડકાં અને પથ્થરનાં ઓજારો બહુ ઉપરથી નીકળી આવવાની શરૂઆત થાય છે. આવા એક તાજા ખોદાએલા ખાડામાંથી તો લગભગ દસ હજાર વર્ષ જૂનું નોળિયાની કોઈ જાતને મળતું પ્રાચીન પ્રાણીનું કૅલ્સિફાઈડ ફૉલિયા પણ મળી આવ્યું છે. એક વ્યક્તિગત શોખ તરીકે કરેલા મારા સંશોધનનું આ પરિણામ છે. પણ જો ઉંદરેલ, ગોવિંદડા, ભુવાલ, ઝિંઝર વગેરે ટીંબાઓ પર ખોદકામ કરવામાં આવે તો અત્યાર સુધી ન મળી આવેલાં અન્ય પ્રાચીન અને પ્રતીતિકર અવશેષો ચોક્કસ મળી આવે તેમ મારું માનવું છે. આ માટે સરકારે છેવટ એકાદ પ્રાયોગિક ખાઈ ખોદીને પણ આ અંગે વધુ તપાસવું જરૂરી છે. □

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર ની સલાહ

શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)

૧ છ વર્ષની અમૃતા વાંચતી વખતે આંખો ચોળે છે. કદીક એક આંખ બંધ કરી વાંચે છે, આમ તો આંખો સારી દેખાય છે, છતાં આમ કેમ?

આંખો ચોળવાનું એક કારણ ઝાંખી દૃષ્ટિ હોઈ શકે. સારી દેખાતી આંખોમાં પણ ઝાંખી દૃષ્ટિ હોઈ શકે. 'ઍમ્બ્લાયોપિયા' નામે ઓળખાતી આ સ્થિતિ હોય તો ચશ્માં પણ કારગત નીવડતાં નથી. આનો સવેળા ઉપચાર જરૂરી છે.

આંખની કોઈ ખામીના લીધે બાળકને બેવડું દેખાય છે, અગર તો બે આંખોમાં મોટું નાનું દેખાય છે. એક આંખ બરાબર કામ ન કરે ત્યારે આવું થાય છે. બે આંખોમાં દેખાતી છાપ એકરૂપ બનીને ન દેખાય ત્યારે ઓછું દેખાતી આંખ જોવાનું ટાળે છે, ધીરેધીરે આની ટેવ પડી જઈ એ આંખની દૃષ્ટિ નાશ પામે છે.

બાળકને ઝાંખું દેખાય કે જોવામાં પોતે એક જ આંખ વાપરે છે તેની તેને કંઈ ખબર પડતી નથી. આંખ ત્રાંસી હોય ત્યારે પણ જો તેનો વેળાસર ઉપાય ન થાય તો ત્રાંસી આંખની દૃષ્ટિ નાશ પામે છે.

ઍમ્બ્લાયોપિયા નિવારી શકાય એવી સ્થિતિ છે. બાળકને શાળાએ મૂકતાં અગાઉ આંખનાં નિષ્ણાત દાક્તર દ્વારા તપાસણી થાય તો બગડેલી સ્થિતિની તરત જાણ થાય છે. બાળકની એકથી સાત વર્ષની વય દરમિયાન જો તેની દૃષ્ટિની કોઈ ખામી પકડાય તો તુરત આંખના નિષ્ણાત પાસે તપાસ કરાવી યોગ્ય ઉપચાર કરાવી લેવા જોઈએ. કંઈ પણ ફરિયાદ ન હોય તો પણ ચાર વર્ષની ઉંમરે બાળકની આંખની દૃષ્ટિ માટે તપાસ કરાવવી હિતાવહ છે.

દૃષ્ટિની ખામીથી અંધાપો આવવા સાથે ભણતરનો વિકાસ અટકે છે. વળી લાગણીના બગાડા થાય છે. બાળકમાં આંખો માટે નીચે દર્શાવેલાં કોઈ ચિહ્ન કે લક્ષણ દેખાય કે તરત નિષ્ણાત પાસે આંખની તપાસ કરાવવી: (૧) ફૂલેલી સોજાએલી કે પાણી ભરાએલી આંખો, (૨) વારંવાર આંખો ચોળવી, (૩) એક આંખ બંધ કરી જોવું, (૪) જોતી વખતે ડોક એક બાજુએ વાળવી કે આગળ પડતી રાખવી, (૫) વધારે વખત આંખ મીંચકાર્યા કરવી, (૬) આંખોની નજીક ચોપડી રાખી વાંચવું, (૭) જોતી વખતે કે વાંચતી વખતે આંખ ત્રાંસી કરવી કે ભવાં ચડાવવાં અને (૮) જોતી વખતે બાળકનો અન્ય કંઈ પણ અસામાન્ય વર્તાવ.

આંખની ખામીનો જેટલો વેળાસર ઉપચાર થાય તેટલો સુધારો સારો થાય છે. શાળામાં મોકલતાં અગાઉ અને ત્યાર બાદ ચાર પાંચ વર્ષ બાળકની આંખોની તપાસ કરાવતા રહેવાની અગત્ય છે.

૨ ઉનાળા સિવાય પણ હાથ, પગ ને બગલમાં પુષ્કળ પરસેવો થાય છે. આનો કોઈ ઉપાય?

તરુણવયમાં લાગણીના કારણે પરસેવો થવો સામાન્ય છે. ઉંમર વધતાં આપોઆપ તે મટી જાય છે. તરુણવય વટાવ્યા છતાંય બગલમાં થતા પુષ્કળ પરસેવા માટે 'એક્રાઈન' નામની પ્રસ્વેદગ્રંથિઓ કાઢી નાખવાનો પ્લાસ્ટિક સર્જરીનો એક ઉપાય છે.

હાથ અને પગનાં તળિયાંના પરસેવા માટે ત્રણ ભાગ ગ્લિસરીનમાં કે દસ ભાગ આલ્કોહોલમાં એક ભાગ 'ફોર્મેલ્ડિહાઈડ' નાખી બનાવેલું મિશ્રણ લગાડવાનો એક ઉપાય છે. ફોર્મેલ્ડિહાઈડના વારંવાર વપરાશથી ચામડીના રોગ (ડર્મેટાઈટિસ) થવા સંભવ છે. 'પ્રોબેન્થાઈન' નામનું સ્રાવવિરોધી ઔષધ ગુણદાતા છે, પણ આના સેવનથી મોં સુકાવા સંભવ છે. પરસેવા સાથે લાગણીના ભાવો જોડાએલા હોય તો 'પ્રોબેન્થાઈન' સાથે પંદર મિલિગ્રામ 'ફેનોબારબિટોન' વાપરવું સલાહભરેલું છે.

૩ આંખની આસપાસ કાળાં કૂંડાળાં દેખાય છે એ શાથી? આંખ નીચેનો ભાગ ફૂલેલો કેમ દેખાય છે? એના ઉપાય?

નાની કે મોટી ઉંમરે તીવ્ર માંદગી દરમિયાન આવા ડાઘા દેખાય છે.

લાંબા વખતની આંખની ખેંચ કે થાકથી આંખની આસપાસની પેશીઓમાં મેલેનિન જમા થાય છે. ચામડી અને વાળના કાળા-રંગ મેલેનિનના આધારે છે. આંખનો દાહ કે ખેંચના લીધે અને આંખો ચોળ્યા બાદ મેલેનિન વધારે દેખાય છે. સ્ત્રીઓને રજોદર્શનની આસપાસના દિવસોમાં પણ આંખો શ્યામ દેખાય છે. શરીરનો થાક કે આંખની ખેંચ જે કારણ હોય તે દૂર થવાથી આંખ આસપાસના કાળા ડાઘ દેખાતા મટે છે.

આંખ નીચેની ચામડી ઢીલી પોચી હોવાથી ત્યાં વૃદ્ધ ઉંમરે મૃદુપેશી જમા થવાથી ભરાવો કે ફુલાવો થાય છે. આ કંઈ રોગનાં કે ઉંમરનાં કારણો નથી, આનો એક માત્ર ઉપચાર શસ્ત્રક્રિયા દ્વારા મૃદુપેશી કાઢી નાખવાનો છે. પુખ્ત વયે આવું થાય તો તે અતિશ્રમ કે આંખની ખેંચના કારણે હોઈ શકે છે. કિડનીના રોગ કે થાયરૉઈડ ગ્રંથિના અપૂરતા સ્રાવના કારણે અને મોટા ભાગે તો ઉગ્ર એનિમિયા અથવા કોઈ એલર્જીના કારણે પણ આવું થવા સંભવ છે. આંખ નીચે ચામડી ફૂલે તે સ્થિતિ માટે દાક્તરી તપાસ ને ઉપચાર કરવાં જોઈએ.

૪ હમણાંની બાજરી ખાવાથી લોકોને ઝાડા, ઊલટી, ઘેન વગેરે થાય છે. આનાં કારણો અને ઉપાય શું હશે?

ધાન સાથે અર્ગટ ભળેલો હોય ત્યારે તે ખાવાથી માણસ અને પ્રાણીઓને 'અર્ગટિઝમ' નામની માંદગી આવી પડે છે. આમાં ઊલટી, ઝાડા, પુષ્કળ તરસ, તાણ, ગળવામાં અને શ્વાસ લેવામાં મુશ્કેલી, લોહીનું ઊંચું દબાણ, ઘેન, બેશુદ્ધિ અને મરણ થાય છે. ચિરકારી (ક્રૉનિક) સ્થિતિમાં વખતે ઊલટી, માથાનો દુખાવો, સ્નાયુઓની ફાટ, અંગોમાં લાહ્ય અને મોતીઓ થાય છે.

આ થવાનું કારણ ઘઉં કે બાજરીના દાણા સાથે ભળેલો કાળા કે ભૂખરા રંગનો અર્ગટ નામે ઓળખાતો પદાર્થ છે. છોડને ફૂલ આવતાં હોય ત્યારે તેમાં 'ક્લેવિસેપ્સ માઇક્રોકેફેલા' નામની ફૂગનો વાસ થાય છે. ફૂગની રજ બીજગ્રંથિઓમાં પ્રવેશી તેનો નાશ કરે છે અને ત્યાં પોચો માવો પેદા થાય છે. એ ચીકણો મધુર હોઈ જંતુઓ તેનાથી આકર્ષાય છે અને એ જંતુઓ દ્વારા આ ફૂગ બધે ફેલાય છે. માવો કઠણ બની કાળા કે ભૂખરા દાણા જેવો થઈ ડૂંડાંમાં દાણાની જગ્યા રોકે છે.

સંકર-હાઇબ્રીડ બાજરીમાં અર્ગટ પેદા થયાનું જાણવામાં આવ્યું છે. પંજાબ ભણી જવમાં પણ અર્ગટ માલૂમ પડે છે. બાજરી કે ઘઉંમાંથી આ દાણા જેવો અર્ગટ વીણી લેવો જોઈએ. અનાજ દળાયા પછી તેમાં અર્ગટ ભળ્યો હોવાની કાંઈ જાણ પડતી નથી. બાજરી કે ઘઉંના તાજા પાકમાં અર્ગટના ઝેરનું જોખમ સમાએલું છે. અનાજ ખાધા પછી મીણો ચડયો હોય ત્યારે આમલી કે છાશની ખટાશ પાવાથી વળતી વાર થાય છે. રોગનું ઝેર જામ્યું હોય તો દાક્તરી ઉપચાર કરવા જોઈએ. □


દેશની આજની અસહ્ય પરિસ્થિતિનાં મૂળ કારણો અને સર્વાંગી વિકાસ માટેના અહિંસક પણ અસરકારક કાર્યક્રમો તથા વ્યવહારુ પણ દૂરદર્શી સૂચનો અંગે શ્રી ચંદ્રકાન્ત શાહે (હિલ ડ્રાઈવ, ભાવનગર) એક ૧૦ પાનાંની વિચારણીય પત્રિકા પ્રસિદ્ધ કરી છે. જેઓને રસ હોય તેઓ ઉપર્યુક્ત સરનામે ૨૦ પૈસાની ટિકિટ મોકલીને મંગાવી શકે છે.

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

૩/૮

કટાક્ષ-સાહિત્ય અને નાટકો



△ ઉપરથી ખુલ્લું અને અષ્ટકોણાકાર ગ્લોબ થીએટર. ઈ. ૧૫૯૯માં એ બંધાયું અને ઈ. ૧૬૧૩માં આગમાં નાશ પામ્યું. શેક્સપીઅરે પોતાનાં અનેક નાટકો અહીં રજૂ કરેલાં.

જોસેફ હૉલ (૧૫૭૪-૧૬૫૬) નામના એક જુવાન કવિએ પોતાના કટાક્ષ-સંગ્રહના આરંભે ઉત્સાહમાં આવીને ભલે ઉદ્ગાર કર્યાં કે હું પહેલો કટાક્ષકાર છું—

I first adventure, follow me who list,
And be the second English Satirist.

તેમ છતાં એની પૂર્વે 'પીઅર્સ પ્લાઉમૅન' (Pier's Plowman)ના ઉદાહરણ સુધી ન જઇએ તોપણ છેક નવજાગ્રતિકાળના આરંભથી વિવિધ રૂપે કટાક્ષસાહિત્ય ખેડાતું રહ્યું છે. સ્કેલ્ટન (Skelton), વ્યાટ (Wyatt) અને ગૅસ્કૉઈન (Gascoigne) એ ત્રણ નામો તરત યાદ આવે છે. સ્પેન્સરની કૃતિમાં પણ કટાક્ષને ખીલવાનો સારો એવો અવકાશ મળ્યો છે. તેની 'મધર હબર્ડ્ઝ ટેઈલ' (Mother Hubbard's Tale) તો જાણીતી કટાક્ષકૃતિ છે. હૉલની એક જ વર્ષ પૂર્વે ટૉમસ લૉજે (Thomas Lodge) 'અ ફિગ ફૉર મોમસ' (A Fig for Momus) નામની કટાક્ષરચના પ્રગટ કરી હતી. જોસેફ હૉલ આ સર્વ સાહિત્યથી અપરિચિત ન જ હોય; તેમ છતાં એણે હૉરેસ, (Horace), પર્સિયસ (Persius) કે જુવેનલ (Juvenal) જેવા પ્રાચીન કટાક્ષકારોના અનુકરણ રૂપે રચાએલી પોતાની કૃતિ માટે જ કટાક્ષનું નામ અનામત રાખ્યું જણાય છે. તેણે પોતે એ પ્રાચીનોના નમૂના પર જ પોતાની કૃતિઓ રચી છે.

તેની 'વર્જીડેમીઅરમ' (Virgidemiarum) એ છ ખંડમાં વહેંચાએલી (ત્રણ ભાગ ઈ. ૧૫૯૭માં અને બીજા ત્રણ ૧૫૯૮માં) કટાક્ષકૃતિ છે. તેમાં સમકાલીન રીતરસમ પર કઠોર કટાક્ષમય ટીકા છે. પોશાકોની, ફૅશનોની તે મશ્કરી ઉડાવે છે; તેના જમાનાની ભાષા પણ તેના કટાક્ષનું નિશાન બને છે. સૉનેટકારોના તરંગ-તુક્કાની તે હાંસી કરે છે. સ્પેન્સર સિવાય બીજા કોઈ કવિ માટે તેને આદર નથી. નાટકોમાં તેને જંગાલિયત અને અધઃપાત દેખાય છે. કરુણાંત નાટકોમાં વિદૂષકો(Clowns)-ની રમૂજો સામે તેની સખ્ત નાપસંદગી છે. તેના કટાક્ષમાં કઠોરતા છે, અભિપ્રાયોમાં નીડરતા છે. તેની વાણીમાં આત્મવિશ્વાસનો રણકો છે. સમર્થ કટાક્ષકાર તરીકે તેની શક્તિ વિકસે તે પહેલાં દેવળના પાદરીના વ્યવસાયમાં તે અટવાઈ ગઈ.

જૉહ્ન માર્સ્ટન (John Marston, ૧૫૭૫-૧૬૩૪)ની કટાક્ષ કલાનું ભાવિ પણ હૉલના ભાવિની જેમ પાદરીના વ્યવસાયમાં અટવાઈ ગયું. માર્સ્ટન એલિઝાબેથ યુગના કવિઓમાં સહુથી વધુ વક્રદર્શી હતો. તેની કટાક્ષરચનાઓનો સંગ્રહ 'ધ સ્કર્જ ઑવ વિલની' (The Scourge of Villanie) નામથી ૧૫૯૮માં પ્રસિદ્ધ થયો હતો. હૉલના કરતાં તેના કટાક્ષ વધુ વેધક છે અને વાણીનો વેગ પણ તીવ્ર છે.

હૉલ અને માર્સ્ટનના સમકાલીન **જૉહ્ન ડન** (John Donne ૧૫૭૩-૧૬૩૧)નું પ્રથમ કટાક્ષસાહિત્ય ૧૫૯૩માં રચાયું હતું. માર્સ્ટનના જેવો તે નીતિવાદી થવા ઇચ્છતો નથી. તેણે પર્સિયસના કટાક્ષ-નમૂના પોતાની રચના માટે પસંદ કર્યા. તેની સૂક્ષ્મ કલ્પનાશક્તિનો રૂડો પરિચય દરબારીઓ અને મુકદ્દમાબાજો વિષેની કટાક્ષરચનાઓમાં થાય છે. એમની તુચ્છતાની તે સારી પેઠે ઝાટકણી કાઢે છે. તે કહે છે: ન્યાયાધીશો સમુદ્ર છે, અને મુકદ્દમાબાજો સમુદ્રમાં ભળીને તેની જીવનશક્તિ વધારનારાં ઝરણાં છે. રાણી પોતે આ બધામાં કશું કરી શકે તેમ નથી. ટેમ્સ નદીના શાંત પ્રવાહ જેવી તે આ બધા પ્રપંચોથી સાવ અજાણ છે. તેને પોતાનો યુગ કાટ ખાઍલા લોખંડ જેવો લાગે છે 'O age of rusty iron!' એમ યુગને ઉદ્બોધીને તે કટાક્ષમાં કહે છે—લોહયુગમાં ન્યાય વેચાતો હતો, હવે તો અન્યાય પણ મોંઘા ભાવે વેચાય છે:

Th' iron age was, when justice was sold; now
Injustice is sold dearer.

જેઈમ્સ પહેલાના સમયથી કટાક્ષ, કેવળ સાહિત્યિક બનતો અટક્યો અને નિરાશા વ્યક્ત કરવાનું અણિયાળું સાધન બની રહ્યો. સ્ટેઈજ ઉપર શુદ્ધ કટાક્ષ ખૂબ પ્રચલિત થવા માંડ્યો. બેન જૉન્સન અને શેક્સપીઅરનાં નાટકોમાં એનાં ઉજ્જવળ ઉદાહરણ મળશે.

નાટકો—માર્લો સુધી

મધ્યકાળમાં મૉરાલિટી પ્લેઈઝ અને મિરૅકલ્સ વિશાળ પ્રજાસમૂહને આનંદ અને ધર્મબોધ આપવાની સેવા બજાવી રહ્યાં હતાં તે વાતની અગાઉ ચર્ચા થઈ ગઈ છે. સોળમી સદીની મધ્યમાં રૂપકો, બાઈબલ પર આધારિત નાટકો અને ઐતિહાસિક મૉરાલિટી પ્લેઈઝ એ બધાં સાથેસાથે ભજવાયા કરતાં હતાં. સમય વીતતાં ધીમેધીમે ધર્મબોધને સ્થાને શૈક્ષણિક વિષયો નાટકમાં રજૂ થવા માંડ્યાં. ધર્મને સ્થાને રાજકારણની ચર્ચા પર ઝોક વધવા માંડ્યો. ધર્મની ચર્ચા નાટ્યવિષય તરીકે હોય ત્યારે પણ ધર્મસુધારણાએ ઊભા કરેલા વિવાદો તેમાં રજૂ થવા માંડ્યા. પંદરમા સૈકાના અંત ભાગમાં નૈતિક પ્રશ્નોની સાથે સાંપ્રત સમાજની પરિસ્થિતિનાં ચિત્રોને પણ ગૂંથી લેનારો 'ઈન્ટરલ્યૂડ'નો એક નવો ફાંટો—મૉરાલિટી પ્લેઈઝમાંથી—ઉદ્ભવ્યો.

આ નાટકોમાં હ્યુમૅનિસ્ટ લેખકોની વિચારધારાની અસર પણ ધ્યાનપાત્ર હતી. હ્યુમૅનિસ્ટ લેખકોનો લૅટિન અને ગ્રીક નાટ્યકૃતિઓમાં જીવંત રસ હતો અને અંગ્રેજીમાં પણ ટ્રૅજેડીનો નવો પ્રકાર ખેડવાનો તેમનો મનોરથ હોય એ સ્વાભાવિક હતું. અત્યાર સુધીના મૉરાલિટી-મિરૅકલ પ્લેઈઝમાં કરુણાંત કૃતિઓ નહોતી. અંગ્રેજી નાટ્ય સાહિત્યમાં પ્રાચીન શિષ્ટ કૃતિઓની અસર વરતાઈ તે પૂર્વે કોઈ કરુણાંત કૃતિ રચાઈ ન હતી. એ કાર્ય સેનેકાએ કર્યું. અંગ્રેજી હ્યુમૅનિસ્ટ નાટ્યકારોનો એ નમૂનારૂપ લેખક હતો. તેણે રચેલી ટ્રૅજિક કૃતિઓમાં ખૂન, ક્રૌર્ય અને વિલાસ એ ત્રણ તત્ત્વો મુખ્ય હતાં. જૅસ્પર હેયવૂડે (Heywood) તેની ટ્રૅજિક રચનાઓનો સોળમી સદીની મધ્યમાં અંગ્રેજી અનુવાદ કર્યો. સેનેકાની ટ્રૅજેડીઓમાં વાગ્છટા ને સનસનાટીભરી પરિસ્થિતિ પર ભારે ઝોક છે. તેનાં પાત્રો પણ લાગણીના વહેણમાં ખેંચાઇને હિંસાત્મક કૃત્યોમાં ઝબકોળાઈ જનારાં હોય છે. શિષ્ટતા અને આદિમતા અથવા અણઘડતાનું વિચિત્ર મિશ્રણ સેનેકાની ટ્રૅજિક નાટ્યકૃતિઓમાં ધ્યાન ખેંચે છે.

સોળમી સદીમાં નાટકોનો વિપુલ ફાલ ઊતરવા માંડ્યો. બૃહદ્ જનસમાજ માટે મનોરંજનનું એ અતિ માનીતું સાધન બની રહ્યું. નાટકોમાં વૈવિધ્ય પણ ખૂબ પ્રવેશ્યું અને લેખકો તેમજ નટોએ ધંધાદારી ધોરણે નાટક કંપનીઓ સ્થાપવા માંડી. આ સમયગાળા દરમિયાન રચાએલા વિપુલ નાટ્યસાહિત્યનો કડીબદ્ધ ઇતિહાસ પ્રાપ્ત નથી. એક તો,

નાટકની રચનાસાલ મળવી જ મુશ્કેલ. ઘણા કિસ્સાઓમાં કૃતિનો નિર્દેશ માત્ર મળે, પણ કૃતિ પોતે, તેના કર્તા કે તેનો રચનાસમય એમાંની કશી જ સામગ્રી ઉપલબ્ધ ન હોય! કર્તાના જીવન વિષે અને તેણે રચેલી કૃતિઓ વિષે પણ અનુમાનનો જ આશરો લેવો પડે તેવી પરિસ્થિતિ છે. કૃતિના કર્તા વિષેની પણ સંદિગ્ધતા નાટ્યસાહિત્યના અભ્યાસીને હરકતરૂપ થઈ પડે. કેટલીયે કૃતિઓ–હસ્તપ્રતોનો પત્તો પણ હોય નહિ. ટૉમસ હેયવૂડે ૨૨૦ નાટકો લખ્યાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે, પણ માંડ ૩૫ નાટકો ઉપલબ્ધ છે. એટલે દરેક કર્તા અથવા તો કૃતિનો સિલસિલાબંધ ઇતિહાસ આપવાનું કોઈ પણ વિદ્વાન માટે અશક્ય છે.

સ્ટેઈજ અને થીએટર

નાટ્યસાહિત્યની વિકાસરેખા દોરવાનું ભલે અશક્ય હોય, પણ એ જમાનાનાં થીએટર અને સ્ટેઈજ વિષે નિશ્ચિતપણે માહિતી મળી શકે તેમ છે. પહેલું પબ્લિક થીએટર ઈ. ૧૫૭૬માં લંડન શહેરને છેવાડે બાંધવામાં આવેલું. સોળમો સૈકો પૂરો થતાં સુધીમાં તો ટેમ્સ નદીની ઉત્તરે અને દક્ષિણે બીજાં આઠ જેટલાં (કેર્ટન, રોઝ, સ્વૉન, ગ્લોબ ઈત્યાદિ) થીએટરો ઊભાં થયાં. માંડ બે લાખની વસતિવાળા લંડન શહેરમાં આઠ થીએટરોની આ સ્થાપના પરથી, લોકસમૂહમાં નાટ્ય માણવાની કેવી ભૂખ હશે તેનો અંદાજ આવે છે. એ સમયે વીજળીનાં સાધનો તો મળે નહિ, એટલે સંધ્યાકાળે ગોળાકાર કે અષ્ટકોણાકાર બનાવેલાં મકાનોમાં નાટકો ભજવાતાં. એક મોટા ખુલ્લા ચોગાનમાં સ્ટેઈજ હોય, તેની આસપાસ પ્રેક્ષકો માટે ગૅલેરી બનાવવામાં આવી હોય. સ્ટેઈજ ઉપર બે થાંભલા પર છત બનાવેલી હોય. પાછળના ભાગમાં એક નટોને સ્ટેઈજ પર પ્રવેશવા અને બીજું સ્ટેઈજ પરથી અંદર જવા માટે એમ બે બારણાં હોય. સીનસીનેરી જેવું તો એ જમાનામાં કશું મળે નહિ. કોઈ ખાસ પ્રકારનું દૃશ્ય રજૂ કરવાનું હોય તો પાછળના સ્ટેઈજનો ઉપયોગ કરવામાં આવતો. સ્ટેઈજ પર સામગ્રીમાં ખુરશી–ટેબલ પૂરતાં થઈ પડે.

આવા ખુલ્લા સ્ટેઈજ પર પ્રેક્ષકોનાં ચિત્ત પર પકડ જમાવવાની જવાબદારી નટોને અદા કરવી પડતી. નટ પોતાના પોશાક અને વાગ્છટાથી પ્રેક્ષકો પર પ્રભાવ પાડી શકતો. સ્ટેઈજ જેટલું દરિદ્ર તેટલો જ નટનો પોશાક ભવ્ય. વાણીની છટા સાથે નટના મુખ પરના ભાવ પણ પ્રેક્ષકો માટે આકર્ષક બની રહેતા. એ દિવસોમાં પણ અંગ્રેજી અભિનેતાઓની ખ્યાતિ દૂરદૂરના દેશોમાં પહોંચી જતી. તેમને દેશાવરથી આમંત્રણ પણ મળતાં. એ જમાનામાં સ્ત્રીઓ નાટકમાં ભાગ લેતી નહિ. કિશોરો સ્ત્રીનું પાત્ર ભજવતા. સામાજિકરીતે અભિનેતાઓ ભલે શિષ્ટ સમાજને છેવાડે ઊભેલા ગણાતા, છતાં પ્રતિષ્ઠિત નાગરિકો પણ નાટ્ય-વ્યવસાય સાથે પોતાનો સંબંધ હોવામાં ગૌરવ માનતા. કેટલાક અભિનેતાઓ ઉમરાવોના કૃપાપાત્ર બની શક્યા હતા અને સારી એવી અર્થપ્રાપ્તિ પણ તેમને થતી હતી. કેટલાકનો નાટ્યકંપનીની માલિકીમાં હિસ્સો પણ હતો. આવા અભિનેતા પ્રતિષ્ઠિત લેખાતા. કેટલાક અભિનેતાઓ પોતે પોતાની નાટ્યકંપની પણ ઊભી કરતા, પણ મોટા ભાગના કોઈક ઉમરાવની છત્રછાયામાં નોકરી કરતા. ઈ. ૧૫૮૩માં જુદા જુદા ઉમરાવોની નાટકકંપનીઓમાંથી કુશળ અભિનેતાઓ એકત્ર કરી રાણી એલિઝાબેથની ખાસ સેવા માટે એક નાટકકંપની સ્થાપવામાં આવી હતી.

સોળમા સૈકામાં જાહેર થીએટરોની સાથે સાથે ખાનગી થીએટરો પણ અસ્તિત્વમાં આવ્યાં હતાં. બાંધણી અને રચનાની દૃષ્ટિએ તેમજ સ્ટેઈજ–સામગ્રીની દૃષ્ટિએ એ વધુ પ્રગતિશીલ હતાં. તેમાં સારી રીતે તાલીમ પામેલા વિદ્યાર્થીઓ નાટકો ભજવતા. એમનાં નાટકો વધુ શિષ્ટ અને સંસ્કારી હતાં. કેટલીક વાર જામી ગએલી નાટ્યકંપનીઓ સાથે તેમની સ્પર્ધા પણ થતી. આવાં ખાનગી થીએટરોમાં નાટક જોવાની ફીનું ધોરણ પણ વધુ ઊંચું હતું, જાહેર થીએટરોમાં સમાજના બધા સ્તરના લોકોની રુચિને અનુકૂળ આવે તેવાં નાટકો ભજવાતાં, જ્યારે ખાનગી થીએટરોમાં શિષ્ટ સામાજિક વૃંદની અપેક્ષા રહેતી. પ્રતિષ્ઠિત ઉમરાવો પોતાના મકાનના મોટા હૉલમાં લગ્નપ્રસંગે, કે કોઈક વિશિષ્ટ અતિથિનું આગમન થાય ત્યારે અથવા તહેવારના દિવસે નાટકો અને બીજા મનોરંજક કાર્યક્રમો ભજવાય તેવો પ્રબંધ કરતા.

નાટકોમાં વૈવિધ્ય વધવા માંડ્યું અને વિપુલ પ્રમાણમાં તેની માગ થવા માંડી એટલે યુનિવર્સિટીમાંથી બહાર પડેલા વિદ્વાનોએ પણ આજીવિકા માટે નાટ્યલેખનનો વ્યવસાય શરૂ કર્યો. તેમણે બૃહદ્ લોકસમાજની રુચિને માફક આવે તેવાં popular plays તો લખ્યાં જ, પણ તે ઉપરાંત ખાનગી થીએટરમાં એકત્ર થતા શિષ્ટ સમાજ માટે પણ નાટકો રચ્યાં. એ નાટકો ઉમરાવના નાટ્યખંડમાં ભજવાય અને ઉમરાવ કે રાજકુટુંબના કોઈ સભ્યની નાટ્યલેખક પર કૃપા થઈ જાય તો તેના ભાગ્યનું પાંદડું ફરી જાય. નાટ્યલેખકો એવી અભિલાષા અવશ્ય રાખતા. આમ યુનિવર્સિટીના વિદ્વાન લેખકોએ નાટક અને થીએટર બંને ઉપર પોતાનો પ્રભાવ પાડચો. અંગ્રેજી સાહિત્ય સાથે નાટકનો સહયોગ સાધનારા તે પહેલા લેખકો હતા એમ કહી શકાય. આ લેખકોએ અનુગામી જૅકોબન નાટકો માટે રસ્તો નિશ્ચિત કરી આપ્યો અને શેક્સ્પીઅરનાં નાટકોના અવતરણ માટે વાતાવરણ તૈયાર કરી આપ્યું.

સોળમા સૈકામાં થીએટરો અનેક નાટકોના ભંડાર રૂપ બની રહેલાં હતાં અને જે પ્રકારનાં નાટકો તેઓ ઘણી વાર શિષ્ટતાનાં ધોરણો કોરે મૂકીને ભજવાતાં તેથી સુશિક્ષિત વર્ગ સૂગાતો. ફિલિપ સિડનીએ નાટકોમાં એકતાના નિયમોનો તથા શિષ્ટતાનાં ધોરણોનો અભાવ જોઈ પ્રકોપ ઠાલવ્યો હતો. ટ્રૅજેડી અને કૉમેડી વચ્ચે કોઈ પ્રકારનો ભેદ નહિ જાળવનારા આ નાટ્યકારોની તેણે સખ્ત ટીકા અને મજાક Defence of Poesieમાં કરી હતી. સમય અને સ્થળના બધા જ નિયમોનો ભંગ કરી નાટકમાં વિસંગતતા ઊભી કરનારા નાટ્યકારોની નિષ્ઠુરપણે મજાક ઉડાડતાં તેણે લખેલું: 'ત્રણ સન્નારીઓ ફૂલો વીણવા સ્ટેઈજ પર ફરતી હોય એટલે પ્રેક્ષકોએ બગીચાનું દૃશ્ય છે એમ માની લેવાનું. ધીમેધીમે ત્યાં ને ત્યાં જ વહાણ ડૂબ્યાના સમાચાર આવે તો આપણે એ સ્થળને ખડક ન માનીએ તો આપણો જ વાંક! એને પગલે પાછો કોઈ અગ્નિ ને ધુમાડા કાઢતો રાક્ષસ આવતો જોઈએ એટલે બીચારા પ્રેક્ષકોએ સ્ટેઈજ ઘર ગુફાનું દૃશ્ય માની જ લેવાનું! અને ત્યાં ચાર સૈનિકો સામસામા તલવાર ખખડાવતા નીકળે તો એ સ્ટેઈજને બે સૈન્યો વચ્ચેની રણભૂમિ માની લેવામાં વાંધો શો? કોઈક વાર રાજકુમાર અને રાજકુમારી ત્યાં પ્રેમમાં પડે; ઘણી આફતો પછી લગ્ન બાદ પુત્રને લઈને તે ફરતી હોય, એ પુત્ર ગુમ થાય, મોટો થઈ જાય, એ પાછો પ્રેમમાં પડે,...ને બીજા બાળકના અવતરણની તૈયારી—આ બધી ઘટના બને બે કલાકમાં!'

નાટ્યલેખકોની નાટ્યકલા પર, નાટ્યપદ્ધતિ પર સામાજિકોની ઇચ્છાનો જે પ્રભાવ પડતો તેનું મહત્ત્વ ઓછું ન આંકવું ઘટે. એલિઝાબેથ યુગનાં થીએટરોમાં ઉચ્ચ કક્ષાના સદ્‌ગૃહસ્થોથી માંડીને અબુધ ગ્રામજનો સુધીના સામાજિકો ટોળે મળતા. નાટ્યકારે સમાજના બધા સ્તરના લોકોને રીઝવવાનું પ્રયોજન રાખીને, ઉચ્ચ કવિતાથી માંડીને ગ્રામ્ય રમૂજ પ્રેરનારી પરિસ્થિતિનાં ચિત્રણ રજૂ કરવાની તેવડ રાખવી પડતી. પરિણામે નાટકો અનેક વિરોધાભાસથી ભરેલાં અને શિષ્ટતા તેમજ અશ્લીલતાના મિશ્રણરૂપ બની રહેલાં લાગતાં. સામાજિકોમાં મોટો સમુદાય કુતૂહલને ઉશ્કેરે તેવી સનસનાટીભરી ઘટનાઓમાં રાચનારો, તત્કાળ ખડખડાટ હસાવે અને વળી તરત આંસુ પડાવે તેવી પરિસ્થિતિઓમાં લિજ્જત લૂંટનારો હતો. નાટ્યકારને આ વિશાળ જનસમુદાયની રુચિ–આકાંક્ષા સંતોષવાની સજ્જતા રાખવી પડતી. (ચાલુ)


સાહિત્યસંપર્ક

સાહિત્યના ભેખધારી
સ્વ. વિજયરાય વૈદ્ય

ચોપન વર્ષ પહેલાંની વાત. સ્વ. દેશળજી પરમાર, ધૂમકેતુ આદિ મિત્રોના સાથમાં સૌરાષ્ટ્રના સાંકડા સીમાડાઓમાં સાહિત્યની દિશામાં કૈં કૈં કરવાનાં સ્વપ્નો ઘડતાં ઘડતાં પાંખો ફફડાવીને અમદાવાદ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં હું કામ કરતો હતો, ત્યારે ભાવનગરથી મુ. મિત્ર રવિશંકર રાવળનો પત્ર આવ્યો કે 'કેટલાક નવલોહિયા સાહિત્યકારો 'ચેતન' નામનું એક માસિક શરૂ કરે છે. બટુભાઈ ઉમરવાડિયાની સાથેના એના બીજા તંત્રી વિજયરાય કલ્યાણરાય ભાવનગરના છે. એમને ગોંડલના તમારા મિત્રવર્તુલને તમારા હસ્ત-લિખિત 'જ્ઞાનાંજલિ'ની વાત કરી છે. તેઓ અમુક દિવસે ભાવનગરથી નીકળી મુંબાઈ જાય છે. તમને મળવા ઉત્સુક છે. એમને અમદાવાદ સ્ટેશને મળજો.'

મળ્યા. નીચી કાઠીના પાતળિયા દેહ અને બીડેલા હોઠ પર જાડા નાક પરનાં ચશ્માંમાંથી ચમકતી તેજસ્વી આંખોવાળા વિજયરાયે હોંશભેર નવો બહાર પડેલો 'ચેતન'નો અંક આપ્યો. થઈ શકી તેટલી પોતાની સાહિત્ય વિભાવનાની વાતો કરી... એ ઈ. ૧૯૨૦નો ઉનાળો હતો.

'ચેતન: તેની ભાવના અને કાર્યક્રમ' એ નામના પહેલા અંકમાંના નવ પાનાના તંત્રીલેખમાં વિજયરાયનું ગજું માપી શકાતું હતું. એ ગજું એમણે ચાર વરસ રહીને 'કૌમુદી' ત્રૈમાસિકમાં એવા સ્વરૂપે કાઢ્યું કે ગુજરાતના





ઈ. ૧૯૨૩માં શ્રી રવિશંકર રાવળે કરેલો સ્કેચ : સાથેના લેખના સંદર્ભમાં

સાહિત્યકારો દંગ થઇને જોઈ રહ્યા. એ 'કૌમુદી' ને તેની પછીના 'માનસી'એ સાહિત્યના—ખાસ કરીને વિવેચનના ક્ષેત્રમાં કરેલા કામને આજ અરધી સદી સુધીમાં કોઈ આંબી શક્યું નથી.

'ચેતન'થી જ એ તેજના તણખા ઊડવા શરૂ થએલા. ત્યારે બાવીસ વર્ષના એ તીખા તરુણે નરસિંહરાવ જેવા ખૂંખાર વડીલને 'ચેતન'નાં પાનાં પર જે ઊંચકેલા તેણે સાહિત્યજગતમાં તરખાટ મચાવેલો. ત્યારે 'ચેતન' એ બટુભાઈ, વિષ્ણુપ્રસાદ, ચંદ્રશંકર બુચ (પાછળથી 'સુકાની') ધૂમકેતુ, દેશળજી પરમાર આદિનાં 'ન્યૂ રાઇટિંગ'નું વાહક હતું.

ઈ. ૧૮૯૭ની ૭મી એપ્રિલે ભાવનગરમાં વડનગરા નાગર જ્ઞાતિમાં એમનો જન્મ. પ્રાથમિક શિક્ષણ ત્યાં જ લઈ, માધ્યમિક મુંબાઈમાં પૂરું કરી ૧૯૧૪માં મૅટ્રિક થયા, ને પછી મુંબાઈ વિલ્સન, ભાવનગર સામળદાસ ને ફરી મુંબાઈ કૉલેજમાં અભ્યાસ કરી ઈ. ૧૯૨૦માં સંસ્કૃત સાથે ઇંગ્લિશ ઑનર્સ લઈને બી.એ. થયા. એમનું સાહિત્યપુદ્ગલ મુંબાઈના કૉલેજકાળ દરમિયાન સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યના પ્રશિષ્ટ સાહિત્ય તથા વિવેચનના ગ્રંથોના અધ્યયનથી બંધાયું. ઉપરાંત યુનિવર્સિટી અને પિટિટ લાયબ્રેરીઓમાં આવતાં 'ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટ'માંના વિવેચનલેખોથી માંડી 'નેશન–ઍથીનિયમ' અને 'જૉન ઓ'લંડન્સ વીકલી'-માંના વાઈ. વાઈ.ની સહીથી લખતા રૉબર્ટ લિન્ડના હળવા નિબંધો સુધીના ફલક પરના

શબ્દકથા : અખણિયાત,-તું,-રું

'ભગવદ્‌ગોમંડળ'માં 'ક્યાં તમારા વિના અખણિયારું રહેવાનું છે?' એ રીતે ઉદાહરણ આપીને 'અટકી પડાય તેવી સ્થિતિ', 'ન જ ચલાવી શકાય તેવી હાલત' એ પર્યાયાર્થ આપી બીજો અર્થ 'ઊણપ આવે એવું', 'ન ચાલે તેવું' એવો આનુષંગિક અર્થ આપ્યો છે. ત્રીજો અર્થ 'ઓશિયાળું' આપ્યો છે. 'અખણિયારું'નો 'ઓશિયાળું' અર્થ મારા સાંભળવામાં આવ્યો નથી. પહેલો અર્થ સ્વાભાવિક તો છે જ, પરંતુ શબ્દનો એ સીધો શબ્દાર્થ તો લાગતો જ નથી. આ શબ્દ, મારો ખયાલ છે ત્યાં સુધી, સૌરાષ્ટ્રમાં મર્યાદિત છે, સાથોસાથ આવનાર તરફ વક્તાની અરુચિનો ભાવ બતાવે છે. જો શબ્દ 'ખણિયારું' હોય તો સં. 'ખનિત + આકારકં' > પ્રા. 'ખણિયારઅં' > અપ. 'ખણિયારઉં' > ગુ. ખણિયારું = જેનો ખોદાયેલો દેખાવ છે તેવું; અર્થાત્ 'ખોદી કાઢેલું.' અને તો 'અ-ખણિયારું'—'ખોદી કાઢ્યા વિનાનું' એટલે કે 'ધાડ પાડવા આવ્યો હોય અને ખોદવું હજી શું બાકી રહી ગયું છે તેવું', આવો એ ભાવ આપી શકે. 'અખણિયાત,-તું' એ પછી સ્થાનિક રૂપાંતર માત્ર હોય.

કે. કા. શાસ્ત્રી

એમના વાચનની અસર પાછળથી એમનાં સર્જન-વિવેચનમાં મહોરી ઊઠી.

ઈ. ૧૯૨૪ના ઑક્ટોબરમાં એમની કીર્તિદા 'કૌમુદી' (ત્રૈમાસિક)નો પહેલો અંક બહાર પડ્યો ત્યાં સુધીમાં એમણે ('ચેતન'ના સંપાદન ઉપરાંત) યોગક્ષેમ માટે એક સહકારી બૅંકમાં કૅશ્યર તરીકે, પછી 'હિન્દુસ્તાન' અઠવાડિકના તંત્રી તરીકે અને બાદમાં 'યુગધર્મ'ના સંપાદક તરીકે ને પછી કનૈયાલાલ મુનશીની સાહિત્ય-સંસદના મુખપત્ર 'ગુજરાત'ના સંપાદક તરીકે કામ કર્યું. પણ એમના જીવને ચેન નહોતું. શુદ્ધ સાહિત્ય-પત્ર માટેનો એમનો ઉચ્ચ આદર્શ અને એની સિદ્ધિ અર્થે ભેખ લેવા સુધીના એમના તલસાટની પ્રતીતિ એમણે ચલાવેલાં 'કૌમુદી'–'માનસી'એ ગુજરાતને કરાવી આપી.

એ ભેખની ભાવના કેટલી ઉચ્ચ હતી તેનો નિદર્શક એક નાનો પ્રસંગ યાદ આવે છે. આ સાથે પ્રકટ કરેલો એમનો શ્રી રાવળે (આ લખનારના હસ્તલિખિત 'ધ્વનિ' માટે કરેલો) સ્કેચ કદાચ શ્રી રાવળ અન્ય કોઈ સામયિકમાં પ્રકટ કરી–કરાવી દેશે તો પ્રચ્છન્ન રહેવાનું પોતાનું વ્રત તૂટશે એ ભયે એમણે (શ્રી રાવળ મુંબાઈ જતા હતા ત્યાં અમદાવાદ સ્ટેશન આવીને) એમને પગે પડીને રડતાં રડતાં આજીજી કરેલી અને એ કદી પ્રકટ નહિ કરવાનું વચન લીધેલું. આજ એમના અવસાન સુધી એ વચન પાળ્યું છે. સાહિત્યસેવાર્થે એમણે જેમ વર્ષો સુધી માથું ખુલ્લું રાખ્યું, મોટે ભાગે ભગવા ખેસ સાથેનાં ખાદીનાં વસ્ત્રો જ પહેર્યાં, એમ પોતાની છબિ ઘણા કાળ સુધી પ્રકટ થવા ન દીધી.

પણ એમની ભેખની ભાવના સાથે ધીરેધીરે એક વિચિત્ર વૃત્તિ ઘર કરતી જતી હતી. ગુજરાતી સાહિત્ય પ્રીત્યર્થે પોતે કરેલા અર્પણની સામે ગુજરાતની એ ફરજ છે કે પોતાનો અને પોતાની પ્રવૃત્તિઓનો બોજ તેણે ઉપાડવો જોઇએ, તેમજ પોતાનું એવું ઉધરાવવું ગનીમત છે એમ એ માનતા થતા જતા હતા. અને (માનસી) મંદિરનો ઘંટનાદ વારેવારે વગાડતા હતા. આમ ભેખ ધીરેધીરે ભીખનું સ્વરૂપ લેતો થયો એ એમના જીવનની એક ખિન્નકર બાબત હતી. એમના પ્રત્યેની ચાહના અને આદરને કારણે સ્વ. ક઼. મો. ઝવેરીથી માંડી અનેક મુરબ્બીઓ ને મિત્રો મને-કમને એમને સહાયભૂત થતા, પણ સૌ મનમાં સમસમી રહેતા.

ઈ. ૧૯૨૪થી '૩૭ સુધીનાં તેરેક વર્ષ—એક તપ ને એક વર્ષ—'કૌમુદી' આદિ પાછળ ગાળી ૧૯૩૭થી '૪૯ સુધીનાં બાર વર્ષનું બીજું તપ એમણે સૂરતની જાણીતી એમ. ટી. બી. કૉલેજના ગુજરાતી વિષયના પ્રાધ્યાપકપદે રહી શિક્ષણકાર્ય કર્યું અને ત્યાર પછીનો અવસાન સુધીનો સમય શિક્ષણ અને સાહિત્યની યથાશક્તિ સેવા કરવામાં જ વીતાવ્યો.

પંડિત યુગ પછી રોમૅન્ટિક શૈલીના વિવેચનની એમણે શરૂઆત કરી અને 'કૌમુદી'ના-સેવક-ગણમાં એમના સાથી વિશ્વનાથ મગનલાલ ભટ્ટની સાથે એમનાં વિવેચનોએ એક પ્રકારની ધાક બેસાડે એવું નામ કાઢ્યું.

'કૌમુદી'–'માનસી'ના ગાળા દરમિયાન 'સાહિત્યિક પત્રકારત્વનો મધ્યાહ્ન તપાવનાર સંપાદક તરીકે જ નહિ પણ એક નિર્ભીત, સ્પષ્ટભાષી, વિવેકપૂત અને વિદ્વાન વિવેચક તરીકેની ખ્યાતિ એમને વરી ચૂકી હતી.' વિવેચન ઉપરાંત નિબંધો, હળવી નિબંધિકાઓ, સંશોધન, ચરિત્ર, પ્રવાસ આદિ વિવિધ ક્ષેત્રોમાં એમની કલમ ચાલી છે. ડાયરી-નોંધ રૂપે લખાતી 'વાસરિકા' એમની નિજી વિશિષ્ટતા હતી, જેમાં એમના વિશાળ વાચન-ચિંતન-ચર્ચાનું પ્રતિબિંબ પડતું. એમની શૈલી જરા જટિલ પણ રંગદર્શી હતી ને એમની એ રંગદર્શિતા એમના વિવેચનથી માંડી એમનાં પુસ્તકોનાં નામભિધાન સુધી રેલાતી: જેમ કે પોતાના પ્રારંભકાળના (પ્રથમ) લેખસંગ્રહનું નામ હતું 'પ્રભાતના રંગ'; એ જ રીતે 'નાજુક સવારી'માં હળવા નિબંધો, 'ખુશ્કી ને તરી'માં પ્રવાસલેખો, 'જૂઈ ને કેતકી'માં જૂઈ જેવાં સુંવાળાં ને કેતકી જેવાં કાંટાળાં વિવેચનો, 'શુક્રતારક'માં ગુજરાતી સાહિત્ય-વિવેચનના ભળકિયા તારા સમ નવલરામનું ચરિત્ર, 'પારસના સ્પર્શે' અને 'નીલમ અને પોખરાજ'માં તથા 'માણેક ને અકીક'માં વિવેચનલેખો, 'લીલાંસૂકાં પાન' અને 'ઊડતાં પાન'માં સાહિત્ય સંશોધનની છૂટક નોંધો... ઉપરાંત 'દરિયાવની મીઠી લહર', 'નાનાલાલ કવિની જીવનદૃષ્ટિ', 'ઋગ્વેદકાળનાં જીવન અને સંસ્કૃતિ', 'સૌરાષ્ટ્રનો મંત્રીશ્વર', 'ગત શતકનું સાહિત્ય' અને 'વિનાયકની (પોતાની) આત્મકથા' સુધી એમની કલમ વિહરી છે.

પણ ('પરંતપ'ના શબ્દોમાં) 'બધાં કરતાં સૌથી વિશેષ ધ્યાનાકર્ષક તો છે એમની 'ગુજરાતીસાહિત્યની રૂપરેખા'. એમાં ગુજરાતી સાહિત્યના આદિકાળથી અર્વાચીન કાળ સુધીનો ઇતિહાસ જ નથી, ઇતિહાસ ઉપરાંત સમગ્ર સમયપટના સાહિત્યનું સંક્ષેપમાં પણ અભ્યાસમંડિત અને રસનીતરતી શૈલીથી રસાએલું તાજગીભર્યું અવલોકન-વિવેચનપણ છે. વિજયરાયની અભ્યાસપરાયણતા, ઝીણવટ, ચોકસાઈ અને ખંત, એ પ્રકૃતિની સકલ ગુણસંપત્તિના તેજથી એ પુસ્તક (ના ભાગ) દીપ્તિમંત છે.'

અરધી સદી ઉપરાંતના એ મિત્રનું તર્પણ કરતાં આર્દ્રતા અનુભવું છું. —ઈ. ત.

કવિનો 'ઉપ-સર્ગ'

વિનીત વિવેચના

ઉશનસ્ વૃત્તિએ કવિ છે અને વ્યવસાયે અધ્યાપક; એટલે અધ્યયનશીલતા એમનામાં સ્વાભાવિક હોય જ. એમનો આ બીજો વિવેચનસંગ્રહ 'ઉપ-સર્ગ'* એમની કાવ્યપ્રીતિ ને અધ્યયનશીલતા બન્નેની પ્રતીતિ કરાવી આપે છે. અહીં સંગૃહીત થએલા નાનામોટા ત્રીસ લેખોમાંથી ચોવીસ તો કવિતા, કાવ્યાસ્વાદ, કાવ્યસંગ્રહની આલોચના વગેરે વિષે જ છે. 'કવિતા પાસેથી આપણી અપેક્ષા' નામક પ્રથમ લેખમાં આદિ કાળથી આજ સુધીમાં કાવ્યવિભાવના કેવી બદલાતી રહી છે તેની સ્પષ્ટતાથી વાત કરી છે. ઉત્કૃષ્ટ કાવ્યનિર્મિતિ કેવી હોય તે વિષે એમણે દર્શન અને આનંદનો સમન્વય કરતી રસાન્વિત કલાનો પક્ષ લઇને પણ સન્નિષ્ઠ પ્રયોગશીલતાને ચઆવકારી છે. તો તેના અધઃપાતનું દુઃખ (પૃ. ૨૦) પણ વ્યક્ત કરેલું છે. 'ઊર્મિકાવ્ય પરત્વે આકૃતિચિંતન' નામક નાનકડા લેખમાં કલાસર્જન માટે આકૃતિ અને પ્રત્યાયન બન્નેનો સમન્વય કરી બન્નેની સમ્યક્તા સમજાવી છે. ત્રીજા, ચોથા અને પાંચમા લેખમાં સમગ્ર કાવ્યપ્રવાહને અનુલક્ષી 'ગાંધી પ્રભાવ', 'છંદોરચનામાં નાવીન્ય' તથા 'ધર્મ-

સમન્વય'ના મુદ્દાઓને વિશદતાથી ચર્ચ્યા છે. એમાં ચોથા લેખમાં છંદોરચનાના નાવીન્યની વાત કરતાં કરતાં આકૃતિરચનાના નાવીન્યની વાત પણ આવી ગઈ છે, તેને છંદોરચનાનું નાવીન્ય કઈ રીતે સમજવું? સાતમા લેખમાં જપાની કાવ્યપ્રકાર હાઈકુનું સ્વરૂપ સમજાવવાનો સુપેરે પ્રયાસ થયો છે, અને 'હાઈકુમાલા'ની શક્યતા એમણે ચીંધી છે. બાકીના લેખોમાં નર્મદ, કાન્ત, ઠાકોર, સ્નેહરશ્મિ, સુંદરમ્, ઉમાશંકર, બેટાઈ, શશિશિવમ્, રમેશ પારેખ આદિ કવિઓના સંગ્રહ કે કૃતિના ઉપલક્ષમાં તેમના કવિકર્મ અને કાવ્યસિદ્ધિ-અસિદ્ધિની તાટસ્થ્યપૂર્ણ ચર્ચા કરેલી છે. સત્તર, અઢાર અને ઓગણીસ એમ ત્રણ લેખો મુનશી પરના છે, તો છઠ્ઠો લેખ ગીતા પરનો છે. અઠ્ઠાવીસ અને ઓગણત્રીસમા લેખ પણ અનુક્રમે વિવેચન સંગ્રહ અને આત્મકથા જેવાં પુસ્તકો વિષેના છે.

શ્રી ઉશનસ્‌નાં આ આસ્વાદ-અવલોકનો કે વિવેચન-વિવરણોમાં એમની તોલનવૃત્તિ અને અભિવ્યક્તિની સ્પષ્ટતાનાં દર્શન કરી શકાય છે. સર્જક જૂનો હોય કે નવો, પોતાનો પરિચિત હોય કે અપરિચિત, સિદ્ધહસ્ત હોય કે સિદ્ધિપથ પર ડગ માંડતો હોય, પરંતુ ઉશનસે સહેજ પણ શેહશરમ કે પૂર્વગ્રહમાં પકડાયા વગર નિષ્પક્ષ રીતે પોતાનો જ અભિપ્રાય હિમ્મતપૂર્વક અભિવ્યક્ત કરવામાં વિવેચકનો યથાર્થ ધર્મ બજાવ્યો છે. આમ કરવા જતાં એમણે ક્યાંય આક્રોશ દાખવ્યો નથી, ઊહાપોહ જગાવ્યો નથી, લળીલળીને ઓવારણાં પણ લીધાં નથી. એમને જેના વિષે જે લાગ્યું તે નિખાલસતાથી અને નીડરતાથી કહ્યું છે—પણ વિનીતતા ચૂક્યા વગર. એમની આ વૃત્તિ જ એમને સહ-અનુભૂતિશીલ બનાવે છે અને સાચા વિવેચક માટે એ પણ જરૂરી ખરું જ ને? હા, કેટલેક સ્થળે એમણે પ્રગટ કરેલાં મંતવ્યો ચિંત્ય લાગે છે(અને અશેષ અચિંત્ય વિવેચના કોઈની યે મળી છે ખરી?), જેમકે 'કાન્ત તો વળી પૂરા કહના ખ્રિસ્તી કવિ જ છે' (પૃ. ૫૯), ...'હિન્દુ પ્રજાની પેલી પ્રસિદ્ધ દ્રાવણશક્તિ ઓછી થતાં મુસ્લિમોને આર્યપ્રજામાં વિલીન કરી શકાયા નહિ, જેનું રાજકીય પરિણામ પાકિસ્તાન જેવા અલગ દેશમાં આવ્યું.' (પૃ. ૫૪)

લેખકે વિવેચનની પરિભાષાનો અતિ ઉપયોગ કર્યા વગર પણ સારું પરિણામ નિપજાવી આપ્યું છે, એટલે આ લેખો પરિભાષામાં બંધાઈ બીબાંઢાળ બની ગયા નથી. કાવ્યનો આસ્વાદ કરાવવાની એમની શક્તિનો પરિચય પણ 'પ્રો. ઠાકોરની પ્રાર્થના અને "આતમરામ"નો આસ્વાદ' જેવા લેખોમાં થઈ રહે છે. એમાં ક્યારેક ઝીણું કાંતવા જતાં ગૂંચ પડી જતી હોય

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. હસમુખ સાંકળિયા

જન્મ : મુંબાઈમાં તા. ૧૦-૧૨-૧૯૦૮. એમ. એ., એલએલ. બી. અને યુનિ૦ કૉલેજ-લંડનના પીએચ. ડી., ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, મધ્ય પ્રદેશ, રાજસ્થાન ને કાશ્મીરમાં એમણે ઉત્ખનનો કરેલાં છે. પુરાતત્ત્વવિષયક ૧૫૦ અંગ્રેજી, ૪૦ ગુજરાતી, ૧૫ હિંદી ને ૨૦ મરાઠી લેખોના લેખક. પૂનાની વિખ્યાત ડેક્કન કૉલેજમાં પ્રાધ્યાપકથી માંડી નિયામક સુધીના ઉચ્ચ પદ પર કાર્ય કરવા ઉપરાંત જવાહર નેહરુ ફેલોશિપ, પુરાતત્ત્વવિષયક ઉચ્ચ કક્ષાની વિવિધ પરિષદોમાં ભારત ઉપરાંત પારી(સ) ને મૉન્ટ્રીઅલમાં પ્રમુખ ને વિભાગીય પ્રમુખ, ડૉ. દાદાભાઈ નવરોજી પારિતોષિક, રણજિતરામ સુવર્ણચંદ્રક, પ્રોફેસર એમરિટસ ને પદ્મભૂષણ સમાં વિવિધ માન પામેલા તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉજ્જ્વળ કીર્તિ વરેલા આરૂઢ સમર્થ વિદ્વાન.

૧ પુરાતત્ત્વવિદ્ થવા માટે શી આવડત—યોગ્યતા હોવી જોઇએ?

ઉ. પ્રથમ તો ઐતિહાસિક મૂલ્યવાળી બાબતોની પરખ સાથે પુરાતત્ત્વ વિષેનો વિસ્તૃત અભ્યાસ હોવો જોઇએ. વળી, ગમે તેવી પરિસ્થિતિમાં યે રખડપટ્ટી કરવાની શક્તિ અને નિશ્ચિત પરિણામ ન આવે ત્યાં સુધી કાર્ય જારી રાખવાની ધીરજ પણ જોઇએ. જે પ્રશ્ન હાથ ધર્યો હોય તેનું મહત્ત્વ સમજી લીધું હોય તો વિદ્વાનો અને સાધારણ સમાજને પણ એ સંશોધનમાં સક્રિય રસ લેતા કરી શકાય.

૨ મોંહ-જો-ડેરો વિષે આપ શું કહો છો?

ઉ. દુનિયાભરમાં એટલી પ્રાચીન ને વિકસિત એ એક જ સંસ્કૃતિ હતી. આજથી ૪૫૦૦ વર્ષ પહેલાં પંજાબ, સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર ને ગુજરાત જેટલે હજારો માઈલ સુધી નગર-રચના, ઘરબાંધણી, વાસણો વગેરે જેવી અનેક બાબતોમાં સામ્ય જોવા મળે એવો એના જેવો પ્રભાવ આજે આટલાં સાધનો ને વાહનોની સગવડો ઊભી થયા પછી પણ સાધી શકાતો નથી.

૩ નર્મદા-તટની સંસ્કૃતિ વિષે ને દ્વારકા વિષે પણ કંઈ કહેશો?


ઉ. નર્મદા-તટમાં પાષાણ-કાલીન ત્રણ સંસ્કૃતિઓના વિકાસના પુરાવા મળ્યા છે; પણ એ કરતાં યે મહેશ્વર અને નાવડા ટોળીના તામ્રપાષાણકાલીન સંસ્કૃતિના પુરાવાઓનું ઘણું મહત્ત્વ છે. ત્યારે, એટલે કે ઈ. પૂર્વે ૧૬૦૦-૧૭૦૦માં ખેતી, પશુપાલન અને સુંદર વાસણો બનાવવાની કળાનો વિકાસ થયાનો ખયાલ મળે છે. ત્યાંનો માણસ માટીનાં ઘરોમાં રહેતો. ચાડાં, વાટકા વગેરે સાથે ચિતરામણવાળા અને ખાસ તો આજના વાઈન ગ્લાસ જેવી બેઠકવાળા વિવિધ આકારના પ્યાલા પણ વાપરતો. આવા પ્યાલા ભારતભરમાં માત્ર નાવડા ટોળીમાં જ મળ્યા છે, અને બીજા ઈરાન ઇત્યાદિ દેશોમાં. સંભવ છે કે ઈરાની સંસ્કૃતિ સાથે તેને કંઈક સંબંધ હશે. વળી, ત્યારે ઘઉં, જવ, ચોખા, મગ, અડદ, વાલ અને અળશીનો ઉપયોગ પણ જાણીતો હતો. છતાં અહીં હજી પથ્થરનાં પાનાં જ વપરાતાં. એટલે આ તામ્રપાષાણ યુગની સંસ્કૃતિ કહેવાય છે. દ્વારકાના તો છ યુગના અવશેષો મળ્યા છે. ત્રીજા દ્વારકાથી ત્યાં કાયમી વસવાટ થવા માંડયો હશે. એ અગાઉના દ્વારકાનો કેટલોક ભાગ સમુદ્રમાં ડૂબી ગયો હશે તેમ લાગે છે.

૪ પુરાણોનો આપે કેટલો અભ્યાસ કર્યો હશે?

ઉ. રામાયણ, મહાભારત ને ભાગવતનો. થોડા અંશે વિષ્ણુ અને સ્કંદપુરાણનો પણ ખરો. પણ મને લાગે છે કે પાછળથી લખાએલાં પુરાણોમાં અતિશયોક્તિવાળાં વર્ણનો જ વિશેષ છે.

૫ ઇશ્વર સંબંધી આપના વિચારો કેવા છે?

ઉ. ઇશ્વર છે અને નથી. માણસમાં વાસના છે ત્યાં સુધી એની પૂર્તિ માટે એ ઇશ્વરનું અવલંબન શોધે છે. વાસના દૂર થાય—જે મુશ્કેલ છે—તો ઇશ્વર જેવું કંઈ રહેતું નથી. એથી જ બુદ્ધે 'ઇશ્વર છે કે નહિ' તે વિચારવાની ના કહીને વાસનાનો ક્ષય કરવા પર જ ભાર મૂક્યો હતો.



વૃક્ષ-વેલ-પરિચય (૨૧)

શેતૂર



તૂત મેવાને નામે ઓળખાતાં, મોટી લીલી ઈયળ જેવાં લાગતાં શેતૂરની મીઠાશ તો ઉનાળામાં સૌએ ચાખી હશે. એની લાલ જાત પણ થાય છે. ગુજરાતમાં એ 'શેતૂરાં'ને નામે ઓળખાય છે. આ ઉપરાંત એક કાળી જાત પણ થાય છે.

શેતૂર મધ્યમ કદનું પાનખરી વૃક્ષ છે. એની છાલ ઘેરી મૂંજડી-બદામી, ખરબચડી ને ઊભા ચીરાવાળી. પાન વૃક્ષની વય પ્રમાણે આકાર-ભેદવાળાં, પણ નાનાં વૃક્ષ ને સારી રીતે ફાલેલાં મોટાં વૃક્ષનાં પાન ૨-૩ ઈંચ લાંબાં ને ઝૂમખાંમાં જોવા મળે. એની કિનારી કરકરિયાળી હોય છે. ફૂલ કદમાં નાનાં, લીલાશ પડતાં અને ગુચ્છાદાર. નર-માદા અલગ અલગ ઊગે. કોઈ વૃક્ષ પર કેવળ માદા અને કોઈ કેવળ નર પણ હોઈ શકે. કાળી જમીન શેતૂરને માફક આવતી નથી, પણ ભાઠાંની કાંપવાળી યા નદીકાંઠાની રેતીની ગોરાડુ જમીનમાં એ સારું ફાલે છે. વાવ્યા પછી પાંચેક વર્ષે એ ફળે છે ને ૪૦-૫૦ વર્ષ સુધી ટકે છે. શેતૂરનાં પાન પર રેશમના કીડા ઉછેરવા માટે શેતૂરના વૃક્ષનો ઉપયોગ તો જાણીતો છે.

પાનખરમાં ખરી ગયા પછી માર્ચ-એપ્રિલમાં એને નવાં પાન ફૂટે છે ને ત્યાર બાદ એકાદ મહિને ફળે છે. કેરી કે જમરૂખ વગેરેની પેઠે શેતૂરને ફળ નહિ કહી શકાય. કેમ કે એ એક જ ફૂલમાંથી નહિ પણ ફૂલના ગુચ્છામાંથી બનેલો માવા સાથેનો બીજસમૂહ છે. ઉગાડવા માટે પાણીમાં મસળીને એ માવો દૂર કરી બીજ તારવી કાઢીને વવાય છે. કલમ કરીને પણ શેતૂર ઉગાડાય છે.

શેતૂર કે શેતૂરાં ગુણમાં શીતળ હોઈ તણખિયો, ઊનવા, તૃષા ને દાહ ઉપર અપાય છે. તેનાં પાનનો કલ્ક પણ આ વ્યાધિઓમાં ગુણકારી છે. શેતૂરનું શરબત પણ બને છે. શેતૂરનું લાકડું રમતનાં સાધનો ને ઓજારોના હાથા વગેરે બનાવવામાં કામ લાગે છે. □



મધુકરી

સરસ્વતીનું વીણાવાદન, વરલક્ષ્મી વરદાન,
ખનીજનો ખુશહાલ ખજાનો, ઉદ્યમનાં ઉદ્યાન:
નવરચનાના યજ્ઞકુંડમાં પુરશ્ચરણ ને હોમ...
પાવાગઢ ને પુરી દ્વારકા, સોમનાથ, ગિરનાર,
ભાગ્યભગીરથનું તું તીરથ અલકાનો અવતાર:
સરિતાતટથી અમિયલ ધારા - સાગરતટનું જેમ
અમારાં વંદન ગુર્જરભોમ.

(ગુજરાત રાજ્યના સ્થાપનાદિને) —વેણીભાઈ પુરોહિત

શ્વેત ક્રાંતિના પુરોહિત મણિભાઈ દેસાઈ

ગાંધીજીને જેમનાં કાર્યોથી પૂર્ણ સંતોષ હતો, આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી બાર વર્ષ સુધી વિકાસ કાર્યમાં જ ખૂંપી રહેવાના એમના સૂચનને જેમણે શિરસાવંદ્ય ગણી સ્વીકારી લેતાં ગાંધીજીએ જેમને ઉરૂલીકાંચનના કેન્દ્રને વિકસાવવા એક લાખ રૂપિયા સોંપ્યા હતા એ મણિભાઈ દેસાઈએ આદરેલી ઉરૂલીકાંચનની સુધારણામાં તો હજી એમના કાર્યનો પ્રારંભ જ હતો. આથી યે મોટું કામ એમણે પછી હાથ ધર્યું. એમણે જોયું કે ભારતનાં લાખો ગામડાંની કરોડરજ્જુ ખેતી અને ગોપાલન જ છે. એમણે તે પ્રતિ લક્ષ્ય વાળ્યું. આ બન્નેમાંથી એકેય કામનો એમને અનુભવ નહોતો, પણ એમણે એ અંગે પોતાની રીતે અભ્યાસ આદર્યો. બાળકોબાજી સાથે પંજાબ, હરિયાણા, સૌરાષ્ટ્ર વગેરેના પ્રવાસ ખેડી ગિર, કાંકરેજી ને શાહીવાલ જાતની થોડી ગાયો ચૂંટીને એકઠી કરી. નાનકડી ગૌશાળા સ્થાપી ને અનેકવિધ પ્રયોગો કરી દૂધનું ઉત્પાદન વધારવા માંડયું. જે ગાયો માત્ર શેર-દોઢ શેર દૂધ આપતી તેના વંશની ઉરૂલીકાંચનમાં એમણે ઉછેરેલી ગાયો અખિલ ભારતીય દૂધ સ્પર્ધામાં પ્રથમ કક્ષાની બનાવી એમણે એ ગૌશાળાને ગોપાલરત્નનું બિરુદ અપાવ્યું. વળી જાનવરોના રોગ વિષે પણ અભ્યાસ કરી રોગથી મરેલાં ઢોરને જાતે ચીરી ચીરીને રોગની અસર ને ઢોરની શરીરરચનાનું ઊંડું જ્ઞાન મેળવી લીધું.

બીજી બાજુ ઉરૂલીકાંચનના નિસર્ગોપચાર કેન્દ્રનું વિકાસકાર્ય પણ જારી જ હતું. અન્ય વિવિધ ઉપચારપદ્ધતિથી હારીને આખરે અહીં આવેલા દર્દીઓને સૂર્યસ્નાન, આસનો, માટીના પ્રયોગો, સાદો આહાર વગેરે જેવા કુદરતી ઉપચારો વડે સાજા કરવામાં આ કેન્દ્ર એંશી ટકા જેટલી સફળતા પ્રાપ્ત કરવા જેટલે પહોંચી જઈને આજે દૂર વિદેશો સુધી ખ્યાત બની ગયું છે. આર્થિક દૃષ્ટિએ એને સ્વાવલંબી બનાવવામાં મણિભાઈએ અહીંની ગૌશાળા અને જમીનનો ઉપયોગ કર્યો છે. દૂધ ઉત્પાદન વધારવા સાથે એમણે અહીં એક એકરે ૩૦ હજાર કિલો જેટલી દ્રાક્ષ ઉતારવા જેવા કૃષિવિષયક સફળ પ્રયોગો કર્યા છે. સીતાફળ ને રામફળની કલમ જોડીને લક્ષ્મણફળ, તથા લક્ષ્મણફળ અને સીતાફળના મિશ્રણથી હનુમાનફળ ઉપજાવવા જેવા પ્રયોગો પણ એમણે સિદ્ધ કર્યા.



પણ ગોપાલનનો વિકાસ તો જાણે એમનું જીવનકાર્ય બની રહ્યો. આ માટે આ ક્ષેત્રે અગ્રગણ્ય દેશોના મિલ્કબોર્ડ સાથે પત્રવ્યવહાર કરી એમણે નામી ગણાતી જર્સી, હોલ્સ્ટીન ફ્રીઝિયન, બ્રાઉન સ્વિસ, આઈશાયર વગેરે જાતની ગાયોનાં શારીરિક બંધારણ ને લાક્ષણિકતાઓનું જ્ઞાન મેળવ્યું. ઈ. ૧૯૬૭માં 'ભારતીય કૃષિ-ઉદ્યોગ પ્રતિષ્ઠાન' નામે એક સંસ્થા પણ સ્થાપી. ભારતીય ગાયોમાં પરદેશી ગાયો જેવી લાક્ષણિકતા ઉતારવા અંગે ગોપાલન નિષ્ણાતો સાથે

ચર્ચા-વિચારણા કરી. એમની આવી અનેકવિધ પૃચ્છા અને એમના કાર્યથી આકર્ષાઈ એમને પોતાને ત્યાંના ગોપાલનનો પ્રત્યક્ષ અભ્યાસ કરવા પરદેશમાંથી નિમંત્રણો મળ્યાં અને તદનુસાર ઈ. ૧૯૭૧માં એમણે પરદેશ જઈ ઠેરઠેર ને ઘેર ઘેર ફરીને ગોપાલન અંગેની પોતાની ધગશ અને જ્ઞાન-પરિચયથી સૌને ખુશ કરી ત્યાંથી ૧૦૦ જર્સી ને ૧૦૦ હોલ્સ્ટીન ફ્રીઝિયન વાછરડીઓ ભેટ મેળવી ભારત આણી.

સુરતના અનાવિલ આશ્રમમાં રેશનિંગના અનાજ અંગે ગૃહપતિએ કંઈક ઘાલમેલ કરવા માંડેલી, ટ્રસ્ટી સુધી એની ફરિયાદ પહોંચી. જૂના ને માનીતા ગૃહપતિ સામે ટ્રસ્ટીઓને શંકા કરવી યોગ્ય લાગી નહિ. પરંતુ છાત્રાલયના જ એક વિદ્યાર્થીએ બીડું ઝડપી નક્કર પુરાવાઓ રજૂ કરી આપ્યા અને ગૃહપતિને રજા મળી. છાત્રાલયની વ્યવસ્થા માટે વિદ્યાર્થીઓનું જ એક મંડળ રચાયું ને પેલા વિદ્યાર્થીને તેનું નેતૃત્વ અપાયું. પછી તો એ વિદ્યાર્થી અહીં રહી છેક બી.એસસી. સુધી પહોંચ્યો. એની તેજસ્વિતા સૂરતની વિખ્યાત કલુ-દલુ(કલ્યાણજી દયાળજી)ની જોડીની નજરમાં પણ વસી ગઈ હતી.

એ વિદ્યાર્થી તે જ મણિભાઈ ભીમભાઈ દેસાઈ. સૂરત જિલ્લામાં કામરેજ તાલુકાના કોસમાડા ગામમાં ઈ. ૧૯૨૦માં એમનો જન્મ. પિતાનું છત્ર તો નાનપણમાં જ ખોએલું, પણ માતાએ થોડીશી સાધારણ ખેતીના ટેકે ચાર દીકરા ને એક દીકરીને ઉછેર્યાં. આગળ જતાં મણિભાઈએ દેશહિતલક્ષી જે પુરુષાર્થ સાધ્યો એ સૌ કોઈને પ્રેરણારૂપ છે.

સ્વાતંત્ર્યની લડત વેળા એકાદ વર્ષ ભૂગર્ભમાં કામ કરી એમણે જેલવાસ પણ વેઠ્યો. ત્યાં એમને રવિશંકર મહારાજનો પરિચય થયો. સ્વ. મહાદેવભાઈ દેસાઈના પિતરાઈ શાંતિભાઈ દ્વારા તેઓ ગાંધીજીના પરિચયમાં આવ્યા ને એમની જ સૂચનાથી સેવાગ્રામમાં નરહરિભાઈ પરીખના ગ્રામસેવાના વર્ગમાં એમણે તાલીમ લીધી. મણિભાઈની ધગશ અને શક્તિને પારખી ગએલા ગાંધીજીએ ઉરૂલીકાંચનમાં એક આદર્શ નિસર્ગોપચાર કેન્દ્ર વિકસાવવા બાળકોબાજીની સહાયમાં તેને મોકલ્યા. નાચતમાશા ને દારૂની લતમાં સબડતા એ ગામમાં પહોંચી પ્રથમ ત્યાંની મરાઠી ભાષા શીખી લઈ એમણે બાળકોબાજીની સાથે રહી ગ્રામસેવાનો પ્રારંભ કર્યો. ત્યાંના એક ભગ્ન મંદિરની જાતે સાફસૂફી કરી. ગામના થોડા જુવાનિયાઓને આકર્ષી ધીરેધીરે ત્યાં ફૂલવાડી રચીને ગ્રામજનોને ઊઠવાબેસવાનું એક સારું સ્થાન બનાવીને આરંભેલા એ કાર્યમાં પછી તો એમણે ગામમાંથી જ ફાળો કરી મંદિરનો જીર્ણોદ્ધાર પણ કર્યો, ને એના ઉદ્‌ઘાટન નિમિત્તે હલકા મનોરંજનના તમાશાને બદલે શિવાજી-સંભાજીનું નાટક રજૂ કરી ગ્રામજનોના મનોરંજનને સ્વસ્થ વળાંક આપ્યો. પછી તો એમાંથી ઊભી થએલી મંડળીએ બહેન-દીકરીઓ ને આબાલવૃદ્ધ સૌ સાથે બેસીને માણી શકે એવાં નાટકો આપવા માંડ્યાં. નવું મંદિર હવે ગામના નાક સમું એક આદર્શ મિલનસ્થાન બની રહ્યું. પછી તો શાળા પણ ચાલુ કરી, જેનો વિકાસ થતાં આજે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ ત્યાં ભણતા થઈ ગયા છે. આ સાથે ગામની સફાઈ પણ આદરી. ગોપુરી પ્રકારનાં સામૂહિક સંડાસો બનાવ્યાં. બહેનો માટે પણ એવી જ અલગ વ્યવસ્થા ઊભી કરી ને ગામલોકો પર જ એની સફાઈસ્વચ્છતાનો ભાર મૂકી ગામને સ્વચ્છ-નીરોગી બનાવવા સાથે સોનખાતનું એક કેન્દ્ર પણ ઊભું કર્યું. દારૂની બદી પણ ગામમાંથી કાઢી. આમ, ધીરે ધીરે ગ્રામપંચાયત, ગામની મંડળી, હોમગાર્ડ્ઝ, સંસ્કાર પથક, શાળાસમિતિ વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપાડી, એનું નેતૃત્વ લઈ મણિભાઈએ ઉરૂલીકાંચનને બદીઓથી મુક્ત એક સ્વચ્છ સુંદર આદર્શ ગામ બનાવી એને સુખશાંતિના માર્ગે ચડાવી સૌનો પ્રેમ સંપાદિત કર્યો.

ઉરૂલીકાંચનમાં એમણે વિકસાવેલી ગૌશાળાથી પ્રભાવિત થઈ ઈંગ્લૅન્ડના ડેરી બોર્ડે, મણિભાઈની જરૂરત જાણી લઈ ઉત્તમ જર્સી સાંઢના થીજવેલા વીર્યના પાંચ-છ હજાર ડોઝ, તેને જાળવવાનાં સાધનો ને પ્રવાહી નાઇટ્રોજન વગેરે ભેટ આપેલાં. આવી જ રીતે ગાય પ્રત્યેની ભારતની અહિંસક ભાવનાથી સમજાવીને ડેનમાર્કના આ ક્ષેત્રના નિષ્ણાતોને પ્રભાવિત કરી તેમની પાસેથી એમણે ૨૦૦ ડૅનિશ ગાયો તથા એની જાળવણી માટે ૩૫ લાખ રૂપિયાનાં સાધનોની ટહેલ નાખેલી તે પણ તુરત પૂરી થએલી. ઉરૂલીકાંચનમાં એમણે માવજતથી ઉછેરેલી આઠ માસની જર્સી વાછરડી ફૂળીને ૪૫ કિલો વજનના વાછરુને જન્મ આપેલો, જેનું રોજ અઢી કિલો વજન વધતું હતું હતું! ગોપાલનમાં આવા મુદ્દાઓનું ઘણું મહત્ત્વ છે. મહારાષ્ટ્રમાં ૨૯૦૦૦ દેશી ગાયોને વિદેશી સાંઢના વીર્યથી કૃતિમ રીતે ફળવતી કરવાનો એક વિસ્તૃત કાર્યક્રમ એમણે

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૧

લૂ લાગવી

ઉનાળાની અસહ્ય ગરમીમાં જે બળબળતો પવન વાય છે તેને લૂ કહે છે. આ પવનના ઝપાટાની માઠી અસરમાં વ્યક્તિને ઝાડા, શરીરમાં બળતરા થાય છે. માથું ભમે છે, ન છિપાય તેવી તરસ લાગે છે, શરીર ગરમ થઈ જાય છે ને કોઈ વાર બેભાન પણ થઈ જવાય છે. આને લૂ લાગવી કહે છે. આયુર્વેદમાં એને અંશુપાત કહે છે. ઉનાળામાં લૂની અસર ન થાય તે માટે, ને અસર થઈ હોય તો તેમાંથી મુક્ત થવા નીચેના ઉપાયો યોજવા જોઈએ:

૧) બપોરે ઘરની બહાર નીકળવું નહિ. નીકળવું જ પડે તો ઉઘાડા પગે કે ઉઘાડા માથે તો નહિ જ. તાપ અસહ્ય લાગે તો માથે એરંડાનાં પાન કે લીમડાનાં પાન મૂકી ઉપર ટોપી પહેરવી કે ફાળિયું બાંધવું. બપોરે થોડું સૂઈ જવું. પંખાની હવા ખાવી. જો બહાર ખેતરમાં કે વગડામાં હો તો વડ કે લીમડાના ઝાડ નીચે આરામ કરવો. આ ઝાડની શીળી છાંય લૂ નહિ લાગવા દે.

૨) ખોરાકમાં કાચી કેરી તથા ડુંગળીની કચુંબર, કાચી કેરીનો બાફલો, કેરીનાં આંબોળિયાં વગેરેનો વધુ ઉપયોગ કરવો.

૩) બપોરે છાશ, લસ્સી, આઈસક્રીમ, દૂધ, કૉલ્ડડ્રિંક, કેરી, ગુલાબ, ખસ કે દાડમનું શરબત પીવું.

૪) માટલાનું ઠંડું પાણી પીવું. એ પાણીમાં ખસ કે ગુલાબની પાંખડી નાખી રાખવાથી વધુ રોચક લાગશે.

૫) ખૂલતાં, ઓછાં અને આછાં કપડાં પહેરવાં. ખાદીનાં કપડાં વધુ સારાં ટેરીલિન નાયલોન ઉનાળામાં તો ન જ પહેરવાં.

૬) તરબૂચ, ટેટી, ફાલસા, દ્રાક્ષ, કેરી વગેરે ઉનાળામાં ફળો ખાવાં.

ઉનાળામાં લૂ લાગી હોય તેવી વ્યક્તિને—

૧) ઠંડા પાણીએ નવડાવી, મોઢા પર વારંવાર ઠંડું પાણી છાંટવું, માથે ભીનો રૂમાલ મૂકી રાખવો. પવન નાખવો ને ઠંડું પાણી પાવું. ૨) માથે અને કપાળે ભીની કાળી માટીનો લેપ કરવો. ૩) માથે દૂધીનું છીણ મૂકવું. ૪) મેંદી, ધરો ને લીમડાનાં પાનને છૂંદીને કપાળે મૂકવાં. ૫) કાચી કેરી તથા ડુંગળીનો રસ પાવો. ૬) ગુલકંદ, ધાત્રી રસાયન, આમલકી રસાયન, શતાવરી ક્ષીર પાક, ગળો સત્વ, ગોદંતી ભસ્મ, ચંદનાદિ ચૂર્ણ, રસાયન ચૂર્ણ, ચંદ્રપ્રભા ગુટિકા, ચંદનાદિ વટી, ચંદનાસવ, ઉશિરાસવ, ચંદ્રકલા રસ વગેરે ઔષધ-પ્રયોગો કરવા. ૭) દાડમનો રસ પાવો; દાડમ ખાવા આપવું. બીજાં ફળો ખાવાથી પણ લાભ થાય છે. સકરટેટી અને સાકરનો પણો પણ સારો. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

સંયુક્ત રાષ્ટ્રસંઘનાં સભ્ય રાષ્ટ્ર



સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૨૯મી જનરલ ઍસેમ્બ્લી સુધીનાં તેનાં સભ્ય રાષ્ટ્રોનો, રાષ્ટ્ર સંઘના આશ્રિત રાષ્ટ્રોનો તથા બિનસભ્ય રાષ્ટ્રોનો વિસ્તાર આ નકશામાં દર્શાવ્યો છે. સભ્ય રાષ્ટ્રોનાં નામ નકશામાં આપેલા અંગ્રેજી આંકડાના ક્રમમાં આ પ્રમાણે છે: **સ્થાપક સભ્યો** ૧ ઈજિપ્ત, ૨ ઈથિયોપીઆ, ૩ આર્જેન્ટિના, ૪ ઑસ્ટ્રેલિયા, ૫ બેલ્જિયમ, ૬ બોલિવીઆ, ૭ બ્રાઝિલ, ૮ રાષ્ટ્રવાદી ચીન-(હવે એનું સભ્યપદ રદ થયું છે.), ૯ ચિલી, ૧૦ કૉસ્ટારિકા, ૧૧ ડેન્માર્ક, ૧૨ ડોમિનિયન પ્રજાસત્તાક, ૧૩ એક્વાડોર, ૧૪ અલ સાલ્વાડોર, ૧૫ ફ્રાંસ, ૧૬ ગ્રીસ, ૧૭ ગ્રેટ-બ્રિટન, ૧૮ ગ્વાટેમાલા, ૧૯ હાઈતી, ૨૦ હૉન્ડુરાસ, ૨૧ ભારત, ૨૨ ઈરાક, ૨૩ ઈરાન, ૨૪ યુગોસ્લાવીઆ, ૨૫ કૅનેડા, ૨૬ કૉલમ્બિયા, ૨૭ ક્યુબા, ૨૮ લેબેનૉન, ૨૯ લાઈબીરિયા, ૩૦ લક્ઝમબર્ગ, ૩૧ મેક્સિકો, ૩૨ ન્યૂ ઝીલૅન્ડ, ૩૩ નિકારાગુઆ, ૩૪ નેધરલૅન્ડ્સ, ૩૫ નૉર્વે, ૩૬ પનામા, ૩૭ પારાગ્વે, ૩૮ પેરૂ, ૩૯ ફિલિપ્પાઈન્સ, ૪૦ પોલૅન્ડ, ૪૧ સાઉદી અરેબિયા, ૪૨ દક્ષિણ આફ્રિકા સંઘ, ૪૩ સીરિયા, ૪૪ ચેકોસ્લોવાકિયા, ૪૫ ટર્કી, ૪૬ યુ. એસ. એસ. આર., ૪૭ યુક્રેઈન, ૪૮ ઉરૂગ્વે, ૪૯ યુ. એસ. એ., ૫૦ વેનેઝુએલા, ૫૧ બેલો રશિયા. **નવાં સભ્ય**: ૫૨ અફઘાનિસ્તાન, ૫૩ આઈસલૅન્ડ, ૫૪ સ્વીડન, ૫૫ થાઈલૅન્ડ, ૫૬ પાકિસ્તાન, ૫૭ યમન, ૫૮ બર્મા, ૫૯ ઈઝરાએલ, ૬૦ ઈન્ડોનેશિયા, ૬૧ આલ્બેનિયા, ૬૨ બલ્ગેરિયા, ૬૩ સીલોન, ૬૪ ફિનલૅન્ડ, ૬૫ આયર્લૅન્ડ, ૬૬ ઈટાલી, ૬૭ જૉર્ડન, ૬૮ કમ્બોડિયા, ૬૯ લાઓસ, ૭૦ લીબીઆ, ૭૧ નેપાલ, ૭૨ ઑસ્ટ્રીઆ, ૭૩ પોર્ટુગલ, ૭૪ રૂમાનિયા, ૭૫ સ્પેઈન, ૭૬ હંગેરી, ૭૭ સુદાન, ૭૮ મૉરોક્કો, ૭૯ ટ્યુનિશિયા, ૮૦ જાપાન, ૮૧ ઘાના, ૮૨ મલયેશિયા, ૮૩ ગીની, ૮૪ સાઈપ્રસ, ૮૫ દહોમી, ૮૬ આઈવરી કોસ્ટ, ૮૭ ગૅબોન, ૮૮ કૅમેરોન, ૮૯ (બ્રાઝવિલે) કૉંગો, ૯૦ ઝાઈરે, ૯૧ માડાગાસ્કર, ૯૨ માલી, ૯૩ નાઈઝર, ૯૪ અપર વૉલ્ટા, ૯૫ સેનેગાલ, ૯૬ સોમાલિયા, ૯૭ ટોગો, ૯૮ ચૅડ, ૯૯ મધ્ય આફ્રિકન પ્રજાસત્તાક, ૧૦૦ નાઈજિરિયા, ૧૦૧ સીએરા લીઓન, ૧૦૨ મોરીટાનિયા, ૧૦૩ મંગોલિયા પ્રજાસત્તાક, ૧૦૪ બુરૂન્ડી, ૧૦૫ જમાઈકા, ૧૦૬ રૂવાન્ડા, ૧૦૭ ટ્રિનિડાદ-ટૉબેગો, ૧૦૮ અલ્જિરીઆ, ૧૦૯ યુગાન્ડા, ૧૧૦ કુવૈત, ૧૧૧ કીનિયા, ૧૧૨ ટાન્ઝાનિયા, ૧૧૩ માલાવી, ૧૧૪ ઝામ્બિયા, ૧૧૫ માલ્ટા, ૧૧૬ સિંગાપોર, ૧૧૭ ગૅમ્બિયા, ૧૧૮ માલદીવ, ૧૧૯ ગુઆના, ૧૨૦ બોટસ્વાના, ૧૨૧ લીસોથો, ૧૨૨ બાર્બાડોઝ, ૧૨૩ દક્ષિણ યમન, ૧૨૪ મોરિશ્યસ, ૧૨૫ સ્વાઝીલૅન્ડ, ૧૨૬ વિષુવવૃત્તીય ગિની, ૧૨૭ ફિજી ટાપુઓ, ૧૨૮ બેહરિન, ૧૨૯ ભુતાન, ૧૩૦ કાતાર, ૧૩૧ ઓમન અને ૧૩૨ ચીની પ્રજાસત્તાક.

('સ્કાલા' પરથી)

ગુજરાતની પ્રાચીન સાલવારી

આપણે ત્યાં જૂના સમયમાં 'ભૂગોળપુરાણ' કે એવું કોઈ અન્ય નામ આપી પૃથ્વીના કે સૃષ્ટિના આરંભથી લઈ પોતાના સમય સુધીનો જે કાંઈ ઇતિહાસ સાંભળવામાં આવ્યો હોય તે ટપકાવી લેવાનો શિરસ્તો હતો. ઇતિહાસ સાથે એનો કેટલો મેળ બેસે છે એ જુદી વાત છે, પણ પોતાના સમયમાં પ્રચલિત ઇતિહાસ કેવો હતો એનો તો એ આપણને પરિચય આપે જ છે. અહીં ગુજરાત વિદ્યાસભાના સંગ્રહમાંના એવા એક 'ભૂગોલપુરાણ'માંથી ગુજરાતને લગતી સાલવારી તેની તે ભાષામાં ઉતારવાનો પ્રયત્ન છે. સં. ૧૬૮૪ (ઈ. સ. ૧૬૨૭)ની એ હસ્તપ્રત છે. એ ઓળિયું શાહજહાં સત્તા પર આવ્યો ત્યાં અટકે છે:

હવિ ગૂજરાત માહિ રાજા હૂઆ તે કહીસિ. તે કુણ કુણ રાજા હૂઆ.

સંવત ૮૦૨ વર્ષે આષાઢ સુદિ ૩ દને ચાઉડુ વનરાજ હૂઆ તેણે

ઇતિહાસ અને ભૂગોળ

—એ બે વિષય એવા છે કે જેના ઉપર આપણે ત્યાં નહિવત્ લખાય છે. પશ્ચિમના દેશોમાં તો આને લગતાં ખાસ સામયિકો નીકળે છે. એને મુકાબલે આપણું અભ્યાસદારિદ્રય ખેદજનક છે. 'કુમાર' આ દિશામાં ખાસ પ્રયત્ન કરવા ચાહે છે. એ માટે બે પારિતોષિકો તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ :

૧) ઐતિહાસિક ટૂંકી વાર્તા કે અભ્યાસ લેખો પૈકી શ્રેષ્ઠને રૂ. ૩૦નું પારિતોષિક : 'કુમાર' તરફથી

૨) ભૂગોળના સંશોધનને લગતા કે સંશોધનકારના જીવનને લગતા અથવા ભૂગોળ–plain કે applied–વિષયક શ્રેષ્ઠ લેખને રૂ. ૫૧નું જમનાપ્રસાદ પારિતોષિક (એમના પુત્ર શ્રી નીતિન મહેતા તરફથી)

અભ્યાસીઓ અને લેખકોને ભાગ લેવા નિમંત્રણ છે.

વૃષં ૬૦ રાજ્ય કીધુ. સંવત ૮૬૨ વર્ષે ચાઉડુ યોગરાજ વૃષં ૧૦ રાજ્ય કીધ. સંવત ૮૭૨ વર્ષે શ્રાવણ સુધ ૧ દિને ચાઉડુ રત્નાદીત્ય વર્ષ ૩ રાજ્ય કીધુ. સંવત ૮૭૫ વર્ષે વીરસ્યંહ રાજાઈ વર્ષ ૧૧ કીધ્રૂ. સં. ૮૮૬ વર્ષે ષીમરાજાઈ વર્ષ ૨૯ રાજ્ય કીધ્રૂ. સં. ૯૧૫ વર્ષે રાજા ચાંમૂડિ વૃષં ૨૪ રાજ કીધ્રૂ. સં. ૯૩૮ રાજા ઉધડિ વર્ષ ૨૮ રાજ્ય કીધ્રૂ. સંવત ૯૬૫ રાજા ભૂયણિ વર્ષ ૨૮ રાજ્ય કીધુ. એવંકારિ પા[ટ]ણિ ૮ રાજા ચાઉડા હૂઆ. હવિ ચાઉડા પાસિથી મારી સોલંકીએ લીધ્રૂ.

હવિ સોલંકી રાજા કહીઇ. સં. ૯૯૩ મૂલરાજ રાજ્ય બિઠા, વર્ષ ૪૦ રાજ્ય કીધ્રૂ. સં. ૧૦[૦]૬ વર્ષે માસ ૬ વલભઈ રાજ કીધ્રૂ. સં. ૧૦[૦]૬ વર્ષે વર્ષ ૨૩ રાજા દુર્લભિ રાજ્ય કીધુ. સં. ૧૦૨૯ ન્યાંનગસુત ભીમઈ વર્ષ ૪૨ રાજ્ય કીધ્રુ. સં. ૧૦૭૨ શ્રીકર્ણિ વર્ષ ૩૦ રાજ્ય કીધુ. શ્રીકર્ણિનિ પાટિ લ્હુહુડુ ભાઈ કાંહાનડદે પાટય બિઠા, વર્ષ ૫૦ રાજ્ય કીધ્રૂ. સં. ૧૧[૫૫] વર્ષે શ્રાવણ સુદિ ૩ દને સીધ્ધરા જેસંગદે હૂઉ, વર્ષ ૬૦ રાજ્ય કીધ્રૂ જેણિ સહિસલંગ ષણાવૂ. તલાવ મોહણસરિ ષણાવૂં. જેણિ રુદ્રમાલ કરાવું. તેહનિ વરસ ૫૬૪ થઆં. સં. ૧૨૧૫ કુમારપાલ હૂઉ. વર્ષ ૪૧ રાજ્ય કીધ્રૂ. સં. ૧૨૫૭ અજયપાલિદે વર્ષ ૧૩ રાજ્ય કીધ્રૂ. સં. ૧૨૭૦ વાલ્રુ મૂલરાજ્ય વર્ષ ૧૨ રાજ્ય કીધુ. સંવત ૧૨૮૩ ભોલુ ભીમદે વર્ષ ૧૫ રાજ્ય કીધ્રૂ.

વાઘેલા રાજા કહીઈ. સંવત ૧૨૯૮ વડુ રા વીસલદે રાજા હૂઉ. તેહનિ ઘરિ તેજપાલ વસ્તપાલ પ્રધાન હૂઆ, અઢાર રાય તાંણે જાણીતા હૂઆ, વર્ષ ૨૦ રાજ્ય કીધ્રૂ. સંવત ૧૩૧૯ વર્ષે અર્જનદે વર્ષ ૨૫ રાજ્ય કીધ્રૂ. સં. ૧૩૪૪ સારંગદે વર્ષ ૨૨ રાજ્ય કીધ્રૂ. સં. ૧૩૬૬ રાજા દેર્ણક વર્ષ ૧૧ માસ ૭ દિન ૩ રાજ્ય કીધ્રૂ. તેહનિ માધવ કેસવ પ્રધાન હતા, નાગર બ્રાહ્મણ હતા. ઢીલી થકી તરકાંણુ પાટણિ આણુ, સલતાંન અલાવદીનનૂ કટક લાવા, મજલ મજલ બે બ લાષ ટંકા આપી કટક આંણુ, ગૂજરાતિ થકી હીંદ્રનૂ રાજ્ય નીગમૂ, સં. ૧૩૭૭ ગૂજરાતિ તરકાંણુ આણુ પ્રથમ થાંણિ દફતરષાંન આવુ. તેણિ વર્ષ ૪૦ રાજ્ય કીધ્રૂ. સં. ૧૪૧૮ ઠાકુર તતારષાંન હૂઉ. વર્ષ ૨૫ રાજ્ય કીધ્રૂ. સં. ૧૪૪૪ સુલતાણ મદાફર વર્ષ ૧૮ રાજ્ય કીધ્રૂ. સં. ૧૪૬૨ વર્ષે પાતસાહા અહિમૂદિ વર્ષ ૩૨ માસ ૭ દિન ૩ રાજ્ય કીધ્રૂ. જેણિ શ્રીનગર અમદાવાદ વાસૂ. સંવત ૧૪૭૦ વર્ષે માઘ વદિ ૫ ગુરુ ઘટી ૩ દાઢિ ચઢતિ વાસૂ. અહિમદનગર વાસૂ. સં. ૧૪૯૩ વર્ષે પાતસાહા શ્રી મેહિમૂદિ વર્ષ ૧૨ રાજ્ય કીધ્રૂ. સં. ૧૫૦૪ વર્ષે પાતસહા કતબદીન વર્ષ ૧૦ માસ ૯ દિન ૬ રાજ્ય કીધ્રૂ. સં. ૧૫૧૫ વર્ષે સલતાન દાઉદસાહ દિન ૧૦ કીધ્રૂ. સં. ૧૫૧૫ વર્ષે માઘ સુદિ ૧૨ દિને પાતસાહા શ્રીમહિમૂદ વર્ષ ૫૨ રાજ્ય કીધ્રૂ, જેણિ મહિમદાવાદ વાસૂ. જેણિ જૂનુગઢ લીધુ, જેણિ પાવુ લીધ્રૂ. સં. ૧૫૬૬ પાવસાહા શ્રીમૂદાફર વર્ષ ૧૬ માસ ૭ રાજ્ય કીધ્રૂ. સં. ૧૫૮૨ વર્ષે ચૈત્ર સુદિ ૩ દિને પાતસાહા સુકંદર દિન ૭૭ રાજ્ય કીધ્રૂ સં. ૧૫૮૨ વર્ષે જેષ્ટ વદિ ૫ દિને પાતસાહા શ્રીમહિમૂદિ દિન રાજ્ય કીધ્રૂ. સં. ૧૫૮૩ વર્ષે શ્રાવણ શુદિ ૮ દને પાતસાહા શ્રીબાહાદર વર્ષ ૧૦ માસ ૧૦ દિન ૧૧ રાજ્ય કીધ્રૂ. સંવત ૧૫૯૪ વર્ષે આસાઢ સુદિ ૫ દિનિ પાતસાહા શ્રીમહિમૂદ વર્ષ ૧૪ માસ ૮ દિન ૧૨ રાજ્ય કીધ્રૂ. સં. ૧૬૧૦ વર્ષે ફાગણ વદિ ૩ દિને પાતસાહા શ્રીઅહિમૂદિ પીલોદર ગામથી આંણી બિસારો. તેણિ વર્ષ ૭ માસ ૩ રાજ્ય કીધ્રૂ. સં. ૧૬૧૮ વર્ષે આષાઢ વદિ ૫ દિને પાતસાહા શ્રી જિવંત વધમાનવર્તિ શ્રીમદાફર પાટે બઠા, તિવાર કેડિ સં. ૧૬૨૯ વર્ષે માગશીર સુદિ ૫ દિને મૂગલ પાતસાહા અકબરનૂ કટક અહ્મદાવાદિ ગૂજરાતિ આવિઉ. ભોગ્ય પાડી ગૂજરાતી પાતસાહા બંદિ પડી આગરિ લેઈ ગાયા. મોટા ષાંન ઊબરા બિંદ પાડયા. ગાંમિ ગાંમિ ગઢ ઘાલ્યા, હીંદૂ રાજ ટાગ્યૂ, કુંભલમેર લીધ્રૂ, ઈડરગઢ લીધુ. સં. ૧૬૬૧વર્ષે પાતસાહા શ્રીસલેમસાહા પાટિ બિઠા અકબરનિ પાટ. વર્ષ ૨૩ દલીઇ રાજ્ય કીધ્રૂ. સલેમસાહિ રાજ્ય કીધ્રૂ. ત્યાહાર પૂઠિ સં. ૧૬૮૪ વર્ષે કાર્તક શુદિ ૪ રવૈ પાતસાહા શ્રીશાહાઝાહા રાજ્યપ્રવર્તં તે :।।

(પથિકા) —કેશવરામ કા. શાસ્ત્રી

કોડી

કોડી આમ તો દરિયાઈ જીવના શરીરનું કોટલું જ છે અને હજી હમણાં સુધી આપણાં બજારોમાં સહજ પ્રાપ્ય હોવાને કારણે તદ્દન તુચ્છ વસ્તુઓમાં એની ગણના થતી ને બાળકો એનાથી રમતાં. પણ હવે એ ઓછી દેખાય છે. એક સમયે ચલણ તરીકે તેનો બહોળો ઉપયોગ થતો હતો. આફ્રિકાના વનવાસીઓ એનાં ઘરેણાં બનાવી પહેરતા. યુરોપના વેપારીઓ કોડીઓ આપીને એમની પાસેથી હાથીદાંત જેવી કિંમતી ચીજો મેળવતા. હજી ગઈ સદીના અંત સુધી આપણા દેશમાં પણ ચલણ તરીકે એ વપરાતી ને એક (જૂના) પૈસા બરાબર ૧૬ કોડીની તેની કિંમત ગણાતી. મજૂરોને પણ કોડીઓમાં વળતર મળતું જે અમુક સંખ્યામાં એકઠી થતાં બદલીને તેને ૬૪ કોડીના એક આના લેખે રોકડ નાણું અપાતું. સમય અને સ્થળ ભેદે તેની અલગઅલગ કિંમત અંકાતી અને વેપારીઓ તેનો લાભ લઈ કમાણી કરતા.

નાણાં તરીકે એની કિંમત ક્ષુલ્લક હતી એ પરથી આપણે ત્યાં તુચ્છકારનો ભાવ દર્શાવવા કોડીનો ઉલ્લેખ થતો, જે હજી યે ઘણી કહેવતોમાં જળવાઈ રહ્યો છે. ગામડાંમાં હજી યે કોડીની માળા ને કોડી જડેલાં રમકડાં મળી આવે છે. પરણીને ઘેર આવેલાં વરઘોડિયાંને હજી યે ગણપતિ સમક્ષ 'કોડી-કરડા' રમાડાય છે. ગામડામાં હજી યે નાનાં બાળકોને કોડીની માળા પહેરાવાય છે. અને અનેક ગૌણ દેવમૂર્તિઓમાં આંખોને સ્થાને ઘસીને કોડી બેસાડેલી જોવા મળે છે. પગ પાકે ત્યારે કેટલાક લોકો ટુચકા તરીકે કાળી ઊનના દોરામાં કોડી પરોવી પગે બાંધે છે.

કદ, રંગ અને આકારના વૈવિધ્યવાળી કોડીની સંખ્યાબંધ જાત છે. ખાસ કરીને હિંદી અને પ્રશાંત મહાસાગરના પ્રદેશોની કંઠારે એ પુષ્કળ મળે છે. વૈવિધ્યને કારણે ઘણા એનો સંગ્રહ પણ કરે છે જેમાં ટચલી આંગળીના વેઢાથી માંડી ટેબલ પર પેપર વેઈટ તરીકે વાપરવા જેવડા મોટા કોડા સુધીની વિવિધતા જોવા મળે છે. જો કે કોડી બહુ કિંમતી ગણાતી નથી પણ તેની અમુક જાત અલ્પપ્રાપ્ય હોઈ મૂલ્યવાન લેખાય છે.

અજીર્ણ, બરોળ અને પેટનાં દર્દોમાં આયુર્વેદિક ઔષધ તરીકે કપર્દિકા ભસ્મ નામે ઓળખાતી ભસ્મ કોડીની જ છે. કોડીને લીંબુના રસમાં પલાળી ફૂલડીમાં પુટ આપીને તે બનાવાય છે.

ભારતીય સંસ્કારોનું મૂળ ક્યાં?

અંગ્રેજી ઇતિહાસકારો અને પશ્ચિમી ઇતિહાસવિદોની અસર હેઠળ લખાએલા ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના ગ્રંથો લગભગ બહુમતીએ

એવું નિદર્શતા હતા કે ભારતની વર્તમાન સંસ્કૃતિનો આરંભ આર્યોના આગમન સાથે થયો, અને આર્યો યુરોપથી આવ્યા હોઈ એનું મૂળ યુરોપમાં છે. આમ ઊગતા સૂર્યને પૂજવાની મનોવૃત્તિ ભારતીય ઇતિહાસના લેખનમાં વીસમી સદીની બીજી પચીસીના આરંભ સુધી ટકી રહી. પરન્તુ સિંધુ નદીના કિનારે થએલી શોધખોળથી સ્પષ્ટ થયું કે આર્યોના ભારતાગમન પૂર્વે પણ અતિ વિકસિત એવી એક સસ્કૃતિ (જેને હડપ્પા કે મોહેંજો દડોની સંસ્કૃતિ પણ કહે છે) અસ્તિત્વમાં હતી. ત્યારથી એટલે કે છેલ્લા ચારેક દાયકાથી લખાતા ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનો આરંભ સિંધુ સંસ્કૃતિથી નિર્દેશાતો આવ્યો છે.

પરન્તુ ભારતીય સંસ્કૃતિનું મૂળ સિંધુથી ય પહેલાં અસ્તિત્વમાં હતું એવી શોધ-સ્પષ્ટતા ગયા વર્ષના અંતિમ દિવસો દરમિયાન ચંડીગઢમાં ભરાએલા અખિલ ભારતીય ઇતિહાસ પરિષદના અધિવેશનના 'પ્રાચીન ઇતિહાસ વિભાગ'ના પ્રમુખીય ભાષણમાં પ્રોફેસર એલ. બી. કેનીએ કરી. એમના મતાનુસાર પ્રાગૈતિહાસિક શિકારી યુગમાં અર્થાત્ આજથી અઢી લાખ વર્ષ પૂર્વે આપણા દેશમાં માનવનો આવિર્ભાવ થઈ ગયો હતો. સમકાલીન અન્ય પ્રાણીઓ જેવું ભારતના માનવીનું જીવન હતું, એટલે કે એમના જીવનનું મુખ્ય કાર્ય અનાજ મેળવવાનું હતું. પરન્તુ હથિયારના ઉપયોગે માનવીને અન્ય પ્રાણીઓની સરખામણીએ વિશેષ સફળતા અપાવી. ભારતના આ પ્રારંભિક માનવોનાં હથિયારો યુરોપ, આફ્રિકા, જાવા અને ચીનના આરંભના માનવીઓના જેવાં હતાં.

પ્રો. કેનીએ જણાવ્યા અનુસાર આજે પણ ભારતમાં એવાં કેટલાંક આદિવાસી જૂથો છે, જેમના વર્તમાન રીતરિવાજો પ્રાગૈતિહાસિક રીતરિવાજો જેવા છે. પ્રાગૈતિહાસિક યુગનાં ઘણાં લક્ષણો હજી આદિવાસી જૂથોએ અશ્મીભૂત પ્રકારે પણ સાચવી રાખ્યાં છે.

પ્રો. કેનીના મત મુજબ પૂર્વજ-પૂજા (શ્રાદ્ધ), animism, મરણોત્તર જિંદગીની માન્યતા વગેરે લક્ષણો પ્રારંભિક વિચારોમાં મોજૂદ હતાં. અગ્નિ ઉપર ચાલવાની વર્તમાન પ્રથા પણ પ્રાગૈતિહાસિક છે.

(નિરીક્ષક) —રમેશ જમીનદાર

ℂ મેનહટ્ટન (કેન્સાસ)ના ત્રણ કેમિકલ ઈજનેરોએ કાગળની પસ્તી અને માથાના વાળમાંથી કૉન્ક્રીટ જેટલું મજબુત અને કુદરતી લાકડા જેવું દેખાતું પ્લાસ્ટિક બનાવ્યું છે. લાકડા પેઠે એને સરળતાથી વિવિધ આકાર આપી શકાતા હોઈ ફર્નિચર માટે એ વાપરી શકાશે.

પરદેશનાં પત્રમિત્રો

દરેક નામ-સરનામા પછી કૌંસમાં પ્રથમ જાતિ (F=સ્ત્રી, M=પુરુષ) વય અને શૉખના વિષયો દર્શાવ્યા છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો.

(1) Kamini Shibnath, Manilal Doctor Street, Trefles, Standley, Rose-Hill, Mauritius (F-16, Stamps, view-cards, swimming, cycling). (2) Vanja Suely B. Moreno, Monsenhor Otavis de Castro No 213, Bairro de Fatima, Ceara Brazil (F-17, Travel, dancing, reading, sport, photography). (3) Michaela Gutschi, A-8552 Eibiswald, Haider 44, Austria (F-17, Sport, music, reading). (4) Tina Tam, 9th Floor, 336 Shun Ning Road, Wanohai, Hong Kong (F-22, Stamps, postcards, cinema). (5) James Tawiah, Tarkwa Secondery School, P. O Box 47, Tarkwa, Ghana (M-16, General interests). (6) Evon Zoozoot, Kafar Elyabu, Gadara, Israel (M-17, Drawing, music). (7) Latif Swidan, Et-Eramshi, Western Galilee, Israel (M-21, General interests). (8) Sunny O. Okiji, Massey Street Children's Hospital, Lagos, Nigeria (M-19, Reading, football). (9) Gregory W. Mohn, 3920 Schiller Place, St. Louis, Missoura 63116 U. S. A. (M-25, Photography, sprots, travel, art, literature, music). (10) Ignatius Abwoli Rwabuku, P. O Box 179, Fort Portal, St. Mary's Seminary, Uganda (M-19, Science, literature, photography). (11) Steven Lee, 16/F, 12 Sik On Street, Wanchai, Hong Kong (M-18, Stamps, chess, photography). (12) Pavel Votava, Narcisova 6/2849, Praha 10, Zabehlice, Czechoslovakia (M-28, General interests). (ચાલુ)

ℂ દરિયામાં પાથરેલી સુરંગો ખસેડવા માટે બ્રિટનના શાહી નૌકાદળમાં ૫૦૦ ટનનું એક નવું જહાજ 'એચ. એમ. એસ. વિલ્ટન' જોડાઈ રહ્યું છે. ૧૫૩ ફીટ લાંબા આ નવા જહાજની વિશિષ્ટતા એ છે કે એ અત્યારસુધીનાં દુનિયાભરનાં પ્લાસ્ટિકનાં બનેલાં જહાજોમાં મોટામાં મોટું છે.


આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૧. પશ્ચિમના કેટલાક દેશોમાં એક સુશોભિત સ્તંભની આસપાસ નાચગાન વગેરે સાથે આ દિવસે ઉત્સવ ઊજવાય છે. ઈ. ૧૮૮૯થી પહેલી મેના દિવસે આંતરરાષ્ટ્રીય મજૂર દિન તરીકે રજા પળાય છે. ઈ. ૧૮૭૬માં ઈંગ્લૅન્ડનાં રાણી વિક્ટોરિયાને આ દિવસે હિંદુસ્તાનની સામ્રાજ્ઞી બનાવવામાં આવ્યાં હતાં. એમનો જન્મ પણ ઈ. ૧૮૧૯ના આ જ માસની ૨૪મી તારીખે થએલો. ચૌદ વર્ષ પૂર્વે દ્વિભાષી મુંબાઈ રાજ્યથી અલગ પડી ગુજરાતનું નવું રાજ્ય રચાયાનો દિવસ.

તા. ૭/૧૯૧૫ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ૧૨૫૫ પ્રવાસીઓ અને ૬૫૧ જહાજીઓ સાથે અમેરિકાથી આવી રહેલી એ સમયની મોટામાં મોટી સ્ટીમરોમાંની એક બ્રિટિશ સ્ટીમર લ્યૂઝિટેનિયા પર જર્મન સબમરીને બે ટૉર્પિડો છોડી કેવળ વીસ જ મિનિટમાં એને ડુબાડી દીધી. તેમાં ૧૧૯૮ જણ મરી ગએલા. ઈ. ૧૯૦૯માં એને ઉત્કૃષ્ટ જહાજ તરીકે બ્લ્યૂ રિબનનું માન મળ્યું હતું.

આ પછી બીજે વર્ષે (૧૯૧૬માં) આ જ માસની **૩૧**મી તારીખનું અંગ્રેજો અને જર્મનો વચ્ચેનું સાગરયુદ્ધ પણ પહેલા વિશ્વયુદ્ધનો એક યાદગાર બનાવ છે. એ દિવસે બપોરે આ બંને પક્ષની યુદ્ધનૌકાઓ સામસામી ભેખડાઈ ગઈ, અને એમાં બે બ્રિટિશ ક્રુઝર નાશ પામી. સાંજ થતાંમાં તો બંને પક્ષે વધુ કુમક આવી ગઈ, પણ તેમાં હજી જંગી યુદ્ધજહાજો પૂરેપૂરાં મેદાનમાં ઊતરેલાં નહિ, છતાં જર્મન પક્ષે સારી પેઠે ખુવારી થઈ જ્યારે નાનાં જહાજોના સામનામાં અંગ્રેજોને વેઠવું પડેલું. રાત પડતાં નવેસરથી વધુ ભારે હુમલાની તૈયારી માટે બ્રિટિશ જહાજો ખસી ગયાં. રાતભર સામસામી ટૉર્પિડોની મારામારી ચાલતી રહી પણ સવાર પડતાં ખબર પડી કે જર્મનીનાં ઘણાં જહાજો પોતાના રક્ષણાત્મક ક્ષેત્રમાં છટકી ગયાં હતાં. આ ખૂનખાર સાગરયુદ્ધમાં અમલદારો સહિત બ્રિટનના કુલ ૬૪૪૭ જણ માર્યા ગએલા ને ૫૬૪ ઘાયલ થએલા, જ્યારે ૨૫૮૬ જર્મનો માર્યા ગયા ને ૪૯૦ ઘાયલ થએલા. સરખામણીમાં બ્રિટિશરોની ખુવારી મોટી હતી, પણ ત્યાર બાદ સપાટી પરનાં નૌકાયુદ્ધોમાં બ્રિટિશોએ છેક એ વિશ્વયુદ્ધના અંત સુધી જર્મનીને હંફાવેલું.

સાગરયુદ્ધમાં આવો જ એક જોરદાર ફટકો બીજા વિશ્વયુદ્ધમાં પણ બ્રિટિશોએ જર્મનીને મારેલો. ઈ. ૧૯૪૧ની **૨૨મી મે** એ ચોકિયાત વિમાનોએ નૉર્વે નજીકના સાગરમાં એક ગંજાવર યુદ્ધજહાજને જતું જોયું. એ જહાજ હતું જર્મનીનું વિખ્યાત 'બિસ્માર્ક'. એના ખબર મળતાં જ સ્કૅપા ફ્લૉમાંથી લેફ. કર્નલ ટૉમસ એસ્મૉન્ડના નેતૃત્વમાં સૉર્ડફિશ ટૉર્પિડો બૉમ્બર સાથેના વિમાનવાહક જહાજ 'વિક્ટોરિયસ' સાથેનો એક કાફલો 'બિસ્માર્ક'ને પકડવા ઊપડ્યો. બીજે દિવસે **૨૩** મીમે એ 'સફૉક' અને 'નૉર્ફૉક' નામની બે ક્રુઝરે બિસ્માર્કને જોયું. એનો સામનો કરવાની તો એ ક્રુઝરોમાં શક્તિ નહોતી એટલે એમણે ગંજાવર યુદ્ધજહાજ 'હૂડ' તથા એવા જ જંગી જહાજ 'પ્રિન્સ ઑવ વેલ્સ'ને તેની જાણ કરી. એ બંનેએ બિસ્માર્કનો પીછો પકડ્યો. અને બીજે દિવસે ૨૪મી તારીખે બિસ્માર્કને ખોળી કાઢ્યું. સામસામી ગોલંદાજી ચાલી અને બ્રિટિશોના એ સમયના મોટામાં મોટા ગણાતા યુદ્ધજહાજ હૂડને બિસ્માર્કે ઉડાડી મૂક્યું. હૂડ બિસ્માર્કની બરોબરીનું જંગી જહાજ હતું પણ બિસ્માર્ક કરતાં એ ઘણું જૂનું હતું. પ્રિન્સ ઑવ વેલ્સને પણ બિસ્માર્કે ઘાયલ કર્યું. હુમલો કરીને ઝડપથી નાસી જવાની બિસ્માર્કની શક્તિ અજબ હતી. એ લગભગ અડૂબ જહાજ ગણાતું હતું. એસ્મૉન્ડને બિસ્માર્કની શક્તિનો પૂરો ખયાલ હતો. ટૉર્પિડોના સીધા મારાથી એ ડૂબે તેમ નહોતું અને એ યે પોતાની શક્તિ બહારની વાત હતી એની પણ એને ખબર હતી. બિસ્માર્કની ઝડપને બ્રિટિશ જહાજો આંબી શકે તેમ પણ નહોતાં. પણ જો હવામાંથી ટૉર્પિડો છોડી શક્ય એટલું વધુ નુકસાન કરી એની ગતિને ઘટાડી શકાય તો અન્ય મોટી બ્રિટિશ યુદ્ધનૌકાઓ એને આંબી જઈ બાકીનું કામ કદાચ પતાવી શકે એવી એણે ગણતરી કરીને સાહસ ખેડ્યું. બિસ્માર્ક પરથી થતી કાતીલ અને ભારે ગોલંદાજી વચ્ચે યે એણે બિસ્માર્ક પર હવામાંથી ટૉર્પિડોના માર દ્વારા એને ઘાયલ કરી એની ઝડપ ઘટાડી નાખી. આમ, ધીરા પડેલા બિસ્માર્કનો ૨૦૦૦ માઈલ સુધી પીછો કરીને અંતે ૨૭મી મે એ 'કિંગ જ્યૉર્જ ફિફ્થ', 'રોડની' અને 'ડોરસેટશાયર' નામના બ્રિટિશ જહાજોએ બિસ્માર્કને ઘેરી લઈ અંતે 'હૂડ'નું વેર વાળ્યું.



બિસ્માર્ક પર ગોલંદાજી

બીજા વિશ્વયુદ્ધના સંદર્ભમાં આ મે માસની બીજી તારીખો પણ યાદગાર છે. છેક ઈ. ૧૯૩૨ના મે માસમાં વિન્સ્ટન ચર્ચિલે નાઝીઓના ઉદયને યુરોપ માટે ભયરૂપ હોવાની ચેતવણી ઉચ્ચારેલી, પણ ત્યારે ખરી ગંભીરતા કોઈને સમજાઈ નહોતી. અંતે હિટલરે હૉઈનલૅન્ડ દબાવીને ઑસ્ટ્રીઆ ને ચેકોસ્લોવેકિયા પર પંજો ઉગામ્યો ત્યારે બ્રિટનના યુદ્ધભીરુ વડાપ્રધાન ચૅમ્બરલેઈને ઈ. ૧૯૩૯માં એની સાથે મ્યુનિખ કરારો કર્યા. પણ ચર્ચિલની માન્યતા પ્રમાણે એ પોકળ નીવડ્યા. હિટલરે પોલૅન્ડ પાડીને નૉર્વે પર આક્રમણ કર્યું ત્યારે બ્રિટનની આંખ ઊઘડી. ચૅમ્બરલેઈનની નીતિનો ઉગ્ર વિરોધ થયો ને પરિણામે ઈ. ૧૯૪૦ની ૧૦મી મેએ એણે પોતાના પદનું રાજીનામું આપ્યું. (આ વડાપ્રધાન પદે પણ એ ઈ. ૧૯૩૭ની ૨૮મી મે એ જ આવેલા.) આ પછી એ પદ ચર્ચિલને સોંપાયું અને એણે બાહોશીથી અમેરિકા અને રશિયનો સાથ મેળવી અજબ હિંમતપૂર્વક યુદ્ધગ્રસ્ત બ્રિટનના ગૌરવને ટકાવી રાખ્યું એટલું જ નહિ, એને વિજયી પણ બનાવ્યું. ઈ. ૧૯૪૩ની ૧૯મી મેએ આફ્રિકાના મોરચે યુદ્ધનો અંત આવ્યો. ૨જી મે (૧૯૪૫)ના રોજ બર્લિન શરણે આવ્યું. ૭મીએ જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી ને ૮મીએ જર્મનીનાં સશસ્ત્રદળો શરણે આવતાં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું.

તા. ૧૫/૧૯૧૮ યુ. એસ. એ.માં દુનિયાની પહેલી 'હવાઈ ડાક'નો પ્રારંભ થયો. એ તો સૌને ખબર હશે કે દુનિયાની પહેલી ટપાલટિકિટ પણ આ જ માસની ૬ઠ્ઠી તારીખે ઈ. ૧૮૪૦માં બ્રિટને બહાર પાડેલી.

તા. ૧૭/૧૯૦૦ ટ્રાન્સવાલના વિગ્રહમાં સાત માસના ભીષણ ઘેરામાંથી માફેકિંગ નગરનો છુટકારો થયો. આ ઘેરા દરમિયાન ફિફ્થ ડ્રૅગૂન ગાર્ડસના લેફ. કર્નલ બેડન પૉવેલે માફેકિંગના યુવાનો મુક્તપણે લડી શકે એ સારુ શહેરના છોકરાઓને સંદેશાની આપલે ને ઘાયલોની સારવાર જેવાં કાર્યોમાં ઉપયોગમાં લીધેલા. આગળ જતાં એણે આ ખયાલને વિકસાવીને સ્કાઉટની પ્રવૃત્તિ ચાલુ કરી જે પછી તો દુનિયાભરમાં પ્રસરી ગઈ.


તા. ૨૦/૧૫૦૬ ક્રિસ્ટોફર કોલંબસનું અવસાન. ઈ. ૧૪૯૪માં આ જ માસની ૩જી તારીખે એણે 'ક્ઝાઈમાકા' (=પાણી અને લાકડાની ભૂમિ) ટાપુ શોધ્યો હતો, જે આગળ જતાં 'જમાઈકા' નામે ઓળખાતો થયો. અને આ કોલંબસની જેમ જ હિંદુસ્તાનનો જળમાર્ગ શોધવા નીકળેલો પોર્ટુગિઝ નાવિક વાસ્કો ડા ગામા સફળતા પામી ઈ. ૧૪૯૮માં આ જ માસની ૨૦મી તારીખે હિંદના કાલિકટ બંદરે પહોંચ્યો હતો.

શકતું ભરાયું દાંતમાં, કણું પડયું જો નેન,
વસ્ત્ર મહીં ડાઘોળિયું, (ત્રણે) લેવા દે ના ચેન.

એક જાહેર સંસ્થાના બે કાર્યકરો કશીક સલાહ લેવા ગાંધીજી પાસે સેવાગ્રામ ગએલા. યોગ્ય સલાહ લેવાઈ ગયા બાદ બંને જણા વિદાય લઈ ઊભા થતાં ગાંધીજીએ પૂછયું: 'તમે સંસ્થાના ખર્ચે જ અહીં આવ્યા હશો, નહિ?' જવાબ હકારમાં મળતાં ગાંધીજીએ કહ્યું: 'તો પછી તમારામાંથી એક જ જણ આવ્યો હોત તો ન ચાલત? જાહેર સંસ્થાનું નાણું આમ નકામું ખર્ચશો તો સંસ્થા શેં ચાલશે?'

ગણિતગમ્મત: કોઈ પણ સૈંકડા વિષે આ જાણવા જેવો ગણિતીય સંબંધ છે: કોઈ પણ સૈંકડાની આજુબાજુની બે રકમો લો. બંનેનો ગુણાકાર કરતાં જે સંખ્યા આવશે એમાં જમણી બાજુ નવના ચાર અંકો જ આવશે. એ ચાર અંકોને કાઢી નાખતાં બાકી વધે તેમાં એક ઉમેરશો તો જે સંખ્યાનો સૈંકડો હશે તે સંખ્યાનો વર્ગ જ આવશે. દા.ત. ૩ સંખ્યાનો સૈંકડો ૩૦૦ લીધો. આજુબાજુની રકમો ૨૯૯×૩૦૧=૮૯૯૯૯ ચાર નવનાં અંકો છેલ્લે આવ્યા; તેને કાઢી નાખતાં ૮; ૮+૧=૯=૩[2]

—નૌતમ વખારિયા



ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચશ્માં મૂકવાના ઘરને પેન્સિલની માફક ખિસ્સામાં ભેરવવાની ચાંપ બેસાડવાથી નીચા વળમાં તે પડી જઈ ચશ્માં ફૂટી જવાનો ભય રહેશે નહિ.



કલાકણિકા: કોઈ પણ કાળના કલાકૌશલની સ્પર્ધા કરી શકે એવું ઈ. સ. પૂર્વે ૬ઠ્ઠી સદીનું એક જલપાત્ર.

એક વર્ષમાં આંગળીના નખ ૨॥ ઇંચ અને માથાના વાળ ૧૬ ઈંચ લાંબા વધે છે.



મધ્ય યુરોપનું ટચુકડું લિખ્ટેન્સ્ટાઈન એવું રાષ્ટ્ર છે કે જ્યાં ગરીબી, બેકારી, લશ્કર કે આર્થિક તંગી નથી. કરભારણ પણ અત્યંત ઓછું છે; ને ત્યાંનો છેલ્લો સૈનિક આજથી ત્રીસેક વર્ષ પર મરી ગએલો—વૃદ્ધાવસ્થાથી, લડાઈમાં નહિ!

કહેવતોના અર્થ: 'નાતરાની જાનને જાનીવાસો ન હોય'. અમુક મર્યાદાઓ પાળીને કે સંજોગવશાત્ કશી ધામધૂમ વિના ઉકેલવાનાં કામોના સંદર્ભમાં વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ: **ધનંજય** = ધનને જીતી લેનાર–વિષ્ણુ; અર્જુન; અત્રિકુલનો એક ઋષિ; અર્જુનવૃક્ષ–સાદડનું ઝાડ; ચિત્રાનું ઝાડ; પુરાણમાં કદ્રુપુત્ર એક નાગ; ચાલુ મન્વંતરનો સોળમો વ્યાસ; જૈન સૂત્ર પ્રમાણે પખવાડિયાનો નવમો દિવસ.

સૌથી ફાસ્ટ બૉલરના બૉલનો વેગ કલાકના ૯૦ માઈલ હોય છે.

ગૂમડું પાકતું ન હોય તો કબૂતરની હગાર પાણી સાથે વાટી લગાડવાથી ૧૨ કલાકમાં ફાટી જાય છે. અખતરો કરી જોજો.

અથાણું


ઘોડદોડની શરતમાંથી પાછા વળતાં માર્ક ટ્વેઈનને શરતમાં બધું ગુમાવી બેઠેલો એક મિત્ર મળ્યો. એણે ટ્વેઈનને પોતાની વળતી સફરની ટ્રેન ટિકિટ લેવાની વિનંતી કરી. ટ્વેઇને કહ્યું: 'હું પણ ખાલી થઈ ગયો છું. પણ તું મારી બેઠક નીચે મારા પગ આડે છુપાઈ રહેજે.'

પણ ટ્વેઈન છૂપી રીતે બે ટિકિટ કઢાવી લાવ્યો, મિત્ર તો બેઠક નીચે સંતાઈ બેઠો. થોડી વારે ટિકિટ ચેકર આવ્યો તેને ટ્વેઈને બે ટિકિટ આપી. ચેકરે પૂછયું: 'આ બીજી ટિકિટ કોની?' ટ્વેઈને ઠાવકાઇથી કહ્યું: 'એ મારા મિત્રની છે. એ જરા ચક્રમ છે, અને ટ્રેઈનમાં બેઠક નીચે ભરાઈને જ મુસાફરી કરવાનો એને શૉખ છે!'

નેતા-પ્રશસ્તિ

· અનુષ્ટુપ ·

સત્તાસિંહ તણું ચર્મ
ઓઢયું–નો'ઢયું જ બે ઘડી,
ભાષી ખુલ્લો કર્યો
મર્મ આ–ખરે નટનાગરે!
(ન. પ્ર. બુચ)



કેટલીક વ્યાખ્યાઓ

ઇંટ = કોઈ પણ ભીંતનો છૂટક ભૂતકાળ.
માનપત્ર = ગુણવાચક વિશેષણ ગોખવાનો પાઠ.
હૉસ્પિટલ = ઘણા માણસોને એકસાથે કણસવાની જગ્યા.
ભૂતપૂર્વ = સત્તા પરથી વિદાય થતી વેળા પ્રધાનશ્રીને ભેટ મળતું વિશેષણ.
પ્રાથમિક સારવાર = મહેમાનને ઘરમાં ધરવામાં આવતો પાણીનો પ્યાલો.
પૈસા = બીજાની તિજોરીમાં વધારેમાં વધારે હોવાની શંકા જન્માવતું દ્રવ્ય.
સમય = ઘડિયાળ બગડી ગઈ છે કે બરાબર ચાલે છે તે જાણવાનું અદૃશ્ય સાધન.
રસ્તો = ગાય-કૂતરાંને બેસવાની, વાહનને દોડવાની અને માણસને નહિ ચાલવાની જગ્યા.

રતિલાલ 'અનિલ'